પ્રકાશિકા

ખબરદાર

પ્રકાશિકા

રચનાર

અરદેશર ફરામજી ખબરદાર

કર્ત્તા, "કાવ્યરસિકા" તથા "વિલાસિકા"

મુંબઈ

ટી. ડી. અંકલેસરીઆ સન્સ

ફૉર્ટ પ્રિંટિંગ પ્રેસ

સંવત ૧૯૬૪ ઇ૦ સ૦ ૧૯૦૮

PRAKÂSHIKÂ

A COLLECTION OF

Lyrics and Songs

IN GUJARATI

BY

ARDESHIR FRAMJI KHABARDAR

Author of "KÂVYA RASIKÂ" and "VILÂSIKÂ"

Bombay

T. D. ANKLESARIA Sons

FORT PRINTING PRESS

1908

મ્હારી

ભારતમાતાના

અમરપુત્રોને ચરણે

TO

The Immortal Sons

OF

INDIA

MY MOTHERLAND

પ્રસ્તાવના

સ્વર્ગીય સ્નેહ ઝીલતા વસંતકાલમાં પ્રભાતે ન્હાનાં મ્હોટાં પક્ષીઓના વૃક્ષે વૃક્ષે અને ડાળે ડાળેથી જાડા કે ઝીણા, કઠોર કે કોમલ, મંદ કે ઉન્નત, કટુ કે મધુરા સ્વરોનું સંવાદી ગાન રેલી રહી વસંતના પ્રાણને પ્રફુલ્લ કરે છે, તેવું અનેરૂં સુખસૌભાગ્ય ગુર્જરસાહિત્યની વાટિકામાં ઝળહળી રહેલું જોઈ કોણને આનંદ નહિ થાય? એ વાટિકાના સુખસૌભાગ્યને પ્રભાતના નવનવા રંગો જેવા પોતાના વિવિધ નવનવા સ્વરોથી બહલાવવા તથા તેમાં નૂતન પ્રાણ સ્ફુરવા અનેક પક્ષીઓ પોતાની કંઠબંસરી બજાવી રહ્યાં છે તેમાં એક રંક પક્ષી પણ પોતાનો નિર્બળ સૂર ભેળવી દઈ પોતાને કૃતાર્થ માને છે, કારણ ઊંચા તેવાજ નીચા સ્વરો પણ કુદરતના ગાનની અખંડ મૂર્ત્તિ ઊભી કરવા માટે આવશ્યક છે.

પરમાત્મા સ્નેહસ્વરૂપ છે તો એ સ્નેહના અતુલ રસનાં થોડાંક બિંદુઓના ગ્રાહક થયેલા બાલકે પ્રથમ

"રસિકા"ના ભુવનમાં પ્રવેશ કર્યાં પછી તેની વિલાસ-વાટિકા "વિલાસિકા"માં સંચાર કીધો હતો. હવે તે

સ્નેહજ્યોતિનો કાંઇક પ્રકાશ મેળવવા ભાગ્યશાળી થયો છે તો ગુર્જરકાવ્યસાહિત્યના મંદિરમાં તેની આ "પ્રકાશિકા" થી આરતી ઉતારતાં તે સત્ય જ કહે છે કે,

"પરમ રસવિલાસમાંય
ઉર પ્રકાશિકા પમાયઃ
અદલ જપું જાપો રે—જ્યોતિ આપો રે!"

ગુર્જરવાચકોના હસ્તમાં આ "પ્રકાશિકા" મૂકતાં તેનો કર્ત્તા બહુ આનંદ પામે છે અને જો તે પવિત્ર સ્નેહજ્યોતિની પિછાન કરાવવા એ કાંઇક અંશે સફળ થશે તો તે પોતાને કૃતકૃત્ય થયેલો માનશે.

આ પુસ્તકનાં ઘણાંખરાં બધાં કાવ્યો "વિલાસિકા" બહાર પડ્યા પછી રચાયેલાં છે અને એમાંનાં કેટલાંક તો જૂદે જૂદે પ્રસંગે પ્રસિદ્ધ ગુર્જરમાસિકોમાં છપાઇ ગયેલાં છે. "વિલાસિકા"માં જેમ કેટલાક નવીન છંદો દાખલ કર્યા હતા તેમ આ ગ્રંથમાં પણ વાચકને કેટલીક નવી ગરબીઓ તથા નવીન છંદનાં દર્શન થશે. બની શક્યું છે ત્યાં નીચે ટીપ્પણમાં એ નવીન રચનાની ચાલ જાણવા સુગમ થઇ પડે તેમ તેના સૂર પણ આપ્યા છે. વળી કેટલાંક સરલ

બાળગીતો પણ કેટલાક વિદ્વાન મિત્રોની સૂચનાથી આ સંગ્રહમાં દાખલ કીધેલાં છે. કાવ્યક્રમ સ્નેહના ઇંદ્રધનુષ્યવત્ જૂદા જૂદા રંગના સામ્ય પ્રમાણે રાખ્યો છે તે સુજ્ઞ વાચકને સહજ જણાઈ આવશે.

કવિતા એ **સ્ને**હજ્યોતિ **પ**રમાત્માનો મનુષ્યને મળેલો એક ઉત્તમ વારસો છે. કવિનું હૃદય તો માત્ર એ **સ્ને**હ-જ્યોતિનું સૂર્યવત્ એક અનુકૂળ વાહન છે. **પ**રમાત્મા ગુર્જર-પ્રજાને એવાં ઉત્તમોત્તમ વાહનો પૂરાં પાડી ગુર્જરસાહિત્યમાં **તે**ની પરમ સ્નેહપ્રભા અધિકાધિક રેલાવો! અસ્તુ!

અરદેશર ફરામજી ખબરદાર

દમણઃ માર્ચ ૨૦, ૧૯૦૮

અનુક્રમણિકા

મંગલ ૧

આમંત્રણ ૨

ફુલડાં... ... ... ૬

દૂરના સૂર... ... ... ૯

રજનીના ધ્વનિ ૧૨

એક સુંદર સાંઝે દમણગંગામાં વિહાર ૧૭

કોયલ બ્હેનાં ૨૨

વ્હાલાં ૨૫

બ્હેનને આંગણે ૨૭

હાલરડું ૩૦

નવરાજનાં વધામણાં ૩૨

બાલક ૩૬

માતા અને તેનું બળ ૩૮

લગ્નની ભેટ ૪૫
દિવ્ય રથ ૪૭
વિદાય ૫૧
વ્હાલાની વેણુ ૫૩
ગોપિકા ૫૬
ખરાઈ, અથવા મહત્ત્વની છાયા ૫૯
નવા વર્ષનો ઉપહાર ૬૨
અમારો દેશ ૬૩
ભરતભૂમિનું જયગીત ૬૭
ભરતસમાજની ભક્તિ ૭૧
હિન્દનો વિજયડંકો ૭૨
દેશભક્તની યાચના ૭૪
હલદીઘાટનું યુદ્ધ ૭૬
હિન્દના દાદાનું સ્વદેશાગમન ૮૭
સર ફિરોઝશાહ મહેતાનો વિજય ૯૨
એક સ્મરણ ૯૪
ગુર્જરીના અશ્રુપ્રવાહ ૯૭

બકરીનું બચ્ચું—(બાળગીત) ૧૦૭
વાંદરી—(બાળગીત) ૧૦૮
કૂકડો—(બાળગીત) ૧૦૯
પ્રભાતની ઈશ્વરસ્તુતિ—(બાળગીત) ૧૧૦
એક પ્રવાસ—(બાળગીત) ૧૧૧
બળદ—(બાળગીત) ૧૧૨
અટૂલી બાળા ૧૧૩
દશરથ અને શ્રવણવધ ૧૩૯
બંસરી ૧૫૮
વિયોગ ૧૬૦
સમુદ્રકિનારે ૧૬૬
યૌવન ૧૬૮
આંસુડાં ૧૭૦
નભગંગા ૧૭૬
ગુણવંતી ગુજરાત ૧૮૦

પ્રકાશિકા

મંગલ

(પદ રાગ સોરઠ)

ઓ અજર અમર રસધર હરિ હ્રદયજ્યોતિ આપો રે !

ઝગઝગ સહુ જગત થાય,
થળથળ વર કર ગુંથાય:
અકળ વિશ્વ વ્યાપો રે—જ્યોતિ આપો રે !-ઓ૦

ભુવન ભુવન ગહન ગાય,
જીવનવન ગુંજન મચાય:
પુનિત ગાન થાપો રે—જ્યોતિ આપો રે !-ઓ૦

નયન નયન ઘન ભરાય,
તિમિર મનગગન તણાય :
સકળ પડળ કાપો રે—જ્યોતિ આપો રે !-એ૦

અતુલ વિપુલ રસ રળાય,
અણુયઝરણુ ચરણુ વ્હાય :
અલખ લઉં અલાપો રે—જ્યોતિ આપો રે !-એ૦

પરમ રસવિલાસમાંય
ઉર પ્રકાશિકા પમાય :
અદલ જપું જાપો રે—જ્યોતિ આપો રે !

એ અજર અમર રસધર હરિ હૃદયજ્યોતિ આપો રે !

આમંત્રણ

(ગરબી)*

આવો, વ્હાલાં, આજ અમારે આંગણે!
છે આનંદભર્યાં આ અમ આવાસ જો!
અમ ઉજળા ઉરઆવાસ જો!
આત્મઉજાસ પૂર્યાં અંતરમણિમંડપે,
સુંદર સ્નેહકુસુમન વેર્યાં ચોપાસ જો!
આવો, વ્હાલાં, આજ અમારે આંગણે! ૧

ગુહ્ય અલૌકિક ઉડતી કો દેવીતણાં
ઝડપી લીધેલાં મોંઘાં અમ ગાન જો!
અમ અધુરાં[૧] મધુરાં ગાન જો!

* "ઓધવજી સંદેશો કહેજો શ્યામને"—એ ચાલ. પરંતુ ત્રીજી લીટી કાંઈક નવીનતાથી બેવડી છે. ૧. કવિતાની લાગણી એકદમ થઈ આવે છે અને કવિ તેને યથાયોગ્ય રૂપમાં મૂકવા જાય છે ત્યાં તેની છાપ ઝાંખી પડવા માંડે છે, એટલે કવિ એ લાગણીના સૂર અધુરા જ ઝડપી લઈ શકે છે.

સ્વર્ગે તેના ઝીલવાને રસિયાં આવજો,
હેજો તાલ ઊંડી ડૂબી રસતાન જો !
        આવો, વ્હાલાં, આજ અમારે આંગણે !   ૨

શોભાવ્યા ઇંદ્રે નિજ દ્વારકમાનમાં[1]
ઝળહળના ઊંડા શેરા બહુ રંગ જો !
        નવનવલા કંઈ રસરંગ જો !
એ રંગે કંઈ ચિતર્યાં છે અમ બારણાં,
જોતાં મ્હોય જગત એ જ્યોતિ સંગ જો !—
        આવો વ્હાલાં, આજ અમારે આંગણે !   ૩

કોમલ કમલ સરિખડાં અમ ઉરબારણાં
સંભાળે કંઈ રત્ન અલૌકિક માંહ્ય જો !
        કંઈ રત્ન અમોલાં માંહ્ય જો !
ધીરાં રે ધીરાં, વ્હાલાં, ઉઘાડજો !
સૂક્ષ્મ પ્રભા[2] રહેજે વેરાઈ જાય જો !
        આવો, વ્હાલાં, આજ અમારે આંગણે !   ૪

૧. મેઘધનુષ્યનો અહિં ધ્વનિ છે.   ૨. તેજ; રોશની.

આવો તો કંઇ કંઇ નવનવલું આપીશું :
અંતરમાં પૂરીશું અમ અમીધાર[1] જો:
અમ સ્નેહઝરણ અમીધાર જો!
નભ[2] ફેડી સુરવનમાં[3] પાર ઉડાવીશું :
આવો આવો, પ્રિય અમ કુંજનગાર જો!
આવો, વ્હાલાં, આજ અમારે આંગણે !
આવો, વ્હાલાં, રમ્ય અમારે આંગણે! ૫

૧. અમૃતની ધારા. ૨. આકાશ. ૩. સ્વર્ગના બાગમાં.

ફુલડાં

(ગરબી*)

મ્હારે માંડવડે પધારો મહારાજ,
ફુલડાં વીણિયે રે લોલ!
મ્હારે આંગણિયે પધારો રસરાજ,
ફુલડાં વીણિયે રે લોલ!—

(સાખી) માંડવડે વેરાયને, પડયાં અમોલાં ફૂલ;
સુરતન સમા પ્રસારતાં મધુર સુવાસ અતૂલ:

* આ નવી ગરબીની ચાલ બહુ મધુર છે અને તેના સૂર કાંઇક નીચે પ્રમાણે છે:—

મ્હા રે માં ડવ ડે પ ધા રો મ હા રા જ ફુ લ ડા વી ણિ યે રે લોલ

सा मा नी सा रि गु, रि म गु म रि, सा रि गु म, गु, रि सा गु रि सा मा

આમાં ની ખરજ છે તથા ગ બધા કોમળ છે; બીજા બધા સૂર શુદ્ધ છે. 'મહારાજ' માંનો 'રા' તથા 'વીણિયે' માંનો 'વી' એ બન્ને પ્લુત સ્વર છે.

કંચનકાય ધરો છબીલા મ્હારા રાજ,
ફૂલડાં વીણિયે રે લોલ:
ઝૂલે તોરણિયાં રસીલા મ્હારા રાજ,
ફૂલડાં વીણિયે રે લોલ!
મ્હારે માંડવડે પધારો મહારાજ,
ફૂલડાં વીણિયે રે લોલ! ૧

(સાખી) આંગણિયે અનુપમ પડે પરમ તાતનાં તેજ:
રૂડલાં ફૂલડાંમાં ભરે સુંદર શોભા એ જ:

હસનાં લોચનિયાં લોભાવો રંગરાજ,
ફૂલડાં વીણિયે રે લોલ:
મ્હારાં આંગણિયાં શોભાવો રંગરાજ,
ફૂલડાં વીણિયે રે લોલ!
મ્હારે માંડવડે પધારો મહારાજ,
ફૂલડાં વીણિયે રે લોલ! ૨

(સાખી) શીતળ સૌમ્ય સુધા સમી માંડવડાની છાય:
આંગણિયાં અજવાળવા, દોરો પાવન પાય:

પગલાંને રસિયાં ખેલાવો રૂડા રાજ,
ફુલડાં વીણિયે રે લોલ;
પગલે કુન્દનિયાં રેલાવો રૂડા રાજ,
ફુલડાં વીણિયે રે લોલ!
મ્હારે માંડવડે પધારો મહારાજ,
ફુલડાં વીણિયે રે લોલ! ૩

(સાખી) આંધેરી ખિડકી સરે રમતીલી શૉળી લ્હેર;
અર્મોકરમાં કર લઇ ગૂંથો ઉરઉરમણિની સેર!

હૈયાં ઉજ્જવલિયાં ઓપાવો ઉરરાજ,
ફુલડાં વીણિયે રે લોલ;
મ્હારાં આંગળિયાં દીપાવો ઉરરાજ,
ફુલડાં વીણિયે રે લોલ!
મ્હારે માંડવડે પધારો મહારાજ,
ફુલડાં વીણિયે રે લોલ! ૪

દૂરના સૂર

(ગરબી)*

સખિ, જો ! દૂર દૂરથી સંભળાય સ્વરો મુજ શ્યામના રે !
તે મુજ કામના રે.
સખિ જો૦

સન્ધ્યા સ્નેહભરી જે આવી,
નવનવલા રંગો કંઈ લાવી,
સન્દેશા મુજને કહેતી સુખધામના રે !
તે મુજ કામના રે.
સખિ જો૦ ૧

શ્યામ કેરો અર્મોદિશ સુહાવે,
મીઠડી નિજ બંસી બજાવે;
સ્વર તેના ઝીલે જન કામિકામના રે !
તે મુજ કામના રે.
સખિ જો૦ ૨

* "કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે," — એ ચાલ.

એ સ્વરની લગની છે લાગી,
ભવની ભારી ભાવટ[૧] ભાગી,
ગીતડાં ગાઉં એ વ્હાલા ગુણગ્રામનાં રે !
તે મુજ કામના રે.
સખિ જો૦ ૩

તારકદીપજ્યા[૨] આવાસે
શ્યામતણા એ સૂર પ્રકાશે:
ક્યારે હું એ સમજું મર્મ તમામના રે !
તે મુજ કામના રે.
સખિ જો૦ ૪

માનવના મંદિરમાં સરતા,
ડગલે ડગલે રસરસ ભરતા,
રેલંતા એ સૂર મધુર સુરધામના રે !
તે મુજ કામના રે.
સખિ જો૦ ૫

---

૧. ઉપાધિ; જંજાળ. ૨. તારારૂપી દીવાથી જડેલા.

સખિ ! ઉરમાં એ સૂર ઉતારૂં,
હૈયું ધબધબ ધબકે મ્હારૂં,
રાગ રચ્યું નવલા વ્હાલાના નામના રે !
તે મુજ કામના રે.
સખિ જો૦ ૬

સખિ ! સન્ધ્યા જો રંગ મચાવી,
એ સ્વરમાં નિજ ઉર સમાવી,
જોવા ચાલી દીવા દિવ્ય મુકામના રે.
તે મુજ કામના રે.
સખિ જો૦ ૭

એ સન્ધ્યા સંગે હું જાઉં,
શ્યામઉરે રસપૂર સમાઉં !
વ્હાલે સૂર સદા ઝીલું વિશ્રામના રે !
તે મુજ કામના રે.

સખિ, જો ! દૂર દૂરથી સંભળાય સ્વરો મુજ શ્યામના રે ! ૮

રજનીના ધ્વનિ

(માર્ચ છંદ)*

રજની ઊભી આભતીરે,[1]
સ્થળ સર્વ ભરે તિમિરે;[2]
વન આ સઘળું ગુંચવાઇ ગયું,
પડ્યું વાયસપીંછ[3] શિરે ! ૧

---

* આ નવીન છંદની ચાલ એક અંગ્રેજી “માર્ચ” (March)ના જેવી કાંઈક છે. સંગીતમાં એના સૂર કાંઈક નીચે પ્રમાણે છે:—

ર જ ની ઊ ભી આ ભ તી રે
सा सा म, म म ध, प प सा,
સ્થ ળ સ ર્વ ભ રે તિ મિ રે
सा सा म, म म ध, प म ध:
વ ન આ સ ઘ ળું ગું ચ વા ઈ ગ યું.
प ध नी, नी नी नी, ध प ध, ध ध ध,
પ ડ્યું વા ય સ પીં છ શિ રે
म म प, प प रि, ग ग म.

આમાં માત્ર ની કોમળ છે, બીજા બધા સૂર શુદ્ધ છે.

૧. આકાશના કિનારાપર. ૨. અંધારાએ. ૩. કાગડાનું પીછું. એ અંધારાના કાળા રંગનું સૂચક છે.

નભસાગરમાં ઝલકે
બહુ મોતી રૂડાં ચલકે;
તિમિરે પણ માનવ કાજ ભર્યું
રસ કે લૂંટવા ખલકે! ૨

વનમાં તમપૂર[1] વહે;
સહુ વૃક્ષ ગભીર રહે.
પણ ગાઢ ગુંથાયલી ડાંખળીમાં
ગૂંથવા નભમોતી[2] ચહે![3] ૩

કેવી સુંદરતા હસતી
અહિં આજ દિસે વસતી,
ઉડવા તહિં પક્ષી ચહે નભમાં
રજનીમહિં એ લસતી. ૪

૧. અંધારાની રેલ. ૨. આકાશનાં મોતીઃ તારા. ૩. ઝાડોની ડાંખળીઓ જ્યારે એકમેકમાં ગાઢી ગુંથાયલી હોય અને તેની અંદરથી તારાઓને જોઈએ ત્યારે જાણે કે ડાંખળીઓમાં તારાને ગુંથેલા હોય એમ લાગે છે.

ઉડતી સહુ પાંખતણા
ધ્વનિ[1] હું અહિં સુણું ઘણા:
મુજ અંતરના ધબકાર વિશે
સુણું એ ભણકા ધમણા. ૫

વળી સુણું પુકાર અહિં,
ખગકંઠ[2] વિશેથી વહી
નભથી કંઇ મેઘ શું જે પડતા;—
પણ પક્ષી જણાય નહીં. ૬

ઉર શું ધબકાર કરે ?
ખગશબ્દ ન હોય ખરે !—
કવિગાનતણા કંઇ ઉચ્ચ સ્વરો
અહિં શાંતિ વિશે જ સરે ! ૭

૧. અવાજ. ૨. પક્ષીના કંઠ.

કંઇ હર્ષનોં રંગશૂરી,[૧]
વળી શોકનોં અશ્રુપૂરી,[૨]
કવિગાનનોં પાંખ જ એ ઉડતી
સુણ્યું એ હું પ્રભામધુરી! ૮

ગુંચવાયું જગત્ તિમિરે,
કંઇ કંટક ઉર ચોરે:
નિરખી સહુ એ ઉડતા જીવ કો
નભતેજપ્રદેશ[૩] ધોરે; ૯

ઉડતા શુચિપાંખ ધરી,
કંઇ ચેત પુકાર કરી;
સુણ્યું આપણો આ રજનીભૂમિમાં[૪]
પડતા ધ્વનિ તેહ સરી! ૧૦

૧. રંગમાં,—વિલાસમાં શૂરી બનેલી. ૨. આંસુથી પૂરેલી. ૩. આકાશનો તેજથી ભરેલો પ્રદેશ. ૪. રાત્રિની ભૂમિમાં; રાત્રિમાં; દુઃખરૂપ રાત્રિમાં.

સહુ આત્મ પવિત્ર અહો !
તમ અંતર નિત્ય વહો !
અમને તમ ઉચ્ચ વિલાસતણાં
રસગાન ઘડીક કહો ! ૧૧

રજનીમણિ તે સુણિયે,
ઉરકંટકને હણિયે,
તિમિરે નભમોતી સમાં સહુ તે
પ્રભુમાર્ગ વિશે વણિયે ! ૧૨

એક સુંદર સાંઝે દમણગંગામાં વિહાર

(સવૈયા)

ઊંડો છે અંધાર રજનીનો, પણ તારાઓ ચમકે માંહ્ય :
સુસવાટા કરતા સાગરમાં કહિં કહિં સુંદર દ્વીપ સુહાય :
ધગધગતા અંગારા જેવા રણમાં લીલા કહિંક જણાય :
તો તપતા માનવસંસારે હશે ન શું સુખકંડ જરાય ?— ૧

એમ વિચારે વિંટળાતો હું એક દિવસ નીકળ્યો ઘરબ્હાર,
સંધ્યાને આલિંગન દેવા દીઠો રવિ ઢળતો તે વાર;
ને બેઠો હોડીમાં હું જઇ પ્રિય દમણગંગાને તીર[1] :
પાછળ પશ્ચિમ સાગર ગરજે, પૂર્વે હંકાર્યું મેં ધીર. ૨

૧. કિનારો.

આશ અને વિશ્વાસ સમા બે બાજૂએ ઊભા બે કોટ,[1]
મૌન[2] ધરી સાગરથી સૂણે સમયતણી ભરતી ને ઓટ![3]
તડકો, ટાઢ અને વર્ષામાં ત્રણ સૈકા ઊભા વીરકાય,
સાગરમુખ હોમાતી વચ્ચે જીવન શું સરિતા[4] વહી જાય.[5] ૩

ઉત્તરકાંઠે પદ[6] ભિંજવતું શાંતિમાં ઝૂકે છે શ્હેર,
ને આગળ વધતાં બે બાજૂ છે ઝાડોથી લીલાલ્હેર;
પૂર્વે દૂર રહ્યા ડુંગર તે સ્થિર ઊભા એ શોભા જોય,
રમ્ય દમણગંગાની રચના સંતાતા જોતા એ મ્હોય! ૪

એ સુંદરતા કહિં નહિ દીઠી, દીઠો નહિ એ રમ્ય પ્રભાવ,
દીઠી નહિ એ લલિત લીલા કહિં, જોયો નહિ કહિં એ દેખાવ!

---

૧. દમણગંગા નદી અને અરબી સમુદ્રના સંગમ આગળ નદીના બન્ને કિનારાપર પોર્ટુગીઝ સરકારના લગભગ સાડીત્રણસેં વર્ષ થયાં બાંધેલા બે મજબૂત કિલ્લા આવેલા છે. ૨. ચૂપકી. ૩. એ કિલ્લા પોતાની તથા પોર્ટુગીઝ સરકારની ચઢતી પડતીની વાતો જાણે સ્હામે આવેલા સમુદ્રની થતી ભરતી ઓટથી નિરંતર મૂંગા મૂંગા સાંભળ્યા કરે છે! ૪. નદી. ૫. આપણા જીવનની નદી પોતાના બન્ને કિનારાપર ઊભેલા ‘ આશ ’ અને ‘ વિશ્વાસ ’ જેવા બે કોટની વચ્ચેથી વહે છે, એવો અહિં વ્યંગ્યભાવ છે. ૬. પગ.

અણુશણુગારી કુદરતકેરી રમણીય કેલિ[1] મચી શી આંહિં !
ક્યાં એ શીતલતા ને શાંતિ ! હા એ ભવ્ય સરલતા ક્યાંહિં! ૫

એ લીલામાં નિશદિન લ્હેહે ગાય સરિત[2] નિર્દોષ જ ગાન,
એની ઉછળતી ઊર્મિ[3] ઉપર મુજ હોડી કૂદે સરતી નિજ તાન.
શીતળ વાયુ આવે પાછળ, હોડી તરતી આગળ ધાય,
ને મુજ ચક્ષુ[4] ઉપર નીચે ને ચોપાસે ફરતી દોરાય. ૬

પાછળ સાગર ગર્જન કરતો ખેંચે મુજ અંતરને ત્યાંહિં,
ને પશ્ચિમ આકાશે રચના ભવ્ય અલૌકિક દીઠી કાંઈ:
કસબભર્યાં વાદળના ઘેરા બુટ્ટાનો પડદો કરી રમ્ય,
સૂર્ય ઊભો તેની પાછળ ત્યાં, જાણે ભાવ ધરી જ અગમ્ય![5] ૭

કસબતણા સુપ્રકાશિત રંગે દોર્યું અર્ધું વ્યોમ[6] સુવર્ણ,[7]
ને નીચે સાગર સરિતાપર ખંખેર્યાં ચળકતાં પર્ણ;—[8]

---

૧. રમત. ૨. નદી. ૩. મોજા. ૪. આંખ. ૫. અકળિત. ૬. આકાશ. ૭. સોનું. ૮. પાંદડાં. સમુદ્રનાં તથા નદીનાં ઝીણાં ઝીણાં મોજાં ઉપર ચોક્કસ પ્રકારે જ્યારે સૂર્યનો પ્રકાશ પડે છે ત્યારે જાણે ઉપરથી ચળકતાં પાંદડાં ખંખેરાતાં હોય એવો ભાસ આપે છે.

તાપ ખમી માટે શું સૂર્યે ધરણીને દીધો શણગાર?
કે એ સ્વર્ગભુવનમાં સરતાં સ્મરણચિહ્ન આપે આ હાર? ૮

એ છુટ્ટા વચ્ચે થઈ ઊભા સૂર્યકરો[1] મનહર લંબાય:
એ શું પેલા નભ[2] ઊંચકતા ગુપ્ત જ સ્તંભો પ્રગટ જણાય?
કે આ દિવ્ય જ કસબી કલગી શોભે સૂર્યમયૂરને[3] શિર?
કે રવિરાજતણા મુગટનું એ શું પિચ્છ[4] હશે સુરુચિર?[5] ૯

એ નભરચનામાં વિલસંતી હોડી આગળ સરતી જાય;
પડદા પાછળ સૂર્ય ઉતરતો સૂતો સાગરશય્યામાંય;[6]
ને સહુ રંગો શાંત પ્રકાશે ગંભીર ભાવ ભરે કંઇ ઉર,
પળપળ વધતાં વધુવધુ ઘેરા ઝાંખા ઝાંખા પડતા નૂર. ૧૦

પણ પૂર્વે જોતાં આકાશે તો રાતો લીધો છે વેશ:
એ શું નભરણમાં[7] રેડાયું યુદ્ધે એવું રુધિર[8] વિશેષ?

---

૧. સૂર્યનાં કિરણો. ૨. આકાશ. ૩. સૂર્યરૂપી મોરને. ૪. પીછું.
૫. અતિ સુંદર. ૬. સમુદ્રના બિછાનામાં. ૭. આકાશના મેદાનમાં.
૮. લોહી.

પૂર્વથકી ધસતી રજનીને અટકાવાને દારુણ યુદ્ધ
પશ્ચિમદેશ જતા રવિએ કીધ, તેની શું સંજ્ઞા[1] એ શુદ્ધ ? ૧૧

એહ રુધિરની છાયા તો ત્યાં સરિતાજળપર પડતી પૂર,
ને ઘડીપરની સરિત ઝળકતી ઘેરી બની અંદર ને દૂર ;–
ને પાછી રંગ ગયા સહુ ઊડી, રહ્યું ઝળકલું થોડી વાર,
રજનીપતિ ત્યાં ચંદ્ર ઝળકતો નીકળ્યો લસતો નભમોઝાર ! ૧૨

એ રૂપેરી વૃષ્ટિ વિશે મુજ હોડી પાછી આવે તીર,
આ સંસાર સમી સરિતામાં ચીલો નિજ પાડતી કંઇ ધીર ;
કંઇ કંઈ પંથ પ્રકાશિત કરતો નભમાં ચાલે છે શશિરાજ,[2]
પ્રેમભર્યો નિજ રસ ઢોળીને શોભાવે કુદરતનો સાજ. ૧૩

નીતિ અને **ભક્તિ** જેવાં બે બાજુ હલેસાં મારી સાર,
જીવન જેવી મુજ હોડી એ આવી હસતી એમ કિનાર;—
વિધવિધ રંગોએ અંતરમાં વિધવિધ ભાવ પૂર્યા રસભેર,
ને મધુરૂં ગણગણતો પાછો આનંદે આવ્યો હું ઘેર. ૧૪

૧. નિશાની. ૨. ચંદ્ર.

કોયલ બ્હેનાં

(ગરબી)*

મીઠી કોયલડી મધુ બોલ રે મ્હારી કોયલ બ્હેનાં !
ત્હારા કિલકિલિયા કલ્લોલ રે મ્હારી કોયલ બ્હેનાં !
ત્હારા અંતરમાં આનંદ રે મ્હારી કોયલ બ્હેનાં ,
ત્હારા ઉરછલકાતા છંદ રે મ્હારી કોયલ બ્હેનાં ! ૧

ઝીણા ઝીણા ઉડે નભ[૧] મેઘ[૨] રે મ્હારી કોયલ બ્હેનાં ,
તેવા ત્હારી પાંખોના વેગ રે મ્હારી કોયલ બ્હેનાં !
મીઠી ઘંટડી વાગે દૂર રે મ્હારી કોયલ બ્હેનાં ,
તેવા લાગે સરતા તુજ સૂર રે મ્હારી કોયલ બ્હેનાં ! ૨

ઘન[૩] પાછળ જેમ છૂપાઇ રે, મ્હારી કોયલ બ્હેનાં,
રેડે ચંદા અમી સુખદાઇ રે મ્હારી કોયલ બ્હેનાં;–

---

* આ ગરબી નવી રચી છે.

૧. આકાશમાં. ૨. વાદળના ખંડ. ૩. વાદળ.

લીલે પાંદડે જેમ ઢંકાઈ રે, મ્હારી કોયલ બ્હેનાં,
પ્રસરાવે પરિમલ[1] જાઈ[2] રે મ્હારી કોયલ બ્હેનાં:- ૩

ભૂરે પ્હાડ ઉષા[3] સંતાઇ રે, મ્હારી કોયલ બ્હેનાં,
ઝીણું તેજ વેરે મહીમાંહિં રે મ્હારી કોયલ બ્હેનાં;-
એવી ત્હારી સરે સૂરધાર રે મ્હારી કોયલ બ્હેનાં,
ઘડી થોભી ઝીણું ટહુકાર રે મ્હારી કોયલ બ્હેનાં! ૪

મીઠો આવડો તે શો શોર રે મ્હારી કોયલ બ્હેનાં?
ચમકાવે[4] હૈયાં અમ ઘોર રે મ્હારી કોયલ બ્હેનાં.
ઉડતી ઉડતી દૂર જાય રે મ્હારી કોયલ બ્હેનાં,
તારા ખરતા શું[5] સૂર ટપકાય રે મ્હારી કોયલ બ્હેનાં! ૫

શીળી ચાંદનીમાં નદીનીર રે, મ્હારી કોયલ બ્હેનાં,
લહરી ઉભરાવે તીર રે, મ્હારી કોયલ બ્હેનાં,
તેમાં સરે રૂપેરી બાણ† રે, મ્હારી કોયલ બ્હેનાં,
તેવી ઉર સરે તુજ વાણ રે મ્હારી કોયલ બ્હેનાં! ૬

---

૧. સુગંધ. ૨. જાઇફૂલ. Jasmino Flower. 3. Dawn. ૪. વીજળી જેવાં ચમકાવે,—ઘોર અંધારા હૈયાને. ૫. ખરતા તારા જેવા. † નદીકિનારે ચાંદનીરાતે લાંબી લાંબી લહરી [illegible] અથડાતી જાય તેમાં ચંદ્રનું પ્રતિબિંબ સીધું સરી જાય [illegible] લહરીમાંથી રૂપેરી બાણ સરી જતું હોય એમ દે[illegible] માત્ર બોલવામાંજ.

તુંને પૂછું અહિં એક વાત રે મ્હારી કોયલ બ્હેનાં,
ત્હારી રંગીલી પંખીજાત રે મ્હારી કોયલ બ્હેનાં:
ત્હારો હર્ષ વડે શો અખંડ રે, મ્હારી કોયલ બ્હેનાં,
કયમ દુઃખદ માનવપંડ[1] રે મ્હારી કોયલ બ્હેનાં? ૭

ત્હારૂં સ્વર્ગ રેલાવતું ગાન રે, મ્હારી કોયલ બ્હેનાં,
કયમ શોક વસે અમ તાન રે મ્હારી કોયલ બ્હેનાં?
અમ હાસ્યપૂઠે દુઃખછાય[2] રે મ્હારી કોયલ બ્હેનાં,
તું તો નિત્ય હસી હસી ગાય રે મ્હારી કોયલ બ્હેનાં! ૮

ત્હારા સરલ સુહૃદ ટહુકાર રે, મ્હારી કોયલ બ્હેનાં,
અમ ઉર શેં મદઅંધાર રે મ્હારી કોયલ બ્હેનાં?
ભૂતભાવિ[3] ભરે જન ચંચ[4] રે મ્હારી કોયલ બ્હેનાં,
પણ શાંતિ ન પામે રંચ[5] રે મ્હારી કોયલ બ્હેનાં! ૯

દેશે તુજ ઉરનો ઉલ્લાસ કે મ્હારી કોયલ બ્હેનાં?
કહેશે કયાં અમ છે સુખવાસ કે મ્હારી કોયલ બ્હેનાં?
ઉર ભર તુજ સ્નેહ અમોલ રે મ્હારી કોયલ બ્હેનાં!
મીઠી કોયલડી મધુ બોલ રે મ્હારી કોયલ બ્હેનાં! ૧૦

૧. માનવીના નવી રચી ’વદેહ. ૨. દુઃખની છાયા (Shadow).
૩. ભૂતકાળાશામાં. ૨. વાદળજમાં. ૪. ચંચુ; ચાંચ. ૫. જરા પણ.

વ્હાલાં

(અંજની ગીતની ચાલ)

૧

વ્હાલાંને ઉર વ્હાલ વસે છે,
વ્હાલસરિતના[1] ઘોધ ધસે છે,
હરનિશ ઝરતાં હૃદય હસે છે:
એ વિરલાં વ્હાલાં!
રસનાએ[2] મસ વ્હાલ વસાવે,
હૈયું તાણી તોડી હસાવે,
આગવરસ્યાં વાદળ શું આવે:
એ વ્હાલાં કાલાં!

૧. વ્હાલની નદીના. ૨. જીભે. માત્ર બોલવામાંજ.

૨

વ્હાલાં ઉર કલ્લોલ કરે છે,
આંખડલીમાં તેજ તરે છે,
ભીતર ભાવ અભિન્ન ભરે છે:—
દૂર છતાં પાસે !
વ્હાલાં ! વ્હાલ ઝરંતાં આવો !
આંસુડે આંસુ ગૂંથાવો !
હૈડારસ પીવો ને પાવો,
વ્હાલાં ! ઉલ્લાસે !

બ્હેનને આંગણે

(ગરબી)

આવો, વીરા, આવોની મ્હારે આંગણે !
વેરૂં સ્નેહનાં કુસુમ[૧] સારે આંગણે. ૧

વીરા, છાંટું સુધાનો[૨] છંટકાવ જો,
ભરૂં બારણે પ્રભાતનો પ્રભાવ જો ! ૨

આજે માતજાયો આવે મ્હારે ઝૂંપડે,
એની બ્હેનડીનું હૈયું બ્હીનું શું પડે ! ૩

આજે હૈડાના મર્મ કંઇ ખોલશું;
સુખદુઃખના એ બોલ કંઈ બોલશું. ૪

મ્હારા વીરાનાં લેઉં સહુ દુઃખડાં,
થજો કાળાં પાપીનાં ભૂંડાં મુખડાં ! ૫

ભૂંડું જગત કરે ને વદે વાંકડું,
નડો તે ના વીરાનું ઉર રાંકડું ! ૬

---

૧. ફૂલ. ૨. અમૃતનો.

મ્હારા વીરાને તે નહિ સંતાપશે,
વીરા માટે બ્હેની આ પ્રાણ આપશે! ૭

વીરા, બોલોની બોલ મધુમીઠડા!
દેયાહર્ષ રહે ન અણદીઠડા. ૮

વીરા, વ્હાલે વધાવું હીરારત્નથી;
એવો વીરો જડે ન લાખ યત્નથી! ૯

'મ્હારો વીરો' ક્હેતાં ભરાય મુખ જો!
વીરા, ધન્ય ક્હેવાડો માતકૂખ જો! ૧૦

મ્હારા તાતજાયા! કુળને દીપાવજો!
જગે કુંદન[૧] શું કીરતિ અંકાવજો! ૧૧

મેઘ ગાજે ને ગરજે ગગનમાં,
એવા ગાજો, વીરા, આ ધરાજનમાં[૨]! ૧૨

પિતૃવેલીને[૩] છાય શીળી આપજો,
અમી સીંચીને તાપ સહુ કાપજો! ૧૩

૧. ઊંચું સોનું. ૨. દુનિયાના લોકમા. ૩. પિતાના પરિવાર રૂપી વેલીને.

દીન[1] બ્હેની અંતર સદા માગતી :
મ્હારા વીરાની જ્યોત રહો જાગતી ! ૧૪

આવો, વીરા, આવોની ઓવરાઉં જો !
મણિમુખડું દેખી હું મલકાઉં જો ! ૧૫

વીરા, આવો, વિરાજો મ્હારે આંગણે !
ભર્યાં દીપે છે તેજ સારે આંગણે ! ૧૬

૧. ગરીબ.

હાલરડું

(ગરબી) *

મીઠાં બાલકડાં પોઢો જી રુમઝુમ પારણે રે !
હૈડાં માતલડીનાં સાગર જેવાં ડોલતાં રે લોલ :
મીઠાં બાલકડાં પોઢો જી રુમઝુમ પારણે રે.

નયનાં કોમલડાં ઢાળો તે નીંદરગોદમાં રે,
મુખડાં થાક્યાં વ્હાલાં બોલ બટુકલા બોલતાં રે લોલ !
મીઠાં બાલકડાં પોઢો જી રુમઝુમ પારણે રે. ૧

* આ ગરબી નવીન રચી છે. એના સૂર કાંઇક નીચે પ્રમાણે છે:

મી ઠાં બા લ ક ડાં પો ઢો જી રુ મ ઝુ મ પા ર ણે રે
પ પધ પ મ ગ રિગ સા રિ રિ ગ પ પ ધ પ પ મગ રિ

હૈ ડાં મા ત લ ડી નાં સા ગ ર જે વાં ડો લ તાં રે લોલ
પ મપ ધ ધ ધ ધ ની સા સા ની ધ પ મ મ પ ધ પ
ટી ટી

આમાં માત્ર બીજી પંક્તિમાંના બન્ને સા ટીપ સૂર છે તથા તે પછીના બન્ને મ કોમળ છે. બીજા બધા સૂર શુદ્ધ છે.

લહરી આવે ઝીણું ગુંજતી સૌરભ ઢોળતી રે ,
મ્હારાં લાડકડાંની ચૂમશે મિઠડી આંખડી રે લોલ :
મીઠાં બાલકડાં પોઢો જી રુમઝુમ પારણે રે .

પારણિયે વેરે ચાંદલિયો છુપલાં તેજને રે ,
મ્હારાં મોંઘેરાંની પૂરશે કુમળી પાંખડી રે લોલ !
મીઠાં બાલકડાં પોઢો જી રુમઝુમ પારણે રે.

આંગણિયે પ્રભુજીની સ્નેહપ્રભા ઝીણી રેલશે રે,
ત્યારે ઝીલવા તેને નયનાં ઊંડાં ખોલજો રે લોલ !
મીઠાં બાલકડાં પોઢો જી રુમઝુમ પારણે રે.

ફુલહોડલડે મુખડે વ્હાલાં ! હાસ્ય રમાડતાં રે
હૈડાં માતલડીનાં હર્ષે ભરી હિંચોળજો રે લોલ !
મીઠાં બાલકડાં પોઢો જી રુમઝુમ પારણે રે !

નવરાજનાં વધામણાં*

(ગરબી)

સખિ ! આવો નવરાજને વધાવિયે રે !
સખિ ! સ્નેહભર્યાં તેજમાં સજાવિયે રે ! ૧

સખિ ! પુણ્યસોહ્યાં[1] આંગણાં સુહાવજો રે !
સખિ ! ચારુ[2] નીતિચોક પૂરી આવજો રે ! ૨

સખિ ! વ્હાણેલાં જો વાયાં શાં સોહામણાં રે !
સખિ ! આપે નવરાજનાં વધામણાં રે. ૩

સખિ ! કાળી કાળી વાત ડૂબી રાતમાં રે ;
સખિ ! આવો અહિં ઉજળાં પ્રભાતમાં રે ! ૪

સખિ ! ધરણી[3] ઉઘાડે ભવ્ય બારણાં રે !
સખિ ! લઇયે નવરાજનાં ઓવારણાં રે ! ૫

---

* આ કાવ્ય નવું વર્ષ, નવું બાલક તથા નવા રાજ—એ ત્રણ અર્થમાં લાગુ પડે છે. ૧. પુણ્યથી શોભિતાં. ૨. સુંદર. ૩. પૃથ્વી.

સખિ ! સુખભરી થાળ રૂડી લાવજો રે,
સખિ ! પ્રેમભકિતજ્યોતિ મહિં જમાવજો રે ! ૬

સખિ ! કંકુ મહિં મૂકજો સૌભાગ્યનાં રે,
સખિ ! શ્રીફળ સુહાવજો સુહાગનાં રે ! ૭

સખિ ! વેરજો સત્કર્મતણાં ફૂલડાં રે,
સખિ ! વધાવો મોતીડાં અણમૂલડાં રે ! ૮

સખિ ! વ્હાલરાગી[1] ગાજો પ્રભુગીતડાં રે !
સખિ ! આનંદે ઝુલાવો સહુ ચીતડાં રે ! ૯

સખિ ! ચાલો નવરાજને વધાવિયે રે !
સખિ ! કુંળાં એનાં પદ[2] પધરાવિયે રે ! ૧૦

સખિ ! હાસ્યતેજ[3] દીપે એને મુખડે રે !
સખિ ! હાક એની વાગે દૂર ઢૂકડે રે ! ૧૧

---

૧. ખરા હેતના રાગથી ભરેલાં; સ્નેહની ધૂનવાળાં. ૨. પગલાં.
૩. હસવાથી મુખપર આવતું તેજ.

સખિ ! તેજઆંજી ઊંડી એની આંખડી રે !
સખિ ! પ્રેમકુંળી પ્રિય એની પાંખડી રે ! ૧૨

સખિ ! મીઠી મીઠી વાય એની મોરલી રે !
સખિ ! પુણ્યપોથી હજી એની કોરલી રે ! ૧૩

સખિ ! આશરંગી[1] પદ એનાં પૂજિયે રે !
સખિ ! ભાવિતણું[2] ગીત ભાવે ગુંજિયે રે ! ૧૪

સખિ ! તાપ સહુ આપણા એ કાપશે રે !
સખિ ! અમીશાળ[3] છાયા રૂડી આપશે રે ! ૧૫

સખિ ! ઉરના અંધાર સહુ રોળશે રે !
સખિ ! હૈડાં હસી હસાવી હિંચોળશે રે ! ૧૬

સખિ ! આવો એને વ્હાલથી વધાવિયે રે !
સખિ ! લોલ ને કલ્લોલમાં હુલાવિયે રે ! ૧૭

સખિ ! પદે પદે ફૂલડાં ઉછાળિયે રે !
સખિ ! ભરિયે નવતેજ[4] એનાં થાળિયે રે ! ૧૮

---

૧. આશાના રંગમાં રંગેલાં. ૨. ભવિષ્યનાં. ૩. અમૃત જેવી ઠંડી. ૪. નવાં તેજ.

સખિ ! વ્હાલરાગી ગાઇયે એનાં ગીતડાં રે !
સખિ ! રંગભીનાં લઇયે એનાં મીઠડાં રે ! ૧૯

—આવો, આવો, નવરાજ ! રૂડા આવજો રે !
આવો, પુણ્યસોહ્યાં આંગણાં સુહાવજો રે ! ૨૦

બાલક

(અંજનીગીતની ચાલ)

૧

હસતું રમતું કલરવ[1] કરતું,
મધુરા હાસે મુખડું ભરતું,
માતપિતાને હૃદયે ઠરતું,
બાલક ! શું ભાળે ?[2]
પ્રભુના સુખસંદેશ સુણવવા,
આંગણિયે સુરગાન[3] ગજવવા,
નવનવલા ભાવે બિજવવા,
આવ મીઠાં, વ્હાલે !

---

૧. કોમળ મધુરા અવાજ. ૨. બાલક ખરેખર શું જોતું હશે તેની કલ્પના દિવ્ય જ છે. ૩. દિવ્યલોક (Angels) નાં ગાન.

૨

ગુલકળીપાંખડી અણખુલેલી:
રમ્ય ઉષા[1] ઉગતી રસ રેલી:
નિર્મલ, મધુરી, સરલ જ કેલિ[2]
બાલક! તુજ પેખી!
સ્વર્ગકુસુમ[3] ઓ ધરણીકેરાં[4]!
આશભર્યાં તુજ નેન અનેરાં!
હસ! દુનિયાનાં દુઃખ નમેરાં
ભૂલું મુખ દેખી!

---

૧. સૂર્ય ઉગ્યા પ્હેલાંના નિર્મળ શીતળ પ્રકાશનો વખત. Dawn.
૨. રમત. ૩. સ્વર્ગનું ફૂલ. ૪. પૃથ્વીનાં; આ પૃથ્વીપર ઉગતાં.

માતા અને તેનું બળ

(મંદાક્રાંતા)

સૂતાં વ્હાલે લલિત લસતાં,[1] ખેતરો ભેટ લેતાં,
લીલાં લીલાં હૃદય હરતાં, દિવ્ય આભાસ દેતાં;
સંપીલી ત્યાં પ્રકૃતિ[2] વસતી શાંતિમાં એમ જાણે;
પક્ષી મીઠાં રમત કરતાં એહ આનંદ માણે[3]. ૧

ઊંચી ઊંચી દૂર દૂર રહી, ટેકરી ને કરાડો,
ઊંચા ઊભા કઠણ ખડકો, ને રહ્યાં ઝુંડ ઝાડો;
વચ્ચે વ્હેતું ઝરણ ખખળી, સ્નેહ ગાતું સદાનું:—
એ લીલામાં વિમલ વસતું ગામડું એક ન્હાનું. ૨

(અનુષ્ટુપ્)

છૂટાં છૂટાં રહ્યાં દીપી ઝૂંપડાં ખેડુતોતણાં,
સાદા સૌંદર્યમાં સૌ એ ઠારતાં અંતરો ઘણાં. ૩

---

૧. શોભતાં. ૨. કુદરત. ૩. અનુભવે.

એવા કો ઝૂંપડાદ્વારે એકુસ્ત્રી બેઠી કો હતી,
ખોળામાં બાળ સૂતું તે દેખતી દૃષ્ટિ ઠારતી. ૪

હા એ માતાઉરે ઊંડા આવે ઉમળકા બહૂ,
વારે વારે ઉરે દાબી ચૂમે છે મુખ તો બધું. ૫

બાલુડું ત્યાં હસે ઝીણું, માતા આનંદ પામતી;
લો લો લો લો કરી બ્હાલે, ગીત કૈં લલકારતી: ૬

(ધોળ)*

"મ્હારા લાડકવાયા લાલ જીવો જગમાં ઘણું !
તું તો છે માતાના કાલજડાની કોર ;
મ્હારી દુનિયા તો લાડકડા ! છે તુજમાં વસી,
જ્યાં જાઉં ત્યાં તુજને જોઉં ઠોરેઠોર !–
'મ્હારા લાડકવાયા લાલ જીવો જગમાં ઘણું ! ૭

"મ્હારા લાડકડાને ગાલ ગુલાબો ઝૂલતા,
મ્હારા મોંઘાનું મુખ જેમ પ્રભાત હસંત ;

* 'માતા જશોદા ઝૂલાવે પુત્ર પારણું'–એ ચાલ.

ત્હારાં નયન નયનમાં ચમકે નિર્મળ તારલા,
તુજમાં વસતી હું તો જોઉં સદાય વસંત !–
મ્હારા લાડકવાયા લાલ જેવો જગમાં ઘણું ! ૮

"મ્હારા લાલ ! વધાવું તુજને માણેક મોતીએ,
ન્હાનકડા ! તુજપર વારી જાઉં હું સ્હેજ ;
ત્હારે હૈયે તારલડાની માળા દીપવું,
આંખલડીમાં આંજું ચાંદલિયાનું તેજ !—
મ્હારા લાડકવાયા લાલ જેવો જગમાં ઘણું ! ૯

"કિલકિલ કરતાં કાલુ વચન છે ત્હારાં, કોડિલા !
મ્હારા કાને કરતાં રૂપેરી રણકાર ;
સુણતાં હૈયે સાગર જેવી લ્હેરો આવતી,
લઇ લઇ ચૂમું ચૂમું મુખ તુજ વાર હજાર !—
મ્હારા લાડકવાયા લાલ જેવો જગમાં ઘણું ! ૧૦

"ત્હારાં દુખડાં લઇ લઉં, વ્હાલા મ્હારા બાલુડા !
તુંને આંચ ન આવે, કરશે પ્રભુ કલ્યાણ ;
તુજ કાજે મુજમાં સો હાથણકેરૂં જોર છે !
ત્હારે માટે પ્રેમે દઇ દઉં મ્હારા પ્રાણ !—
મ્હારા લાડકવાયા લાલ જેવો જગમાં ઘણું !" ૧૧

(મંદાક્રાંતા)

ગાતી એવું મધુરમધુરૂં, બાળને એસોં જોતી,
એ હૈયાના નવીન રસમાં પ્રેમથી પ્રાણ પ્રોતી.
આહા ! કેવું વિમલ ઉરનું વ્હાલ આ તો દિસે છે !
કેવું ઊંડું સરલ પ્રીતિમાં માતહૈયું હસે છે !— ૧૨

બાપુ ! ત્હારી, જનની વિણ હા, કોણ સંભાળ લેતે !
ઊંડી દૈવી તુજ મુખપરે સ્નેહમુદ્રા[1] શું દેતે ?
વારે વારે તુજપર ઝૂલે ઇંદ્રના ચાપ શી કો ?[2]— ✓
બાલુડાં ને જનનીપર ઓ ઈશ આશિષ હોજો ! ૧૩

(અનુષ્ટુપ્)

બાળને બારણે મૂકી, આપી રમકડાં તહિં,
કાંઈ કામથકી માતા પેઠી તે ઝૂંપડામહિં. ૧૪

પાસેની કો કરાડેથી ગરુડ એક દૈત્ય શું
તેટલે ત્યાં ઉડી આવ્યો, ન્હોતું બાળ કને કશું. ૧૫

---

૧. હેતની છાપ = ચુંબન. ૨. કોણ ઘડી ઘડી અધીરી બની ત્હારાપર વરસાદની કમાન જેવી વાંકી વળી ઝૂલી રહે ?

ઝડપી બાળ ઉપાડી પક્ષિરાજ ઉડ્યો જતો,
માતા ત્યાં બારણે આવી જોયું તો લાલ ના હતો ! ૧૬

બાળનું રડવું સૂણ્યું, સમજી પળમાં સહૂ :
દોડી તે બૂમ પાડતી પક્ષી પૂંઠે બળે બહૂ. ૧૭

એક ઊંચી કરાડે જૈ, મૂક્યું બાળ બખોલમાં,
અને પક્ષી ઉડ્યો ત્યાંથી, થયો અદૃશ્ય ખોલમાં ! ૧૮

(વસંતતિલકા)

ભેગા થયા સકળ ખેડુત ત્યાં ઝપાટે,
તે માતના સુણી પુકાર સહાય માટે;
ઊભા રહ્યા તુરત આવી કરાડ હેઠ,
મૂકી ગયો ગરુડ જેપર બાળ ઠેઠ. ૧૯

ઊંચી દિસે બહુ જ દુર્ગમ[1] એ કરાડ,
રહે ત્યાંથકી ગબડતાં નહિ એક હાડ,
ત્યાં પૂગવું જઇ જ કેમ, સહૂ વિચારે,
શોધે ઉપાય ચઢવા તહિં કો પ્રકારે. ૨૦

---

૧. પૂગી નહિ શકાય એવી.

ખેડુત એક ધરી હામ પછી ચઢ્યો કો,
કીધો પ્રયત્ન, ઉતર્યો પણ ખાઈ ધોકો;
બીજો, અને પછી ત્રીજો,—ચઢી સર્વ એમ
પાછા ફર્યા શરીર સાચવી જેમતેમ. ૨૧

કોઈ પડી ગબડતા મરતા બચ્યા ત્યાં,
બ્હાદૂરમાંહિં ખપતા વીર કો લચ્યા ત્યાં;
સર્વે નિરાશ બની ઉપર જોય હાવે :—
હા માત! કોણ તુજ બાલકને બચાવે? ૨૨

(શિખરિણી)

અહો! દીઠી ત્યાં તો સબળ અબળા કો ચઢી જતી!
ચઢી એકે, બીજે, કઠણ ખડકો હામ ધરતી;
અને આશ્ચર્યે ત્યાં ડૂબી સકળ દૃષ્ટિ સ્થિર ઠરે:
અરે આ શું આજે અજબ અબળા સાહસ કરે! ૨૩

ચઢી ધીમે ધીમે, ઉપર અબળા ત્યાં જઇ રહી,
અને હર્ષે ચાંપ્યું હૃદયમહિં તે બાલક ગ્રહી;
પછી પાછી નીચે સુદૃઢ[૧] પગલાં મૂકી ઉતરે:
હશે ક્યાંથી આવ્યું પરમ અબળામાં બળ ખરે?! ૨૪

૧. મજબૂત અને સાવધ.

તપાસી ધારીને ઉતરતી જતી તે પદપદે[1]:
"અરે, આ આ! એ આ! પડી, પડી!" કરી ખેડુત વદે!
તથાપિ ધીમેથી, કુસુમ[2] સમું તે બાલક લઈ,
નીચે નિર્વિઘ્ને તે સબળ અબળા આવી જ રહી! ૨૫

(અનુષ્ટુપ્)

હશે એ કોણ નારી તે? આવ્યું એ બળ કયાંથકી?
સફલા તે બની એ શેં, હાર્યાં જ્યાં પુરુષો નકી?—

અબળા તે ઉરે ચાંપી બાળને લઇ જાય છે,
જોતી વ્હાલે, ઝીણું ઝીણું ગીત ગાતી જણાય છે:— ૨૭

(ઘોળ)

"ત્હારાં દુખડાં લઇ લઉં, વ્હાલા મ્હારા બાલુડા!
તુંને આંચ ન આવે, કરશે પ્રભુ કલ્યાણ!
તુજ કાજે મુજમાં સો હાથણકેરૂં જોર છે!
ત્હારે માટે પ્રેમે દઇ દઉં મ્હારા પ્રાણ!
મ્હારા લાડકવાયા લાલ જેવો જગમાં ઘણું!" † ૨૮

---

૧. પગલે પગલે. ૨. ફૂલ. † એક ખરી બનેલી વાત ઉપરથી આ કાવ્ય લખાયું છે.

લગ્નની ભેટ

(સવૈયા)

રૂમઝુમ કરતી ઝરણી નીકળી પ્રીતિતણું પાણી લઇ ઉર,
સરસર સરતી, નિર્મળ ફરતી, નવું નવું ધારીને નૂર,
સાગરપતિને મળવા આગળ ધસતી ધસતી વેગે જાય,
ને કંઇ ઝીણું ઊંડું ઊંડું અંતર ગાન મધુરૂં ગાય! ૧

જંગલ કે ઝાડી નહિ જોતી, જોતી નહિ ખેતર મેદાન,
વચમાં ખાડા ખડક ન જોતી:[૧] લાગ્યું એક પ્રીતિનું તાન!
એ તાણે ધસડાતી રાખે પતિ મળવા ઉર એક જ નેમ,
રૂમઝુમ કરતી, ગીતડાં ગાતી, ઝરણી પધારી પૂરણ પ્રેમ! ૨

સાગરરાજ! ઊઠો ઉલ્લાસે! મળવાને આવી પ્રિય ગંગ!
વેગે ધસતા પ્રિયને ભેટો ઉછાળી તમ પ્રેમતરંગ[૨]!
એ ઝરણીના પ્રેમામૃતને હ્રદય વિશે ધારો રળિયાત!
રસ ઝરતાં અંતર મેળવીને એકસ્વરૂપ બનો દિનરાત! ૩

---

૧. સંસારનાં અનેક સુખદુઃખનો અહિં ધ્વનિ છે. ૨. પ્રેમના મોજા.

સાગરરાજ ! હૃદયમાં ધારો એ ઝરણીનો સ્મરીને પ્રેમ,
રત્ન સમી એને જાણીને જત્નથકી જાળવજો તેમ !
નવા નવા ઉલ્લાસે દિનદિન કરાવજો નવલું રસપાન,
ને અંતરમાં રેડી દેજો નવાં નવાં તમ ગંભીર ગાન ! ૪

સાગરરાજ ! હસો તો આજે હસજો એક મધુરૂં હાસ !
એ હસવાનો અનુભવહીન જન કેમ કરીને કરશે ક્યાસ ?
એ હસવાપર સ્વર્ગથકી અહિં વરસે આશિષનો વરસાદ !–
સાગરરાજ અને ઝરણી ઓ ! હસો સદા રાખી સંવાદ[૧] ! ૫

હે રવિરાજ ! અને હે ચંદા ! હે તારાના ઝુંડજમાવ !
રજત સુવર્ણતણાં તમ પુષ્પો એ બન્નેપર વેરી જાવ !
ગગન વગાડો ઢમઢમ ઢોલો ! હસો અદલ ઇશ અમૃત આજ !
રસતેજે ઝબકોળો, હા હા, આ ઝરણી ને સાગરરાજ ! ૬

---

૧. ઐક્ય ; અનુરાગ. (Harmony).

દિવ્ય રથ

(ધોળ)*

વ્હાલમ ! રૂપાળો રઢિયાળો[1] રથ[2] શો આપણો !
ચમકે રવિનાં તેજ સમો અનુપમ ચમકાર !
અમીં શાં અજવાળાં દ્વારે અંતરની આંખડી,
ચૌદે રત્નતણો શો ભીડભંજન[3] ભંડાર !
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૧

આવો, પ્રિયતમ ! એ રથમાં અંતર પધરાવિયે !
મનહર મહિમાવાન મહા એ જગમોઝાર !
ઋષિ મુનિ સંતજનોની નિર્મળ ઉરજ્યોતિ[4] દીપે,
તેમાં આવો, ફરિયે કરતાં આત્મવિહાર !—
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૨

---

* "માતા જશોદા ઝૂલાવે પુત્ર પારણે,"—એ ચાલ. ૧. રઢ એટલે લગનીઃ રઢિયાળો એટલે લગની લગાડનાર. ૨. જીવનરથ. ૩. પતિપત્નીના સ્નેહની–સ્નેહના અનંત વિશેષોની સૂક્ષ્મવસ્તુઓની ભીડ ભંગાતી જાય છે અને કોઇ પણ પ્રકારની ન્યૂનતા રહેતી નથી. ૪. સંતજનના પવિત્ર હૈયાનું તેજ.

પુણ્યપ્રકાશિત[1] પ્રભુનો મણિમંડપ રળિયામણો,
તેનાં સૂર્યપ્રભા શાં[2] દિવ્ય ઝળકતાં દ્વાર;
વિશ્વવિરાજિત[3] એ શોભાની છાંયે મ્હાલવા[4]
ચાલો, વ્હાલા ! એ રથમાં કરિયે સંચાર ![5]—
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૩

ઘૂ ઘૂ ઘોર ગરજતા ગંભીર જગસિંધુતટે[6]
અમૃતસ્મિત[7] ઝરતાં ખીલે કુસુમો[8] સુકુમાર;[9]
તેનો નિત્યવસંતસુગંધ રસે ભરવા ઉરે
હૃદયો ગૂંથી ચાલો જઇયે, પ્રાણાધાર !—
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૪

જીવનદેવ ! પ્રયાણુ[10] નથી જ સુકર ને સોહ્યલું:
જંગલ, ઝાડી, કોતર, ડુંગર, ખાડ અપાર !
મોંઘો, કોમળ, પુણ્યપ્રભાભર[11] રથ ત્યાં આપણો
નિર્વિઘ્ને અણીશુદ્ધ[12] ચલવવો પ્રભુઆધાર !—
વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૫

---

૧. પુણ્યથી પ્રકાશતો. ૨. સૂર્યના તેજ જેવાં. ૩. આખા બ્રહ્માંડમાં બિરાજેલી. ૪. વિલાસ કરવા; આનંદ ભોગવવા. ૫. ગતિ. ૬. દુનિયા રૂપી સમુદ્રને કિનારે. ૭. અમૃત જેવું હસવું. ૮. ફૂલો. ૯. નાજુક; સુકોમલ. ૧૦. મુસાફરી. ૧૧. પૂર્વના પુણ્યસંસ્કારોના તેજથી ભરેલો. ૧૨. અખંડિત.

કંટકમાર્ગ કઠોર વિકટ છે એહ પ્રયાણનો :
  અનિલો[1] ઘૂમે ને આકાશ વહે અંધાર;
તેમાં સાચવજો, પ્રાણેશ્વર ! પાર ઉતારજો,
  દિવ્ય, સુરમ્ય, અમૂલખ રથ એ સર્વ પ્રકાર !—
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૬

ચાલો, વ્હાલા ! ધીરા વીરા,[2] મુખ મલકાવતા !
  ઊંડા ઊંડા છે હૃદયોના અર્મોઉચ્ચાર !
હૈયાંહેત ઝરંતી આંખલડી આ આપણી
  મધુરાં અજવાળાં કરશે કંઇ ઠારેઠાર !—
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૭

પ્રભુના પુણ્યવિલાસગૃહેથી કદિ કદિ આવતા
  સુમધુર મંગલ સ્વર્ગગીતોના કંઇ ભણકાર ;
રસભીનાં તે ગીતોનો રસ પૂરણ ઝીલવા
  હસતાં જઇયે એ રથમાં, હૈડાના હાર !—
    વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૮

---

૧. તોફાની પવનો.   ૨. શૂરા.

આવો, પ્રિયતમ ! મંગલ ઘડી છે સુખસૌભાગ્યની !
   આકારો છે શા નવરંગ સજ્યા શણગાર !
એવા રંગ વિશે શો વિલસે છે રથ આપણો !
   પ્રભુના મંગલ આશિષ વરસે છે શતધાર !—
      વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૯

હસતો રમતો ઈંડલો રથ એ પ્રાણ ! ચલાવશું,
   ઝગઝગ જગમાં એનો ઝલકાવી ઝલકાર !
ધીરી, શરી તમ વાંસલડી પ્રાણ ! વગાડજો,
   હું પણ પૂરીશ સાથે ગાનતણા લલકાર !—
      વ્હાલમ ! રૂપાળો રઢિયાળો રથ શો આપણો ! ૧૦

વિદાય

(૫૬)*

વ્હાલીડા ! આવો બારણે તો શૂરવીરા આવજો !
હૈડાં અમારાં વ્હાલસોયાં વ્હાલમાં મલકાવજો ! ૧

તમ વ્હાલશૂરી વાતડી હૈડાં અમારાં હિંચશે,
અમ જીવનમાં મધુરી રસીલી સુખસુધા[1] કંઇ સિંચશે ! ૨

સમરાંગણોની[2] હાકમાં હૈડાં તમારાં તો રમે,
એ હાકમાં મૃદુ[3] રવ[4] અમારો ધારજો વ્હાલા ! તમે ! ૩

ઘનઘોર જગવ્રમસાણમાં ઓ પ્રાણ ! ગરજી ઘૂમજો !
આ દાસીની દીન યાચના સફલા ગણી જ ઝઝૂમજો ! ૪

---

* "સરસ્વતી માતા વીનવું,"-એ ચાલ. આ પદ હરિગીત છંદ, ગઝલ આદિમાં પણ ગવાશે. ૧. સુખનું અમૃત. ૨. લડાઇનાં મેદાનોમાંની. ૩. કોમળ, ઝીણો. ૪. અવાજ.

તમ યશ વિશે છે યશ અમારો, શી બીજી આની ગતિ ?
અમ રંક અબળાજાતિનું જીવન બધું છે પ્રિયપતિ ! ૫

એક જ તમારૂં હાસ્ય તે, અમ લાખ દુઃખ ભૂલાવશે,
અમ આંસુડાં હૈડે અમારે અણુદીઠાં સૂકાવશે ! ૬

શણગાર ને સૌભાગ્ય સૌ તમથી જ અમારાં ધારિયે !
જ્યાં હો ત્યહાં અમ જીવનફુલડાં તમ ઉપર ઓવારિયે ! ૭

ઓ સૂર્ય, ચંદ્ર, તારલા ! વ્હાલીડાને સંભાળજો !
તમ શું યશસ્વી, દીપતા, સ્વામીને ઘેર વળાવજો ! ૮

વ્હાલાની વેણુ

(ગરબી)

વ્હાલાની વેણુ[૧] વાગી વનમાં રે લોલ !
વેણુ વાગી ને જાગી જ્યોત[૨] જો:
વ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

તારલાના સંગમાં હું નાચતી રે લોલ,
ચંદ્રનો ત્યાં આવ્યો શો ઉદ્યોત[૩] જો !
વ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

રમતી કેવી હું બાળબાગમાં રે લોલ,
હતાં મ્હારાં દિવ્યમધુગાન[૪] જો:
વ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

---

૧. વાંસળી. ૨. હૈયાની જ્યોત; પ્રેમની જ્યોત. ૩. પ્રકાશ. ૪. દૈવી માધુર્યથી ભરેલાં (Divinely sweet) ગાન.

નવલરસહિંડોળે[1] હવે હિંચવા રે લોલ,
ક્યાંથી આ વેણુ પડી કાન જો?
વ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

વ્હાલો નચાવે ઉર વેણુમાં રે લોલ,
સાથે નચાવે હીરાવેણુ જો!
વ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

હૈયું ડોલાવે મ્હારૂં રાંકડું રે લોલ,
વ્હાલાની વેણુનાં મોહનવેણુ જો:
વ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

વેણુ વગાડે ધીરી વીરલી રે લોલ:
ધીરીને કરે વ્હીલી અધીર જો!
વ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

---

૧. (પ્રેમથી ઉત્પન્ન થયલા) નવા રસના હિંડોળાપર.

વેણુ ઝરે છે સુધાઝરણમાં[1] રે લોલ:
નયન મ્હારાં નીંતરે નેહનાં નીર જો!
બ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

વ્હાલાં! વગાડ વેણુ વ્હાલથી રે લોલ:
વેણુનો પ્રાણ બની ગાઉં જો!
બ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ.

અંતરનાં ગાન ઊંડાં ઝીલવા રે લોલ,
બ્હાલાની વેણુ ક્યારે થાઉં જો?
બ્હાલાની વેણુ વાગી વનમાં રે લોલ!

૧. અમૃતના ઝરણમાં.

ગોપિકા

(ગરબી)*

મ્હારી મટુકીમાં હો મહારાજ ! મહિડાં છલકે રે !
ત્હારી વાંસલડી સુણી આજ, હઇડાં ઢળકે[1] રે !—

મ્હારી ગાવડિયોનાં શુદ્ધ ગોરસ મિઠડાં રે,
ત્હારી બંસરીએ ભૂટી શુદ્ધ, પડતાં દિઠડાં રે !

(સાખી) ડાળે ડાળે મંજરી હાલે ઝૂલી પૂર :
બોલે બોલે બંસરી સુણતાં ડોલે મ્હારૂં ઉર :
—હઇડાં ઢળકે રે !
મ્હારી મટુકીમાં હો મહારાજ ! મહિડાં છલકે રે ! ૧

આછી આછી ઉષાની[2] રેલ જગમાં ધસતી રે,
મોંઘા મધુવનમાં કરે ખેલ હસતી લસતી રે :

---

* આ ગરબી તેની સાખી સાથે નવી રચી છે.

૧. નમી પડે; ઢળી પડે. ૨. મળસકાની. (Dawn). યૌવનની શરૂઆતનો અહિં ધ્વનિ છે.

એવી વેળ ભર્યાં મુજ એહ ગોરસ મિઠડાં રે,
ત્હારી વાંસલડી સુણી તેહ પડતાં દિહડાં રે!

(સાખી) કિલકિલ કરતી કોકિલા પળપળ દે પ્રતિસૂર[1]:
જળથળ ઝૂમે કોડિલાં, સુણતાં ઘૂમે મ્હારૂં ઉર:
—હઇડાં ઢળકે રે!
મ્હારી મટુકીમાં હો મહારાજ! મહિડાં છલકે રે! ૨

ધીમે ધીમે પડે ધણ[2] સંગ, રવિનાં પગલાં રે,†
ફૂલે ફૂલે ફૂટે નવરંગ[3], ભરતા ડગલાં રે;

ચાલી લઇને હું તો ધરબ્હાર ગોરસ મિઠડાં રે,
ત્હારી બંસરીને સ્વરધાર, પડતાં દિહડાં રે!

---

૧ રહામો સૂર; પડઘો. ૨. ગોવારૂં; ગાયઢોરનું ટોળું.
† પ્રભાતનાં ગાય ઢોર છૂટે અને ચરવા જાય તેનાં પગલાં પડતાં જાય તેની સાથે સૂર્ય પણ ઉગીને જાણે પોતાનાં પગલાં પાડતો જાય છે.
૩. નવા નવા રંગ. સૂર્યોદય વેળાનો આ ખાસ ચમત્કાર છે.

(સાખી) ચારો ચરતી ગાવડી થોભે ઘડીભર દૂર :
અનહદ બોલે ગાવડી, સુણતાં ડોલે મ્હારૂં ઉર :
—હઇડાં ઢળકે રે !
મ્હારી મટુકીમાં હો મહારાજ ! મહિડાં છલકે રે ! ૩

ઊભો રહી શું વગાડે એમ, બંસરી ઝરતી રે !
હાવાં ધગધગતી ઝટ તેમ, બળશે ધરતી[1] રે :

ઓ રે ઝીલ ! ઢોળાઈ જાય ગોરસ મિઠડાં રે,
મ્હારો પાલવડો ભીંજાય, પડતાં દિઠડાં રે !

(સાખી) હું ગુણહીણી ગોપિકા, તું ગુણસાગર શૂર :
મહિડાં મ્હારાં ઝીલી લે, પછિ આ ખીલે મ્હારૂં ઉર :
—હઇડાં ઢળકે રે !
મ્હારી મટુકીમાં હો મહારાજ ! મહિડાં છલકે રે ! ૪

---

૧. પૃથ્વી. (પછી સૂર્ય ઘણો ચઢી જશે અને વેળા વહી જશે. એ પંક્તિમાંનો ધ્વનિ સમજાય એવો છે.)

બરાઈ, અથવા મહત્ત્વની છાયા*

(સવૈયા)

રંગ ગયા ને રાગ ગયા ને ગઇ આગળની સહુ ધુમધામ,
ધડધડ કરતા ગયા ધડાકા ને નોબતના નાદ તમામ !
ગડગડતો, ચમચમ ચમકંતો, સરસરતો વરસીને શૂર,
મેઘ ગયો ચાલી આકાશે, છાયા નિજ છાઈ જનઉર ! ૧

બરાઈ ! તુજ પાસે અહિં આવી અંતર કંઇ કંઇ કરતું યાદ,
સ્મરણ અને અંતર વચ્ચે કંઇ ચાલી રહ્યા છે વાદવિવાદ ;
આંખ સમીપે કંઇ કંઇ છબિયો તરતી તરતી ઊભી થાય,
ને કાનોમાં કંઇ કંઇ પડઘા દૂર દૂરથી આવે ને જાય ! ૨

---

* બરાઈ ગામ ધરમપોર સંસ્થાનને તાબે છે અને તે સુરત તાબેના પારડી તાલુકાની પાસે આવેલું છે. એ ગામનો વહીવટ લગભગ સવાસો વર્ષ સૂધી ધરમપોરના માજી દિવાન મર્હુમ શેઠ માણેકજી કાવસજી દમણવાળાના વંશમાં ચાલ્યો હતો અને મર્હુમ શેઠના વખતમાં એ ગામની તથા મર્હુમ શેઠની ખરેખરી ધજા ઉડી રહી હતી. હાલ બેક વર્ષ થયાં એ ગામનો કબજો મર્હુમ શેઠના વંશજો પાસેથી ધરમપોર દરબારે લીધો છે. એ ગામની ધુમધામની વાતો સાંભળી ગયા મે સને ૧૯૦૫ માં હું તેની દર્શનયાત્રાએ ગયો હતો ત્યાં આ કાવ્યની પ્રેરણા થઈ હતી.

બરાઈ! એક સમે એ પડઘા ને છબિયો દીપતી તુજ દ્વાર,
એક સમે તુજ અંતરકેરો એ જ હતો સુંદર શણગાર!
એક સમે તુજ પક્ષીઓનું એ જ પ્રભાતતણું હતું ગાન,
એક સમે તુજ વૃક્ષોકેરૂં એ જ હતું અમૃતરસપાન! ૩

તો એ સર્વ અહિં ઉરમાં કંઇ ગંભીર આજ જગાડે ભાવ,
ને સ્વાભાવિક અંતર નમતું કલ્પીને એ સહુ દેખાવ:
આત્મ ગયો છે ઉડીને તો વધુ માનયોગ્ય છે તેનો દેહ,†
એમ વિચારી અંતર વધુ વધુ નમતું જાય સ્મરીને એહ. ૪

બરાઈ! તુજ ઝુકતાં ઝાડોમાં સુણ્યો પવન કરતો પોકાર,
તુજ ખેતરમાં, વાટે ધાટે, દીઠો ધૂળ ભરતો સહુ ઠાર;
બરાઈ! તુજ વાડીમાં ફરતાં, દીઠા ફુલના ફીકા હોઠ;—
આત્મ ગયો જ્યાં ત્યાં હું દેખું, જ્યાં ત્યાં જઇ ખોળું છું ખોટ! ૫

કોણ અહિં આવી આ જોતાં ઘડીભર ઉર નહિ લેશ દુભાય?
મહત્ત્વકેરી ગંભીર છાયા કોનું ઉર ઢાંકે ન જરાય?
કોનું ઉર ગળગળતું થઇ નહિ નિજને પ્રશ્ન કરે બે ચાર?—
હશે, પ્રથમથી એમ જ કુદરત ચાલી આવી છે નિરધાર. ૬

---

† મનુષ્ય જીવતાંજીવત અધમ પણ હોય તોય મુઆ પછી તો તેના શરીરને આપણે માનયોગ્ય ગણીએ છીએ, તો આ તો વધુ માનયોગ્ય છે.

સમય સમયમાં જાય સમાઈ, સમય સમયનું દીસે બાળ,
સમય ખરો બળવંતો જગમાં, સમય ખરી છે જગની જાળ;
એ જ સમયમાં વિંટળાતું સહુ દુનિયામાં આગળ ઘસડાય,
શાંત બની જોવું એ સર્વે, રાત્રે તારાઓ જયમ જાય. ૭

બરાઈ! ત્હારી કંઇ કંઇ વાતો મેં સૂણી છે ધરી ઉમંગ,
જોયા વિણુ જોયું મેં સઘળું, અંતરમાં પૂરીને રંગ!
વસંતનો[1] તુજ બ્હાર સ્મરૂં છું આજે આ તપતા ઉરમાંય,
ને તુજ મૂર્ત્તિ અમર મુજ ઉર આ ધારણુ કરીં સાથે લઈ જાય! ૮

---

૧. અનેક સુખી અને આનંદી દિવસ જોયલા તે ત્હારી સુખ-રૂપી વસંતનો.

નવા વર્ષનો ઉપહાર

(અંજનીગીતની ચાલ)

ઝરમર નભથી[1] વરસે જ્યોતિ,[2]
ફુલડાંપર દીપાવે મોતી;
હસતી રસિક સુવાસે ર્‌હોતી
ધરણી[3] નવી આશે !
જ્યોતિને રગરગમાં પ્રીતી,
ફુલડાં ને મોતીમાં મ્હોતી,[4]
ઉર તમ એવું, વ્હાલે જોતી,
ભરશે ઉલ્લાસે !

---

૧. આકાશપરથી. ૨. તેજ; રોશની. ૩. પૃથ્વી.
૪. મોહિત કરતી.

અમારો દેશ

(દિવ્ય)

અમેં ભરતભૂમિના પુત્રો !
અમ માત પુરાણુ પવિત્ર,
રે જેનાં સુંદર સૂત્રો
ઝળકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી
કરશું હોકાર હમેશ:
અમેં દેશી, દેશી, દેશી !
આ દિવ્ય અમારો દેશ ! ૧

અંધાર વિશે અથડાતાં,
કે ફરતાં ભવ્ય પ્રકાશ;
પડતાં રડતાં રગડાતાં,
કે કરતાં હાસ્યવિલાસ;

ખળખળ અમ ઉરનિધિએ[1] શી
    આ ઉછળે ઊર્મિ[2] અશેષ[3]!–
અમેં દેશી, દેશી, દેશી!
    આ દિવ્ય અમારો દેશ! ૨

ક્યાં હશે હિમાલય જેવા?
    ક્યાં પુણ્યપવિત્ર જ ગંગ?
ક્યાં મળે અલૌકિક એવા
    સહુ દેશતણા બહુ રંગ?
ક્યાં મુનિ ઈશ્વરજન બેશી
    કરતા પ્રભુપંથ ઉજેશ?–
અમેં દેશી, દેશી, દેશી!
    આ દિવ્ય અમારો દેશ! ૩

ક્યાં રામ યુધિષ્ઠિર ઘૂમ્યા?
    ક્યાં ગરજ્યા અર્જુન ભીમ?

---

૧. હૈયાના સમુદ્રે. ૨. મોજાં. ૩ સંપૂર્ણ; પૂરેપૂરી.

ક્યાં રજપૂત વીર ઝઝૂમ્યા
બળ દાખવવા જ અસીમ ?
રે ભૂલિયે તે રીતે શા
અમ અંતરથી લવલેશ ?—
અમેં દેશી, દેશી, દેશી !
આ દિવ્ય અમારો દેશ ! ૪

નથીં રે જીવવું પરઆશે :
છે પારકીં આશ નિરાશ ;
નથીં કર ધરવો કો પાસે :
સ્વાશ્રયનો છે ઉલ્લાસ ;
કંઇ પુણ્યપ્રભા જ પ્રવેશી
અહિં દે અમને ઉપદેશ :–
અમેં દેશી, દેશી, દેશી !
આ દિવ્ય અમારો દેશ ! ૫

ધમધમ ધરણી ધ્રુજવીશું,
        અમ દેશતણાં કરી ગાન;
જયજય જયનાદ કરીશું,
        દઈશું મોંઘા અમ પ્રાણ !–
એ ભક્તિ વસી ઉર, તે શી
        દેજો શક્તિ પરમેશ !
અમેં દેશી, દેશી, દેશી !
        આ દિવ્ય અમારો દેશ ! ૬

ભરતભૂમિનું જયગીત

(લાવણી)

ભરતભૂમિના શૂરપુત્ર તે રહ્યા અમે શું રડી રડી ?
રહ્યા અમે શું રડી રડી ?
ખળભળતા ઉછળે બીજા ત્યાં રહ્યા અમે શું પડી પડી ?–

શું ગયા રામ ને કૃષ્ણ અમારા વીરા ?
ભીમાર્જુન આદિ ગયા શું પાંડવ ધીરા ?
શું ગયા દ્રોણ ને કર્ણ, ભીષ્મ ભડ ગાજી ?
પૃથુ, જયમલ્લ, સિદ્ધ, પ્રતાપ અને શિવાજી ?–
એ સહુ વીરોએ વરસાવી જ્યાં શૌર્યતણી ખુબ ઝડી ઝડી,
શૌર્યતણી ખુબ ઝડી ઝડી;
ભરતભૂમિના શૂરપુત્ર તે રહ્યા અમે શું રડી રડી ? ૧

ક્યાં ગંગા, જમુના વળી બ્રહ્મપુત્રા તે?
ક્યાં સિંધુ, તાપી, નર્મદા, સાભ્રમતી ક્યાં તે?
ક્યાં કૃષ્ણા, ગોદાવરી અને કાવેરી?
ક્યાં મહાનદી ને મહી?†— વિરલી ઘણેરી!—
એ સર્વ નદીનું પૂર ઉછળતું ગયું હવે શું ચ્હડી ચ્હડી?
ગયું હવે શું ચ્હડી ચ્હડી?
ભરતભૂમિના શૂરપુત્ર તે રણ્યા અમે શું રડી રડી? ૨

ક્યાં ગયું બ્રહ્મનું તેજ? શૌર્ય ક્ષત્રીનું?
ક્યાં ગઈ વૈસ્યની વૃત્તિ?—થયું સહુ હીણું?
શું ગયા શૂર રજપૂત, ધરા ધૂજાવી?
શું ગયા મરાઠા વીર, આણ વરતાવી?—
એ સહુની હવે શું કથી કથીને વાત જ કરીશું બડી બડી?
વાત જ કરીશું બડી બડી?
ભરતભૂમિના શૂરપુત્ર તે રણ્યા અમે શું રડી રડી? ૩

† એ સર્વ નદીઓ ભરતભૂમિના જૂદા જૂદા ભાગોમાંથી વહે છે એટલે એ સર્વ બાજુની પ્રજાને જાણે શૌર્યનું પાણી પૂરૂં પાડતી હતી, એવો ભાવ છે.

શી યુરોપકેરી ધ્વજા આજ ફરકાયે !
શી વૃદ્ધિ કરી છે આજ અમેરીકાએ !
જાપાન મચ્યું શું આજ, ધરા કંપાવી ;
જગ જોઈ રહ્યું છે શૌર્ય, કુતુક દર્શાવી !
ઓ ! અમે ત્યાર શું સૂતા થાકી ખુબ પરસ્પર લડી લડી ?
ખુબ પરસ્પર લડી લડી ?
ભરતભૂમિના શૂરપુત્ર તે રહ્યા અમે શું રડી રડી ? ૪

"શું હૃદય થયાં છે આજ શૂન્ય કંઈ એવાં,
"લાગે ન કટુવચનબાણ[૧] વજ્રના[૨] જેવાં ?
"શું ગયું હવે ચૈતન્ય[૩] ? જડત્વ સમાયું ?
"શું દેશભક્તિનું પ્રેમઝરણ સૂકાયું ?"—
રે વીરબંધુઓ ! એ હીનશબ્દો સુણીશું ક્યાં સુધી ઘડી ઘડી ?
સુણીશું ક્યાં સુધી ઘડી ઘડી ?
ભરતભૂમિના શૂરપુત્ર શું સદાય રહીશું રડી રડી ? ૫

૧. કડવાં ધિક્કારયુક્ત વચનોનાં તીર. ૨. વજ્ર. કઠણ શસ્ત્ર.
૩. ચેતનશક્તિ. Spirit.

શું પડીશું નહિ મેદાન, શૌર્યથી ઘૂમવા ?
શત્રુને નાખવા હેઠ પાદરજ[1] ચૂમવા ?
કેસરિયાં ધરીને અંગ ઉમંગ ઉમળકે
શું ઘૂમીશું નહિ રણમાંહ્ય રુધિર[2] ઉછળતે ?
શું બુઠ્ઠી થઇ તલવાર અમારી, ફરી ન થાશે ખડી ખડી ?
ફરી ન થાશે ખડી ખડી ?
ભરતભૂમિના શૂરપુત્ર તે રહ્યા અમે શું રડી રડી ? ૬

અમ હૃદય શૌર્ય-અંગાર નથી હોલાયો,
સમયે દાવાનળ સમો ઉલટશે ચાલ્યો !
બ્રીટનની ધ્વજાની હેઠ અમે ઘૂમીશું,
જયજય જયજય જયકાર રણે જ કરીશું !
એ આશ અમારી જયગીતે ને જયડંકાએ જડી જડી,
જયડંકાએ જડી જડી !
ભરતભૂમિના શૂરપુત્ર તે સદા ન રહીશું રડી રડી !! ૭

૧. પગ હેઠળની ધૂળ. ૨. લોહી.

ભરતસમાજની ભક્તિ*

(પદ.)×

જય જગરાયા ! ખુબી તુજ ન્યારી,
હરિ ! તું હસાવને હિન્દ અમારી !—(ધ્રુવ)

તું જગતારક, દુઃખવિદારક, ત્હારી દયા બહુ ભારી ;
આશિષ દઇ કર આ શુભ અવસર જયજય મંગળકારી !—હરિ૦

રામ ને કૃષ્ણની પુણ્યભૂમિ તે આજ રહે કયમ હારી ?
શૂર ચઢાવ ગજાવ હવે તું, નૂર દીપાવ વધારી !— હરિ૦

એક જ સૂત્ર તું કર હિન્દપુત્રનું : "સેતું ન શું ભૂમિ મ્હારી ?"
એક ઉદ્દેશ અને હિત એક જ, એક જ અંતર ધારી !—હરિ૦

ભરતસમાજ તું કર દૃઢ પૂરો, જ્ઞાનબળે શણગારી ;
યજ્ઞ જ આ પ્રભુ ! પાર ઉતારી, હિન્દની જો બલિહારી !—હરિ૦

ભાવિકિરણ કંઇ દૂર હસે છે, હિન્દતિમિર દે વિદારી !
આશ સફળ **ઇશ** અદલ કરે તું, જયજય હિન્દ ઉદ્ધારી !—હરિ૦

---

* આ તથા એની પાછીનું "હિન્દનો વિજયડંકો" એ બે કાવ્યો સને ૧૯૦૨ માં અમદાવાદમાં મળેલી "ઇન્ડીઅન નૅશનલ કૉન્ગ્રેસ" ને પ્રસંગે રચાયાં હતાં તથા કૉન્ગ્રેસમંડપમાં ગ્હેંચાયાં હતાં.
× રાગ કાફી.

હિન્દનો વિજયડંકો

(ગઝલ)

વિજયડંકા કરો આજે, મળ્યા સહુ હિન્દના જાયા !
મળ્યા સહુ હિન્દના જાયા, શૂરા ઝળકાવજો કાયા !—વિજય૦

મુસલમિન, પારસી, હિન્દુ, વળી શિખ ખ્રિસ્તિના બંધુ :
મળી સૌ એક આત્માએ દીપાવો હિન્દ હરખાયા !—વિજય૦

તજો નિજ સ્વાર્થને આઘો, સજો પરમાર્થનો વાગો ;
થઈ લીન દેશભક્તિમાં રહો રસ એહ લપટાયા !— વિજય૦

બીજી જેના સમી ન્હોતી, બની તે આજ કયમ રોતી ?
નથી શું માતૃપ્રેમી અહિં શૂરા, વિદ્વાન, મુનિ, રાયા ? !—વિજય૦

"અમારી એ, અમારી એ, અમારી જ માત એ," વદિયે!
"અમે જીવતા છતાં શું એ રડે?"-સ્મરિયે જ અકળાયા !-વિજ.

ધરો ઉત્સાહ હે આર્યો ! કરો અદ્ભુત સબળ કાર્યો !
કહો શું કાયરા બળહીન તમે જગમાં ન કહેવાયા !—વિજય૦

બનો સહુ એક રહી સંપે, પછી શું નહિ જગત્ કંપે ?
વિદારી હિન્દનાં દુઃખો રહો સુખરંગ રંગાયા !— વિજય૦

ફરજ એ આપણી આજે, વિના તે પુત્ર શા કાજે ?
ખુદા, અલ્લા, હરિ સ્મરીને કરો દૃઢ હિન્દના પાયા !—વિજય૦

ઊઠો ત્યારે સહૂ ગાવો ! ઉદયજયરંગ ઉડાવો !
અદલ પ્રિય હિન્દમાતાને વધાવો રે સપુત ડાહ્યા !—વિજય૦

દેશભક્તની યાચના

(હિંચ)

ઓ ભરતભૂમિના પ્હાડો !
    તમ શિર પૂગ્યાં આકાશ !
તમ જેવા જગમાં બીજા
    નથી ઉન્નત[1] કોની પાસ !
છે પ્રૌઢ પ્રતાપ તમારો,
    તમ ભવ્ય જ છે ભંડાર !
મુજ ભરતભૂમિનો જગમાં
    વરતાવો જયજયકાર ! ૧

ઓ ભરતભૂમિની નદિયો !
    તમ સુંદર ચિત્ર ચરિત્ર !
તમ જેવી જગમાં બીજી
    નથી કોઈ પરમ પવિત્ર !

૧. ઊંચા.

સુગભીરી, ધીરી, વીરી,
તમ પુણ્યકથા આ વાર,
મુજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જયજયકાર ! ૨

ઓ ભરતભૂમિના પુત્રો !—
મુજ દેશતણા નરરત્ન,
જે ગયા ધ્રુજાવી ધરણી
કરીને કંઈ લાખ પ્રયત્ન !
તમ શૌર્ય અને તમ પ્રીતિ
ભરજો, વીરા, સહુ ઠાર !
નિજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જયજયકાર ! ૩

હલદીઘાટનું યુદ્ધ*

(હિન્ચ)

"વીરા ! ચાલો ઝટ રણમાં,
　　કાઢો તાતી તલવાર !
હર હર હર નાદે ઘૂમતા
　　કરિયે અરિનો[1] સંહાર !
રણધીરા હે રજપૂતો,
　　મુજ અંગતણા શણગાર !
રે ચાલો હલદીઘાટે,
　　શૂરા બાવીશહજાર ! ૧

"વીરા ! શું શૌર્ય ગયું છે ?
　　શું રજપૂત થશે ગુલામ ?

* મેવાડના પ્રતાપરાણાને મોગલ શેહેનશાહ અકબરના મહાન્ સૈન્ય સાથે હલદીઘાટના રણમાં થયેલા ઘોર યુદ્ધનું અહિં વર્ણન છે. આ યુદ્ધસંગીતની રચના અંગ્રેજી Ballad જેવી રાખી છે.
૧. દુશ્મનનો.

મેવાડ પરાધીન બનશે?
    શું જશે શિશોદિય[1] નામ?—
નહિ, નહિ, નહિ! રણમાં ચાલો,
    ઝળકાવો તમ હથિયાર!
રે ઘૂમો રાણા સાથે
    શૂરા બાવીશહજાર! ૨

"વીર! તમ આજે રણમાં
    વ્હેશે અસ્ખલિત[2] પ્રવાહ:
રજપૂત-ગૌરવ હજી પણ છે
    તે જોશે અકબરશાહ!
રે આજ પ્રતાપ પ્રતાપે
    ઘૂમી રહેશે રણમોઝાર,
ને સાથે ઝૂઝશે તેના
    શૂરા બાવીશહજાર!"— ૩

ગર્જન કરી એમ પ્રતાપે
    ઝૂકાવ્યું રણે શરીર;

૧. પ્રતાપરાણો શિશોદિયા રજપૂત વંશમાંનો હતો.
૨. વગર અટક્યો.

હોંકાર કરી ત્યાં ઉછળ્યા
　　રાઠોડ, શિશોદિય વીર,
ચંદાવત, સંગાવત ને
　　ઝાલા, ચોહાણુ, પ્રમાર ;—
રિપુને[1] હણુવાને કૂદ્યા
　　શૂરા બાવીશહજાર ! ૪

મોગલ યુવરાજ સલીમ ને
　　અંબરપતિ મહાવીર માન[2]
લઈ સૈન્ય અસંખ્ય જ ઊભા
　　કંઈ સિંધુતરંગ[3] સમાન !
પણુ મૃગટોળામાં[4] કૂદે
　　વનરાજ[5] કરી હોંકાર,
ત્યાં કૂદ્યા તેમ પ્રતાપી
　　શૂરા બાવીશહજાર ! ૫

---

૧. દુશ્મનને. ૨. માનસિંહ. ૩. સમુદ્રના મોજા.
૪. હરણના ટોળામાં. ૫. વનનો રાજા; સિંહ.

ધડ ધડ ધડ થાય ધડાકા
 ખુબ તોપતણા ચોપાસ,
કડ કડ કડ તૂટી પડતું
 નીચે આવે આકાશ !
તેને ન જરા ગણકારી,
 ધરી અંતર શૌર્ય અપાર,
ત્યાં મૃત્યુમુખે હોમાતા
 શૂરા બાવીશહજાર ! ૬

આજે નથી પાછું ફરવું,
 સમરાંગણ[1] છે અવસાન ;[2]
રિપુને હણવું કે મરવું :
 છે એજ અમારી હાણ !–
એવું કહી સહુ ઝૂકાવી
 મોગલને મારે માર ;
રે રેલ સમા ત્યાં રેલે
 શૂરા બાવીશહજાર! ૭

૧. લડાઈનું મેદાન. ૨. છેડો; અંત.

રણવીર પ્રતાપ બધે ત્યાં
કરતો ઘૂમ્યો નાદ પ્રચંડ,
અરૂ આજ પ્રકાશિત કીધું
રણમાં નિજ શૌર્ય અખંડ !
ભેદી અરિહાર ધસ્યો તે
ખુદ સલીમ હતો જે ઠાર ;
હર હર હર કરતા ગરજ્યા
શૂરા બાવીશહજાર ! ૮

આકાશ ધરા ત્યાં કંપ્યાં,
ડોલ્યાં ચૌદે બ્રહ્માંડ !
રણક્ષેત્રે આરંભાયો
શો ભીષણ[૧] હત્યાકાંડ !
ઢગના ઢગ વીરો પડતા,
નહિ શબનો કાંઈ સુમાર ;
લડતા અગણિત મોગલ ને
શૂરા બાવીશહજાર ! ૯

૧. ભયંકર.

માર્યાં રક્ષક ને મ્હાવત
રાણાએ રાખી રંગ,
ને સલીમતણા ગજપર[1] ત્યાં
નિજ અશ્વે મારી છલંગ ![2]
પણ ગજ નિજ પતિને લઈને
ત્યાંથી નાઠો તે વાર ;
રાણા સહ પાછળ દોડ્યા
શૂરા બાવીશહજાર ! ૧૦

“અલ્લા હો અકબર” કરતા
ત્યાં કૂદ્યા મોગલ સર્વ ;
નથી બીરુ[3] બન્યા હજી કાંઈ,
નહિ રણમાં ખોશે ગર્વ ;
ત્યાં ફરી વળી ચોપાસે,
કીધો પ્રભુનો[4] ઉદ્ધાર,

૧. હાથીપર. ૨. આ બનાવ ખાસ નોંધવા લાયક છે.
૩. બાયલા. ૪. ધણીનો ; સલીમનો.

ને વેર્યાં રાણા સાથે
શૂરા બાવીશહજાર ! ૧૧

પણ વીર્યે અપૂર્વ જ કાંઈ
છે પ્રતાપકેરૂં આજ !
એકલડો સૌની વચ્ચે
તે ઘૂમી રહ્યો સિંહરાજ !
અર્જુન શું આજે વેતો
યશ પામ્યો છે વિસ્તાર !
હા ધન્ય પ્રતાપ ! અને તુજ
શૂરા બાવીશહજાર ! ૧૨

એ યુદ્ધથકી ત્રણ વેળા
રજપૂત યોદ્ધા દઈ પ્રાણ,
ઉગારી લાવ્યા બળથી
નિજ રાણાને નિર્વાણ.

પણ જોઇ વીરો નિજ પડતા,
ફરી ભેદી ધસ્યો અરિહાર!
નહિ જાણ્યું હવે નથી સઘળા
શૂરા બાવીશહજાર! ૧૩

અતિ રોષથકી બની ગાંડા,
ઘેર્યો રાણાને ત્યાંય;
ઝબઝબઝબ ચપળા[૧] જેવી
ચમકી અસિયો[૨] રણમાંય!
જાણે ન પ્રતાપ હવે કંઇ
મોગલથી બચે લગાર,
નથી રહ્યા હવે સહુ તેના
શૂરા બાવીશહજાર! ૧૪

એ સ્થિતિ રાણાની જોઈ
ઝાલાપતિ લઈ નિજ વીર,

---

૧. વીજળી. ૨. તરવારો.

મૂક્યું છત્ર પ્રતાપનું માથે
રણુમાં દોડયો રણુધીર !
દિલ્લીશ્વરકેરૂં ઉલટયું
ત્યાં સૈન્ય અસંખ્ય જ ત્યાર,
રે ટપટપ ધરણી ઢળતા
શૂરા બાવીશહજાર ! ૧૫

પણુ રિપુને હણુતા પ્હોંચ્યા
વીર રજપૂત રાણા પાસ,
છોડવ્યો મૃત્યુમુખમાંથી
લાવ્યા રજપૂતની આશ !
પણુ ઝાલાવીર પડ્યો ત્યાં,
નિજ ધર્મ બજાવી સાર,
ને રત્ન[1] સહસ્ર[2] ગુમાવ્યા
શૂરા બાવીશહજાર ! ૧૬

૧. વીરરત્ન. એનો બીજો અર્થ ચૌદ પણ થાય છે. આ લડાઈમાં ચૌદ હજાર રજપૂતો માર્યા ગયા હતા. ૨. હજારો.

ધડ ધડ ધડ થાય ધડાકા
　　ખુબ તોપતણા ચોપાસ,
કડ કડ કડ તૂટી પડતું
　　નીચે આવે આકાશ !
એ સૈન્ય અસંખ્ય વિશેથી
　　નીકળ્યા રજપૂત પાછો બ્હાર:
નહિ ફર્યા અરે કંઇ સઘળા
　　શૂરા બાવીશહજાર ! ૧૭

* * *

રાણાએ તે દિન અંતે
　　છોડયું રણ હલદીઘાટ,
પણ જગતે જોયો તેની
　　શૂરી અસિનો ચળકાટ !
નથી ભારતજન કદી ભૂલ્યા
　　એ યુદ્ધતણા ભણકાર,

સહુ સ્મરે પ્રતાપ અને તે
શૂરા બાવીશહજાર ! १८

હા ધન્ય વીરા રજપૂતો !
છે ધન્ય જ તમ તલવાર !
શું કીર્ત્તિ તમારી જગમાં
કદી કરમાશે પળવાર ?
ઘરઘર અહિં હરનિશ ગાશે
તમ શૌર્યગીતો નરનાર !
રે ધન્ય પ્રતાપ અને એ
શૂરા બાવીશહજાર ! १९

હિન્દના દાદાનું સ્વદેશાગમન

(તા૦ ૧૪ મી ડીસેમ્બર ૧૯૦૬)

(મિશ્ર હરિગીત)

૧

આ દિવ્ય ગાન ગવાય ક્યાં ?
આ પુષ્પવૃષ્ટિ થાય ક્યાં ?
ધમધમ થતાં
ધુનમાં જતાં
જનપદ[1] અહો રેલાય ક્યાં ?
આ સ્મિતગૂંથ્યા[2] સોહંત[3] સ્નેહસુહાગ ક્યાં ?
હેમંતમાંહિં વસંતના આ રાગ ક્યાં ?
શિદ ઉરજગવતી[4] આ પ્રભા[5] ? રસરંગ આ શા કારણે ?–
રે આજ **ભારત**નો પનોતો પુત્ર આવે બારણે !

---

૧. લોકનાં પગલાં. ૨. કોમળ હાસ્યથી ગૂંથેલા.
૩ શોભિતા. ૪. હૈયાને જગાડતી. ૫. રોશની; તેજ.

૨

આ, સ્નેહથાળી લાવજો !
મહિં પુણ્યકંકુ દીપાવજો !
સુખમીઠડું
શોભિત ઈંડું
અમૃતશ્રીફળ સોહાવજો !
મહિં અમર કીર્તિકુસુમ વળી પમરાવજો !
મોંઘાં અલૌકિક મોતિડાં ય જમાવજો !
રે ધન્ય ભારતમાત આજે જાય પુત્ર વધાવવા !
આવો મધુર ગાતાં સહૂ તમ વીર ધન્ય સજાવવા !

૩

વીરા ! પધારો બારણે !
ઊભાં સહૂ તમ કારણે :
હસતે મુખે
અમ સુખદુઃખે

ધાઓ સદા અમ તારણે[1] !
નથી કંઈ કીધું તમ અમૃતપદ સરખું કદી:
નથી કંઈ કીધું તમ દિવ્ય અંતર શું કદી:
પણ 'વીર દાદા છે અમારા,' એમ કહી ઉર ફૂલિયે !
વીરા ! પધારો બારણે ! તમ દર્શને દુ:ખ ભૂલિયે !

૪

પ્રિય દેશ કાજ ઝઝૂમીને,
પરદેશમાં નિત ઘૂમીને,
સેવા કરી
કીધી ખરી
આભારી **ભારતભૂમિને** !
નથી સુખ બીજું જાણ્યું તમે વીરા અરે !
નિત દેશયજ્ઞે[2] જીવનહોમ દીધો ખરે !
હા, એ મહાવ્રત તમ તપો નિશદિન અખંડ પ્રકાશમાં !
ઋષિરાજ ! એ તમ આત્મવ્રત ગૂંથો અમારા શ્વાસમાં !

---

૧. રક્ષણે; મુક્તિએ. ૨. સ્વદેશનું ભલું કરવા માટે માંડેલા યજ્ઞે.

૫

નહિ ભય કદી ધાર્યો ઉરે ;
વીરા ! વળ્યા ભક્તિપૂરે[1],
અરિદળ[2] વિશે
રે હરદિશે[3]
કીધો વિજય એકલશૂરે !
એ અભયવિભૂતિ[4] લગાડજો અમને વીરા !
એ ભક્તિગીતા શિખવજો અમને ધીરા !
તમ મહાભાવતણી પ્રભા અમ હૃદયમાં કંઈ મૂકજો,
અમ પ્રાણમાં ઋષિવીર ! એ તમ મહામંત્ર જ ફૂંકજો !

૬

વીરા ! હસંતા આવજો !
સંદેશ મીઠા લાવજો !
શુચિ[5] સાધુતા,
મધુબંધુતા,

---

૧. ભક્તિની રેલમાં. ૨. દુશ્મનનું લશ્કર. ૩. બધી બાજુએ.
૪. જે ભસ્મથી–ઐશ્વર્યથી–નિર્ભય થવાય તે. ૫. પવિત્ર.

અમ અંતરે પ્રકટાવજો !—
ઘેરી ઘટામાં ઘટ[1] ઘણા ગુંચવાય છે :
અમ યજ્ઞવેદી ઊંડા ભયે ઘેરાય છે :*
ઓ વીર ! વ્હારે આવીને તમ પાંખમાં લ્યો પ્રેમથી,
અમ હૃદયમાં તમ બંધુમાળા પ્રેરી દ્યો વર નેમથી !

૭

વીરા ! પધારો બારણે !
ઊભાં સહૂ તમ કારણે !
ફુલ વેરતી
હર્ષે આર્તિ
આ જય **ભારત** વારણે !
અધુરાં નમન અમ આત્મનાં સ્વીકારજો !
તમ ભાવપૂર્ણ સુછત્ર અમપર ધારજો !
ઓ નાથ ! અંગીકારજો અમ પ્રાર્થના દિનરાતની :
જુગ જુગ જીવે દાદા અહો ! જય જય **શ્રીભારતમાતની** !

---

૧. હૃદય. * આ વેળા કૉન્ગ્રેસપક્ષમાં તેમજ સ્વદેશી-બંધુઓમાં જે મતભેદ થયો હતો તેનું સૂચન છે.

સર ફિરોઝશાહ મહેતાનો વિજય

(ધ્વનિત)

ભડ[1] ભારતવીર ફિરોઝ! સ્વતંત્ર સખે!
નર સિંહ સમાજતણા[2] રણશૂર ખરા!
તુજ ગર્જનથી ગગડાવી ધ્રુજાવી ધરા
જગવ્યા અમને ધસવા સ્વભૂમિપડખે[3].

તુજ કીર્તિરવિ તમ[4] ડૂબવવા હરખે
કંઈ દેશતણા અરિ[5] જે કૂદતા જબરા,
ધૂળમાં સહુ પામ્યો જ કંટકના ગજરા
તુજ તેજપ્રતાપ વિશે બની અંધ ધખે[6]!

---

૧. સમર્થ. ૨. રાષ્ટ્રીયસમાજ, શહેરસમાજ, આદિના. ૩. સ્વદેશની બાજુએ. ૪. અંધારામાં. સપ્તમીનો પ્રત્યય લુપ્ત છે. ૫. શત્રુ. મુંબઈના 'સ્થાનિક સ્વરાજ્ય'માંથી સર ફિરોઝશાહને તથા બીજા દેશહિતૈષી સભાસદોને દૂર કરવા જે 'કોકસ' મંડળ ઊભું થયું હતું તેનો આછો ધ્વનિ છે. ૬. બળે, જળે, ફફડે.

ગુણ[1] ભારત બાંધવમાળતણા[2] વિરલા !
તુજ શબ્દ સમુદ્રતરંગ સમા ગરજે;
તુજ ઉજ્જ્વલ[3], ધૈર્યપ્રતાપી સ્વરાજ્યકલા

પ્રિય દેશજબંધુતણાં[4] ઉરમાં ભરજે;
અમ આશધરાક્ષિતિજે[5] સુપ્રભા[6] સફલા,[7]
વીર ધન્ય ફિરોઝ ! સદા ઉગતી ધરજે !

---

૧ દોરો. ૨. હિન્દની દેશોદ્ધારક બંધુઓરૂપી માળાના. ૩. ઊજળી ; સ્વચ્છ ; તેજસ્વી. ૪. દેશથી જન્મેલા—સ્વદેશી—બંધુનાં. ૫. આશારૂપી ભૂમિની દૃષ્ટિમર્યાદામાં. ૬. શુભ તેજ. ૭. સફળ ; સિદ્ધ.

એક સ્મરણ*

(ધ્વનિત)

રવિ અસ્ત થયો: નભમાં[1] ઘનઘોર કરી
પછી મેઘ પડ્યો ભૂમિને ભર ભીંજવતો;
નભગોળ ધીમે જ ધીમે પછી શાંત થતો
કંઈ ગંભીરરૂપ ઊભો ઘન[2] દૂર હરી;

નભઉર[3] ભર્યાં સહુ તારક[4] ત્યાર ઠરી,
કરી દે નિજ અંતર મેઘ હતો ન હતો,
રવિનો કંઇ દૂર પ્રકાશ કરી જ છતો[5]
નભ પાસ, ફરી સ્મૃતિ[6] દે રવિની મધુરી!—

---

*મર્હુમ મિ. કેખુસરો નવરોજજી કાબરાજીના મૃત્યુના પહેલા વાર્ષિક દિવસ (તા. ૨૫-૪-૧૯૦૫)ની ગંભીર યાદમાં.

૧. આકાશમાં. ૨. વાદળ. ૩. આકાશના હૈયામાં. ૪. તારા. ૫. ખુલ્લો. ૬. યાદ.

તુંય તેમ ગયો : પ્રિય કૈં દુ:ખગ્રસ્ત થયાં;
બહુ આંસુ પડ્યાં ; પછી શાંતિ ધીમે પ્રસરી ;
કંઇ પ્રિયતણાં પણ આંસુ સૂકાઇ ગયાં ;

થયું વર્ષ પસાર ! હવે અમ ઉર ફરી
તુજ કાર્યતણી મધુરી સ્મૃતિમાં વરજી[1]
સહુ શોક ગભીર[2] ઠરે !—પ્રભુની મરજી !†

૨

થયું વર્ષ પસાર ! અહા, વીર કેખુશરો !
કંઈ વર્ષ અનેક શું એક પસાર થયું ;
કંઇ વર્ષ હતું ન હતું ત્યમ ચાલી ગયું !
ગયું;—સાથ ગયો વરી શોકતણો ઉભરો.

---

૧. છોડીને ; તજીને. ૨. ગંભીર.

† "મરણ જેવા પ્રસંગ પછી માણસની લાગણીઓ કેવાં જૂદાં જૂદાં સ્વરૂપ ધારણ કરે છે; એક વેળાનું ઝારઝાર રડતું હૈયું ધીમે ધીમે શાંત બની શોક તજીને મરનારની સ્મૃતિમાં કેવું ગંભીર માધુર્ય જોય છે : અને છેવટે 'પ્રભુની મરજી' જાણીને ઇશ્વર પ્રત્યે કેવી સંતોષ-ભાવના તે સ્થિર કરે છે ;"—એ બધું ઉપલા કાવ્યમાં બતાવ્યું છે. "વળી એ જ લાગણીઓનો ભાવ કુદરતમાં પણ સ્થાપિત થયેલો જે પ્રથમ દર્શાવ્યો છે તે આ પ્રસંગની પ્રૌઢી અને તેનું ગાંભીર્ય બરાબર જાળવી રાખે છે." (મિ. પે. ખ. તારાપોરવાળાકૃત કાબરાજી-સ્મૃતિ'માંથી).

તું ગયો; સહુ આજ વદે 'તું જ વીર ખરો'!
'અમ પાસ તું હોત અરે', ઘડી કૈંક ચહ્યું'
પણ માત્ર હવે સહુ તેં અહિં કીધું કહ્યું—
ફુલ તે સહુનો અમ પાસ રહ્યો ગજરો!

દૂર દિવ્યપ્રકાશ[1] વિશે જ દીપે વીર તું!
અમ આશ જ એહ પ્રકાશ વિશે જડિયે:
અમ ઉર અહિં તિમિરે[2] ગુંચવાય બહૂ;
ભવપર્વત આ તિમિરે ચઢતાં પડિયે;—
કર તેજ ઉરે! ઉર–તાર ચઢાવ સહૂ!
વગડાવ સિતાર અમારી રહી શિર તું! §

---

૧. મિનોઈ રોશની (Divine Light). ૨. અંધારાથી; અંધારાની (અનેક સંકટ–અજ્ઞાન–રૂપી) ઝાડીમાં.

§ "મિ. કાબરાજી સંગીતના ઉસ્તાદ હતા, તેથી અરજ કીધી છે કે અમારા હૈયાનું સંગીત નબળું અને બેસૂર થઈ ગયું છે, તેથી એ હૈયાના તારને તું ચઢાવ, અને હમેશાં જેમ તું હરોલમાં રહેતો/તેમ હમણાં દૂરથી પણ તું અમારે માથે ઊભો રહે, અને એ અમારી હૈયાની સિતારને તું વગડાવ, હિંમત આપ, અને એમ કરીને અમારી આશા જે દરના 'દિવ્ય પ્રકાશ'માં જડેલી છે તે સફળ કરવા ખરો પંથ દર્શાવ!" (બે. પ. ખ. તારાપોરવાળાકૃત 'કાબરાજી–સ્મૃતિ'–માંથી).

ગુર્જરીનો અશ્રુપ્રવાહ*

(મંદાક્રાંતા)

ઊભાં ઊંચાં ગહન ગજ શાં[1] વૃક્ષ ગંભીર ડોલે,
પંખીડાં ત્યાં મધુર સ્વરથી નાચતાં કંઈ બોલે :
ધીમે ધીમે રસિક રમતી મીઠડી લ્હેર આવે,
ને પુષ્પોમાં મધુર રસ ત્યાં રેડતી જાય ભાવે. ૧

ઊડી ઊંચે ફુદડી ફરતા મોતીં વર્ષે ફુવારા,
હંસો દોડી રમત કરતા એ ઝીલે દિવ્યધારા :
આજૂબાજૂ વિટપ[2] તરુની છે ઘટા મોહકારી,
ઝૂલી જ્યાં ત્યાં નવલ[3] કુસુમો[4] એ લીલા દે વધારી. ૨

આકાશેથી શશિ[5] રવિ તથા તારલા તેજ સિંચે,
તેમાં ન્હાતાં તરુ કુસુમ સૌ વાયુ-ઉત્સંગ[6] હિંચે :

---

* સાક્ષરવર્ય ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો સ્વર્ગવાસ : તા૦ ૪ થી જાન્યુઆરી ૧૯૦૭. ૧. હાથી જેવાં. ૨. શાખા. ૩. નવાં. ૪. ફૂલો. ૫. ચંદ્ર. ૬. પવનના ખોળામાં.

રામાકેરાં[1] રસનયન[2] શા સોહ્ય છે માંહિ ક્યારા,
ભૂરે વ્યોમે[3] રસ ટપકતી ઝીલી લે સ્નેહધારા. ૩

પાસે વ્હેતું અમરઝરણું કાલરેખા[4] સમું ત્યાં,
ઊંડા એના ઉરસલિલમાં[5] તત્ત્વ છે કૈંક ગૂંથ્યાં;—
એ લીલામાં સુભગ દીપતી વાટિકા[6] આ હસંત,
આવી જાણે રસરસ થતી આ વિરાજે વસંત![7] ૪

(વસંતતિલકા)

એ વાટિકામહિં વસે અધિદેવી એની,
ગાઈ ગયા જગ ઘણા જન કીર્ત્તિ જેની;
પ્રેમી, સુકોમલ, વિલાસી, ભોળી, રસીલી,[8]
દેવી જુએ ફરતી આજ વસંત ખીલી. ૫

જે દેવમૂર્ત્તિ પ્રિય બાલક સ્નેહમીઠાં
પામ્યાં પ્રસાદ અમી દેવીથકી જ દીઠાં,

---

૧. સ્ત્રીનાં. ૨. રસ ઝરતી આંખ. ૩. આકાશ. ૪. કાળની રેખા; વખતનો ચીલો. ૫. હૈયાના પાણીમાં. ૬. વાડી; ગુર્જરસાહિત્યવાટિકા. ૭. હાલનો કાળ ગુર્જરભાષાની ખીલની વસંતઋતુનો છે. ૮. એ સર્વ વિશેષણો 'દેવી'નાં છે.

આ વાટિકામહિં પ્રીતે સહુ તે પધારે,
દેવીતણું ઉર ભરે કલગાનધારે. ૬

બેશી તહિં ઝરણુ પાસ વિલાસીઁ દેવી
એ બાળની રમત સ્નેહથીઁ જોય એવી :
કો મોરલી નિજ ઘડીભર ત્યાં સુણાવી
ચાલી જતું પલકમાં નિજને છુઁપાવી. ૭

કો પુષ્પ સાથ રમતું રમતું હસે છે,
કો પક્ષીઁને પકડવા ધુનમાં ધસે છે :
દેવી વિહાર સહુનો હરખાતીઁ જોતી
વેરે અમીકુસુમ[1] સર્વનીઁ પાસ મોતી. ૮

(અનુષ્ટુપ)

એવા રમ્ય વિલાસોમાં દેવીના દિન જાય છે,
કદી કો બાલવિયોગે દેવીમુખ મુંઝાય છે. ૯

તથાપિ બાલકો બીજાં આવીને દેવીઁ રીઝવે,
અને કાલુ વચનો ને મીઠડાં ગાન સુણાવે. ૧૦

૧. અમરફૂલો; અમર રાખનારાં ફૂલો.

(વસંતતિલકા)

દેવી તહિં ઝરણુ આગળ એક દિને
એ વાટિકાતણો વસંત જુએ હરીને:
કૈં બાલકો તહિં રમે ફરી આસપાસ,
ને વાટિકામહિં અનન્ય[1] કરે વિલાસ. ૧૧

ગંભીર એક તહિં સુંદર બાળ આવ્યો,
તે મોરલી નિજ સુહસ્ત વિચિત્ર લાવ્યો;
સ્નેહાંગુલી સહજ ફેરવી વેણુ વાઈ
છાયાં સહૂ ઉર અલૌકિક ગાન ગાઈ! ૧૨

મધ્યે શિરે દિધ **સરસ્વતી ચંદ્ર** શોભે,[2]
પૂગે પ્રભા[3] અતુલ જેહની વિશ્વમોભે;
ને અંગુલીમહિં પ્રફુલ્લ સુગાનભદ્રા[4]
દીપે કરે વિરલ અદ્ભુત **સ્નેહમુદ્રા**[5]! ૧૩

---

૧. અતુલ્ય. ૨. સરસ્વતીનો આપેલો ચંદ્ર તેને શિરોમધ્ય શોભે છે. ૩. તેજ; પ્રકાશ. ૪. ઉચ્ચ ગાનથી કલ્યાણ કરનારી. ૫. સ્નેહની વીંટી.

દેવીતણે ચરણ બાલક એ પડ્યો ત્યાં,
આશિષ શીર્ષ લઇ કાંઇ લીધી પ્રતિજ્ઞા ;[1]
બેઠો પછી ઝરણને તટ[2] એ જઇને,
વ્હાલો ઘણો હૃદય દેવીતણે થઇને. ૧૪

જાણે નહીં રજની કે દિન બાળ એ તો,
જાણે નહીં કનકપુષ્પપ્રવાહ[3] વ્હેતો :
તે મોરલી નિજ અલૌકિક એકતાને
વાતો ભરે જગત[4] મોહ અપૂર્વ ગાને ! ૧૫

ડોલાવી દીધી સ્વરમાં નિજ વાટિકા તે,
સૌ બાળ પંખી ઝીલી લે સ્વર ભાતભાતે ;[5]

---

૧. (રા૦ ગોવર્ધનરામે સાહિત્યક્ષેત્રમાં પડતી વખતે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે એમનું ૪૧–૪૨ વર્ષનું વય થયા પછી ધંધો છોડી દઈ માત્ર સાહિત્યનીજ સેવા કરવી; અને પોતાની એ પ્રતિજ્ઞા એમણે પાળી હતી.) ૨. કિનારે. ૩. સોનેરી ફૂલનો પ્રવાહ. (પોતાની મ્હોટી આવક ને ચાલતો ધંધો છોડી દીધાં હતાં તથા કચ્છની દિવાનગીરીનું માનવંત પદ પણ સ્વીકાર્યું ન્હોતું.) ૪. જગતમાં. ૫. (રા. ગોવર્ધનરામે જે નવી દિશા ઉઘાડી તેજ બાજુએ તેમની પછીના નવલકથાલેખકોએ ચાલવા માંડ્યું).

દેવીતણી રસિક સુંદર ગાઢ લીલા,
પૂર્યાં વને વિરલ રાગ ઊંડા રસીલા ! ૧૬

દેવી સુણે અમર અદ્ભુત વેણુ એની,
બેસી વિલીન બની તાન વિશેજ તેની :
ધીમે ધીમે ઝરણવારિ[1] વધ્યાંજ જાય,
ના દેવી કે રસિક બાળ જુએ જરાય ! ૧૭

(સોરઠા)

સહસા ધસતો ત્યાંય ખળકો આવ્યો જળતણો,
લઇને નિજ ઉરમાંય, ગયો લપેટી બાળને ! ૧૮

તૂટ્યા તૂટ્યા સૂર રહી ગયા તે વેણુના ;[2]
ખળકો ચાલ્યો દૂર, બાળ અદૃશ્ય થઈ ગયો ! ૧૯

(ઉપજાતિ)

અંધાર આકાશ વિશે તણાયો,
અને કડાકો ઝટ સંભળાયો,

૧. ઝરણનાં પાણી: કાળનો રોહ. ૨. (તેમના ઘણા ગ્રંથો લખવાના રહી ગયા છે.)

ને વીજળી ત્યાં પડી વ્યોમ ચીરી :
દેવી ઊઠી ત્યાં ચમકી અધીરી ! ૨૦

દેખાય ના બાલક તે કિનારે,
ના વેણુના સૂર સુણાય ત્યાં રે !
ધસી ફૂંફાડે ઝરણું વહે છે,
રે સ્તબ્ધ ત્યાં દેવી થઈ રહે છે ! ૨૧

અને પડી ત્યાં વીજળી ફરીથી,
તે વાટિકાને ચમકાવી દીધી ;
ને દેવીએ દૂર પડેલી દીઠી
તે મોરલી[1] અદ્‌ભુત, ભવ્ય, મીઠી ! ૨૨

વ્હાલે લઈ વેણુ કરે ઉપાડી,
પ્રેમે ચૂમી તે હૃદયે લગાડી,
દેવી રડે ત્યાં અતિ શોક ઊંડે :—
વસંત એ અશ્રુપ્રવાહ[2] બૂડે !— ૨૩

૧. પુસ્તકોરૂપી મોરલી. ૨. આંસુના પ્રવાહમાં.

(ગરબી)*

"મીઠા મોરલીધર ગુર્જરીના બાલુડા !
વિશ્વવિલાસસુવાસભર્યાં તુજ વેણુ જો !
ક્યાં તુજ પગલાં તેજ પનોતાં પાથરે !
સ્વર્ગપ્રભા ઝરતાં રસિયાં તુજ નેણુ જો !
મીઠા મોરલીધર ગુર્જરીના બાલુડા ! ૨૪

"ઊંડા દિવ્યપ્રદેશથકી સરી આવતી
મોંઘેરી ત્હારી મોરલીની તાન જો !
મધુરાં, કોમલ, સ્નેહરસ્યાં, સૂણાવતી
ગંભીર, ઊંડાં મનુજહૃદયનાં ગાન જો !
દૈવી મોરલીધર ગુર્જરીના બાલુડા ! ૨૫

"સૂની સૂની લાગે આ મુજ વાટિકા :
બાલુડાં પંખીડાં દીન મુંઝાય જો ;
તું જ્યાં બેઠો ત્યાં નહિ કોઇ ઉડી શકે :
વિલાસ મ્હારા અધુરા રે રહી જાય જો !
મોંઘા મોરલીધર ગુર્જરીના બાલુડા ! ૨૬

* "ઓધવજી સંદેશો કહેજો શ્યામને"—એ ચાલ.

"મુજ ઊંડી આશાના વ્હાલા વીરલા !
મૂકી ગયો જે મોરલી તુજ આ હાર જો,
એમાં ત્હારાં અધુરાં સ્વપ્ન કળીશ હું:
એ મુજ દંડ[1] અને મુજ કરશણગાર[2] જો !
મંગલ મોરલીધર ગુર્જરીના બાલુડા ! ૨૭

"તુજ રવ[3] મધુરા મધુરા સઘળે સાંભળું :
તેજતિમિરમાં[4] હસતું મુખ તુજ જોઉં જો:
પ્રેમઝરણુમાં નિર્મલઉર ન્હાતો દીસે:
એ તુજ રાસ અખંડ વિશે ચિત્ત પ્રોઉં જો!
મોહન મોરલીધર ગુર્જરીના બાલુડા !"૨૮

(ઇંદ્રવજ્રા)

દેવી રડે છે અતિ શોક ઊંડે,
ને ચક્ષુઓ અશ્રુપ્રવાહ બૂડે;
હાથે ધરી તે પ્રિય મોરલીને
દેવી પડે ત્યાં અતિ દુઃખ દીને. ૨૯

૧. રાજદંડ; Sceptre. ૨. હાથનો શણગાર.
૩. સ્વર; અવાજ. ૪. પ્રકાશમાં તેમજ અંધારામાં.

દેવી રડંતાં સહુ બાળ રોય ;
વર્ષા અહિં આજ વસંત જોય ![1]
ને વાટિકા અશ્રુ વિશે તણાય :—
વાયુ ગયો—પુષ્પ તૂટ્યું જણાય ![2] ૩૦

(દ્રુતવિલંબિત)

તિમિર ત્યાં ખસતું ઝરણાતટે,
તુમુલ[3] વારિ ધીમેજ ધીમે ઘટે ;
અકલ[4] એ વિધિચક્ર[5] વિચારતી,
કંઇક દેવી ઊંડે ધીર ધારતી. ૩૧

---

૧. આંસુના ધોધને લીધે આ ગુર્જરસાહિત્યવાટિકાની વસંતમાં જાણે વર્ષાઋતુ બેઠી હોય ! ૨. પવનનું તોફાન તો ચાલી ગયું પણ તેથી જે ફૂલ એક વખતે તૂટી ગયું તું તો તુટ્યું જ ; તે પાછું તેની ડાળ ઉપર સંધાઇ શકાવાનું નથી ! ૩. પ્રચંડ, વેગવાળું. ૪. કળી નહિ શકાય એવું. ૫. વિધિનું અર્થાત્ પરમાત્માનું સંસારચક્ર.

બકરીનું બચ્ચું

બાળગીત*

(ચોપાયા)

જો પેલું બકરીનું બચ્ચું
કૂદકૂદ કૂદકા મારે,
વાંકી ડોક ઢમઢમ ઢમકે
હરખાઈ શું ભારે ! ૧

રે પેલી બકરીમા એની
પાસે હોય ન જ્યારે,
બેં બેં બેં બેં કરતું એ તો
બૂમો પાડે ત્યારે. ૨

માતા આવે ત્યારે કેવું
બચબચ કરતું ધાવે !
ધાવી પાછું કૂદકા મારે,
કેવો હરખજ આવે ! ૩

હું પણ મ્હારી માડી આવે
તો કેવો હરખાઉં !—
મા, મા, મા, મા, કરતો હું તો
કેવો પાસે જાઉં ! ૪

* આ અને એની પછીનાં બાળગીતો વર્ષ સાતેકની વાત ઉપર સરકારી તેમજ ખાનગી નિશાળના કેટલાક સહૃદય માસ્તરોની સૂચના ઉપરથી લખવામાં આવ્યાં હતાં અને બાળકોમાં તેઓ [illegible] ઉમંગથી ગવાય છે. કેટલાક વિદ્વાન બાળશિક્ષણપ્રવર્તક [illegible] હથી એ બાળગીતો અહિં દાખલ કર્યાં છે. ૪

વાંદરી

બાળગીત

(ચોપાઇ)

જો પેલી ઊભી વાંદરી,
આસેપાસે જોતી ફરી !
કેવું લાંબું એનું પૂંછ,
પાછળ વાળતણો છે ગૂંછ. ૧

ચણા કોઇએ નાખ્યા ત્યાંય,
ચપચપ તે ઉપાડી ખાય ;
ઝડપે બન્ને ગાલો ભરી,
પછી ખાય બેસીને ઠરી ! ૨

પેટે તો વળગાડી બાળ,
ઝાડે ઝાડે મારે ફાળ.
કરે ખીજવવાની કો વાત,
કચકચ કરતી પીસે દાંત ! ૩

શીખવો તેવા ચાળા કરે,
જુઓ મદારી પેટ જ ભરે.
સમજ્યા વગર નકલ જે કરે,
તો નક્કી વાંદર ઠરે ! ૪

કૂકડો

બાળગીત

(ચોપાયા)

સવારનાં પ્હેલો હું ઊઠી
કુકડેકૂક કરૂં છું !
ઊઠાડવા ઉદ્યોગી જનને
તો સીપાઈ બનું છું ! ૧

કુકડેકૂક કુકડેકૂક કરતો
કેવી બૂમો પાડું !
લાંબી ડોક, જબરી હાંક,
સહુને એમ જગાડું. ૨

ડાહ્યાં છોકરડાં તો ભણવા
વ્હેલાં ઊઠે સવારે,
હોંસે હોંસે સહુ પોતાના
પાઠ જ વાંચે ત્યારે. ૩

ચોરો ભાગે, ઊંઘ પણ ન્હાસે :
એ ચતુરાઈ નહીં શું ?
ચલો છોકરાં ! વ્હેલાં ઊઠજો,
કુકડેકૂક કરીશું ! ૪

પ્રભાતની ઈશ્વરસ્તુતિ

બાળગીત*

(ભુજંગી)

અહો નાથ! ઊભા અમે હાથ જોડી,
કરો રંક સ્હામે કૃપાદૃષ્ટિ થોડી;
સદા તાપ ને પાપથી તો ઉગારો,
અમે માગિયે ઈશ એ પ્રેમ ત્હારો! ૧

ઉગ્યો સૂર્ય તો પૂર્વમાં પૂર તેજે,
ગઈ રાત વીતી જુઓ વાત સ્હેજે;
પ્રભો! તું વિના કોણ સંભાળનારો?
અમે માગિયે ઈશ એ પ્રેમ ત્હારો! ૨

પશુ પક્ષી ને પ્રાણિયો કામ લાગ્યાં,
પડી એમ ઉદ્યોગમાં સુખ માગ્યાં;
અમારી પ્રભો! બુદ્ધિ વિદ્યા વધારો,
અમે માગિયે ઈશ એ પ્રેમ ત્હારો! ૩

કૂડાં દુઃખ કાપી રૂડાં સુખ આપો,
અમારા શિરે નાથજી હાથ થાપો!
સુખે જાય આ આજનો દિન સારો,
અમે માગિયે ઈશ એ પ્રેમ ત્હારો! ૪

* આ ગીત "શાળાપત્ર"માં કેટલાંક વર્ષપર છપાઇ ગયેલું છે તેમજ સરકારી નિશાળોમાં બધે ગવાય છે.

એક પ્રવાસ

બાળગીત*

(ઘટિકા)

પાણીનાં ટીપાં કંઇ ન્હાનાં
    રહેતાં સાગરઘેર,
એક વખત ફરવા હરવાને
    ધાર્યું મન શુભ પેર. ૧

વાદળની ગાડી ત્યાં કીધી,
    પવને હાંકી પૂર,
જંગલ ગામ ઉપર થઇ ચાલ્યાં
    ફરતાં હરતાં દૂર ! ૨

પણ તેઓ તો હતાં ઘણાં, ઓ !
    ગાડી ભાગી એમ ;
ને ગભરાઇ બિચારાં નીચે
    તૂટી પડ્યાં ત્યાં તેમ ! ૩

પછી લીલ ને ઘાસ વિશે તો
    ભટક્યાં તે બહુ પેર,
ને છેવટ નદી એક લઇ ગઇ
    તે સહુને ફરી ઘેર ! ૪

* આ બાળગીત અંગ્રેજી ઉપરથી રચવામાં આવ્યું છે. એમાં પદાર્થવિજ્ઞાન બહુ રસિક રીતે શીખવવામાં આવ્યું છે.

બળદ

બાળગીત

(ચોપાયા)*

વાત કહું તે સુણજો વ્હાલે, ધ્યાન ધરીને મ્હારી :
અરે બાપડા બળદતણી આ સેવા જુઓ વિચારી. ૧

બળદ કહે કે ગૌમાતાએ જન્મ મને આ દીધો ;
બેટા ધણીની સેવા કરજે, હૂકમ એવો કીધો ! ૨

પેટ ભરીને દૂધ નહિ પીધું, લીધું તે પણ કાઢી :
ઘાસ અને ચારો ખાઈ હું ખુંદતો ખેતર વાડી. ૩

પાંચ વરસનો થયો હું ત્યારે નાક વિંધી મુજ નાખ્યું,
નાથ જુઓ આ ઘાલી મુજને, સંકટ મેં બહુ સાંખ્યું ! ૪

ગાડીએ મુજને જોતરિયો, બરડે ભટકા ભાગે :
ધમધમ કરતી ગાડી ચાલે, ધમધમ ઘુઘરા વાગે ! ૫

શોભે છે કેવાં મુજ શિંગડાં ! જુઓ તમારે છે કે ?
પાછળ કેવું સુંદર પૂંછડું વળીતું લટકે લ્હેકે ! ૬

ખેડૂતનું બળ હુંથી જાણો, મુજ બળથી હળ હાંકે ;
વ્યવહારજ મ્હારાથી ચાલે, ધણીનો પૈસો પાકે. ૭

એવી ધણીની સેવા કરતો રહું છું રૂડી રીતે :
દયા ધરીને પ્રીતે એ સૌ યાદ કરો શુભ ગીતે ! ૮

* આ ગીત "પ્રભાત રાગ" માં પણ ગાઇ શકાશે.

અટૂલી બાળા*

(અનુષ્ટુપ્)

"અહો નાથ! અહો નાથ! હશે ત્હારૂં ગમ્યું ભલું!"—
ઊંડો ધીમો અહિં રે આ કોણનો સાદ સાંભળું ? ૧

ઊંચી એક શિલા[1] પાસે, ટેકવી શિર હાથમાં,
યુવતી કો હતી બેઠી, ન્હોતું કો પણ સાથમાં. ૨

(વસંતતિલકા)

ડૂબી ગયો રવિ સમુદ્ર વિશે સદૂર,
રંગો રહ્યા પ્રસરી વ્યોમ[2] અનેક પૂર;
ને લાલ સિન્ધુજળ[3] ત્યાં ક્ષિતિજે[4] જણાતું,
ઘાયેલ હંસનું વહ્યું જ્યમ રક્ત[5] રાતું! ૩

---

* મુંબઇમાં એક ગરીબ કુટુંબમાં મરકીથી ૭ માણસ થોડા દિનમાં મરી જતાં માત્ર એક વીશેક વર્ષની છોકરી જ નિરાધાર બચી જવા પામી હતી, એવી વર્તમાનપત્રમાં આવેલી ખબર ઉપરથી આ કાવ્યની પ્રેરણા થઈ છે. બીજી વાર્તા કેવળ કલ્પનાથી જ રચાયેલી છે અને તેમાં દુઃખની પરાકાષ્ઠા બતાવી છે. ૧. પત્થર. ૨. આકાશમાં. ૩. સમુદ્રનું પાણી. ૪. દૃષ્ટિમર્યાદા આગળ. ૫. લોહી.

રંગો બધા રમ્યાં ઘડીક થતા વિલુપ્ત,[1]
વેરાતી ત્યાં તિમિરની[2] રજ ઝાંખી ગુપ્ત;
ને પશ્ચિમે ચમકતો નભ એક તારો
ત્યાં નીકળ્યો રજનીદૂત[3] સમાન ન્યારો. ૪

મારી અનેક વિધ શાંત તટે[4] ઉછાળા
ઘૂમી રહ્યા ગહન સિન્ધુતરંગ કાળા;
ઊંચી નીચી તટશિલાપર ફેન થાતા
કૂદી કૂદી ધસી જતા પછડાઈ જાતા. ૫

ઊંચા રહ્યા કંઈક દૂર નગો[5] અહિંથી,
ત્યાં આથડી ધુધવતા ધ્વનિ એ ફરીથી:
આઘે ઊભું નગર મંદ પ્રકાશમાંહિં,
એ ઘોર સિન્ધુરવમાં[6] ઘૂમી રહેતું કાંઇ! ૬

(ઉપજાતિ)

આ વેળ આ સ્થાન વિશે ન કોઈ
સમુદ્રને તીર જતું જણાતું,
ત્યાં એકલી કો યુવતી જ જોઈ
ઉરે ખરે કૌતુક કાંઇ થાતું! ૭

૧. લોપ; અદૃશ્ય. ૨. અંધારાની. ૩. રાત્રિનો કાસદ.
૪. કિનારે. ૫. પર્વતો. ૬. સમુદ્રના અવાજમાં.

ઉડે છૂટા વાળ ખભાપરે ત્યાં,
તે વાયુ શું વાત કરેજ ઊંડી;
શરીરનું ભાન નહીં અરે જ્યાં,
દેખાય તે એમ તરંગબૂડી. ૮

વયે હતી કૈં વીશથી વધારે,
ઊંડી હતી તોય કપાળરેખા;
ગભીર છાયા મુખ કો પ્રકારે
દેતી હતી ત્યાં નિજ સ્પષ્ટ દેખા. ૯

કરો[૧] હતા આવળડાળ સૂકી,
નિસ્તેજ આંખો ઊંડી કૂપ જેવી;
શિલા કને ત્યાં નિજ શીર્ષ ઝૂકી
જોતી ન જોતી ઉરશૂન્ય એવી. ૧૦

(અનુષ્ટુપ્)

ફરતાં ફરતાં ત્યાંહિં, શિલા પાસેથી હું જતો,
સુણી નિઃશ્વાસ ઊંડો કૈં, ગયો આગળ પૂછતો : ૧૧

'અરે બાઈ! વદી તું શું ? એકલી કયમ આ સ્થળે ?
થશે જો ઘોર અંધારૂં, તારલા વ્યોમ નીકળે!' ૧૨

૧. હાથ.

(શિખરિણી)

જરા ધીમે ધીમે ઊંચકી મુખ જોયું મુજ ભણી,
હતી ઊંડી આંખે કંઇક ભરી વાતો દુ:ખતણી;
દિશા બીજીમાં તે ફરી નિરખવા લાગી જ તહિં,
અને ઊભો ત્યાં હું, સમજ મુજને કૈં પડી નહીં! ૧૩

(અનુષ્ટુપ્)

'કહે બાઈ! તને છે શું? અથવા શું ભૂલી પડી?
શાને નિ:શ્વાસ તું નાખે? રહી શેં અહિં આ ઘડી?' ૧૪

(શિખરિણી)

ફરી ધીમે પાછી ક્ષણભર મને જોઇ પછી તે
નીચેની રેતીને કંઇક ખણતી ત્યાં પગવતે;
નથી અશ્રુ આંખે, તદપિ નિરખી હું દુ:ખી થયો:
કરી ઘૂ ઘૂ સ્હામે, જલધિ[1] પણ શો ઘુઘવી રહ્યો! ૧૫

(અનુષ્ટુપ્)

પુષ્પની કળી શા ફીકા ઉઘાડી પછી ઓષ્ઠને,
ધીમે બોલી, "ભલા ભાઈ! ર્‌હેવા દે એકલી મને! ૧૬

૧. સમુદ્ર.

"નથી કોને કહેતી હું; કહેવાથી કશું બને?
દુઃખીની વાત જાણ્યાથી સુખ શું મળશે તને?" ૧૭

(શિખરિણી)

અરે એ શબ્દોમાં કટુ[1] મધુરતા કૈં ઊંડી હતી,
અરે એ શબ્દોમાં વિરલ શમતા[2] શી થતી છતી!
ભરેલા અંગારા હૃદય અતિ ઊંડા ઝઝળતા,
તથાપિ શબ્દો શા શીતળ મુખમાંથી નીકળતા! ૧૮

(વસંતતિલકા)

'ઓ બાઈ! જાણ તુજ બંધુ ઊભો આ તો,
કહેવી ઘટે ઉરકથા[3] મુજને જરા તો;
શું દુઃખ ના સમજવાં જનબંધુકેરાં?
શું દુઃખ ના સુણવવાં હિતુને ઊંડેરાં? ૧૯

'હાયે ભર્યાં હૃદય કોઇ દયાળુ પાસે
શું દુઃખને ઠલવતાં હલકાં ન થાશે?
શું ગુંગળાઇ જવું અંતરધૂમમાંહિ?
રે બોલ, બોલ, તુજ અંતર બોલ, બાઈ!' ૨૦

૧. કડવી. ૨. શાંતિ. ૩. હૈયાની વાત.

(લલીત)

શિરથકી જરા હાથ સેરવી,
અનિલ[1] ઊડતા વાળ ફેરવી
કર વિશે કંઈ વાળતી જતી
યુવતી બોલી ત્યાં હાય મૂકતી :— ૨૧

(અનુષ્ટુપ્)

"દુઃખીનાં દુઃખની વાતો સુખી ના સમજી શકે :
સુખી જો સમજે પૂરૂં, દુઃખ ના વિશ્વમાં ટકે ! ૨૨

"દુઃખીનાં દુઃખને એવું દુઃખી કોઈક ધારશે ;
દુઃખીના ભાગ્ય વિના કો દુઃખથી ના ઉગારશે. ૨૩

"પડ્યું તેને ખમી લેવું : વિશ્વનો ક્રમ એજ છે ;
પ્રભુ જાણે બધી વાતો ; દુઃખીનો બેલી તેજ છે !" ૨૪

(શિખરિણી)

અહો ! કેવું આ તો યુવતી કડવું સત્ય વદતી !
વયે આ'વી કેવાં જગતકડુતત્ત્વો[2] સમજતી !
હશે છૂપા ઊંડા હૃદયમહિં વ્હેતા વ્રણ[3] કંઈ,
ગણી બોલ્યો: 'દેશે પ્રભુજ સુખ બેલી તુજ થઈ.' ૨૫

---

૧. પવન. ૨. દુનિયાનાં કડવાં તત્ત્વો—કડવો અનુભવ. ૩. જખમ; ઘા.

(ઉપજાતિ)

"નહીં હવે હું સુખ માગું આંહિં!"
એવું કહી બેઠી ટટાર કાંઈ;
સોટી સમા તે કર ઊંચકીને
જોયું નભે બે પળ મુખ દીને. ૨૬

તે તારલાને પળવાર જોતી,
અને સમુદ્રે નિજ દૃષ્ટિ પ્રોતી,
ને ઓષ્ઠ તેના બબડી જતા કૈં:
સૂકાતી દીઠી મૃદુ એ લતા કૈં! ૨૭

સામે શિલા ઉપર બેસવાને
પછી કહ્યું ત્યાં મુજને નિશાને;
ખેંચી ઊંડો શ્વાસ ધીમો જરાય
તે બોલવા લાગી ધીરેથી ત્યાંય:— ૨૮

(અનુષ્ટુપ્)

"અહો ભાઈ! કથા હું આ દુ:ખીની સુણી લે ભલે:
જીવવું છે હવે થોડું, જીવવું યે નહીં ફળે! ૨૯

"જીવનપુષ્પ ને પત્રો લતાનાં આ ખર્યાં ભવે:
શાંત ખૂણે સૂકાઈને મરવાનું રહ્યું હવે! ૩૦

(રેખતો)

"અરે ભાઈ! ફરી આજે
સ્મરૂં તે કાળ તુજ કાજે:
સહૂ આ તારલા જેવું
સરે છે સ્વપ્ન તે કેવું! ૩૧

"હતાં વ્હાલાં પિતામાતા,
અને મોંઘાજ બે ભ્રાતા;
હતું અમ ગાજતું ઘર તે,
ઝરંતી સુખસુધા[1] ફરતે. ૩૨

"હતાં અમ ખેતરો વ્હાલાં,
વળી મીઠાં નદી નાળાં;
હતાં પશુ ને કનકવરણું[2]
અરે તે વ્હાલું મુજ હરણું! ૩૩

"લઘુ[3] મુજ બાંધવો સાથે
રમી કૂદતી નદીમાથે:
રમત અમ પંખીડાં જેવી
હતી નિર્દોષ રે કેવી! ૩૪

૧. સુખનું અમૃત. ૨. સોનાના રંગવાળું. ૩. ન્હાના.

" પ્રભાતે સૌ ઉડે રંગ
રમી ઘડીઁ વાદળી સંગ,
પરમ ત્યમ ખેલતું ન્યારૂં
ગયું શૈશવ[1] વીતી મ્હારૂં. ૩૫

" ગયા દિન સૌ પ્રભાના[2] તે
હવે સ્મરું છું બધી વાતે :
ઠમકતી પંખીડાં જેવી
અહા હું રૂહેત તો કેવી ! ૩૬

" પછી માતાપિતાએ તો
દીધો કર[3] મુજ યુવા[4] લેતો
દયાળુ એક ગુણીજનને,
અને મેં દીધું ત્યાં તનને. ૩૭

" ટળી બાળા બની યુવતી,
મળ્યો વ્હાલો ઉદાર પતિ ;
શીતળ એ છાંયની નીચે
રહી હસતી મોંતિહિંચે. ૩૮

---

૧ બાળપણ. ૨. પ્રકાશના ; ખરા સુખના. ૩. હાથ.
૪. જુવાની.

"અનિલમાં ફૂલડાં નાચી
સુગંધે જેમ રહે રાચી,
હૃદય અમ સ્નેહસુખમાં શાં
હતાં ઝૂલી રહ્યાં ખાસાં ! ૩૯

"પછી અમ પ્રીતિતરુપર જ્યાં
ઉગ્યું ફૂલ એક સુંદર ત્યાં
રહી અમ ઝૂંપડી કેવી
દીપી સુરવાટિકા[1] જેવી ! ૪૦

(અનુષ્ટુપ્)

"ત્રણ વર્ષ ગયાં એવાં સુખપૂર્ણ વસંતનાં ;
પ્રેમલીલાવિલાસે તો હતી ત્યાં કંઈ ચંત ના. ૪૧

"તથાપિ જીવનવૃક્ષે[2] કંટકો અગણિત છે,
સુખપુષ્પોતણી ઋતુ ટૂંકી, એ વિધિરીત છે. ૪૨

"સુખપ્રભા અરે મ્હારી હશે સ્વલ્પ જ એટલી ;
સૂર્યને ઢાંકવા આવી ઘોર ત્યાં કાળી વાદળી !— ૪૩

---

૧. ઇંદ્રની વાડી. ૨. જીંદગીરૂપી ઝાડપર.

(રેખતો)

" પતિ મુજ એક દિન જ્યારે
ફર્યો નિજ કામથી ત્યારે
ફૂલો શું બાલુડું રમતું
હતું અમ આંગણે હસતું. ૪૪

" કુસુમમાં[1] ત્યાં સુગંધે તો
પડ્યો કો સર્પ વળ લેતો;
નહીં તે જાણતું બાળ:
ઉરે સમ પુષ્પ ને કાળ![2] ૪૫

" પતિ મુજ બાળને હસતો
ગયો ત્યાં ચુંબવા ધસતો;[3]
મૂક્યો પગ નિજ કુસુમમાંહિં,
ન જોયું હર્ષમાં કાંઈ! ૪૬

---

૧. ફૂલમાં. ૨. બાળકને મન ફૂલ અને કાળ (Death) બન્ને સરખાં જ છે. ૩. પિતા બહારથી આંગણે આવે અને પોતાના બાળકને ત્યાં જોય તો સ્વાભાવિક રીતે તે પ્રથમ બાળકને લેવા અને ચુંબવા જશે.

"અને તે કાળરૂપ સર્પે
દીધો કૂદી ડંખ ત્યાં ઝડપે,
પછી ક્યહિં તે ગયો ચાલી;
પડ્યો પતિ મુજ ચીસ પાડી! ૪૭

"સુણી એ આંગણે દોડી
ગઈ હું કાર્ય સહુ છોડી;
નિરખતી બાળને હું તો,
દીઠો પતિ મુજ ધરા[1] સૂતો! ૪૮

(અનુષ્ટુપ્)

"'અહો વ્હાલા! કહો શું છે? પડ્યા કેમ અહિં ધરા?'—
'અરે સર્પ! અરે સર્પ!—મીઠા એ બાળ માહરા![2] ૪૯

"'મીઠી ઓ! તુજ આ વ્હાલા હાથમાં મુજ શિર લે!
પ્રભુ બેલી થજો ત્હારો! નાથને ગમ્યું એ ભલે!' ૫૦

---

૧. જમીનપર. ૨. પોતાને સર્પ કરડ્યો છે તે માટે માત્ર સંજ્ઞા કરીને તુરત પોતાના બાળકને માટે રખે સર્પ કાંઇ ઇજા કીધી હોય કરી ઉદ્ગાર કરે છે.

(દ્રુતવિલંબિત)

" પલક દૃષ્ટિ દયાભરી ધારતો
પતિ ગયો[૧] પ્રભુનામ પુકારતો ;
સુકૃતિ[૨] આત્મ થયો સુખી સ્હેજમાં,
પૂનમચંદ્ર ગયો ડૂબી તેજમાં ![૩] ૫૧

(અનુષ્ટુપ્)

" ઘડીમાં આ થયું તે શું ! સ્વર્ગમાંથી તૂટી પડી[૪] !
પુણ્યશાલી ગયો વ્હાલો; હવે ક્યાં સુખની ઘડી? ૫૨

" અરેરે ! સુખનું પ્યાલું ઢોળાય છે ઘડી વિશે !
દુનિયામાં નહીં તેને ધરવા દૃઢ કો દીસે ! ૫૩

" નહીં દુઃખ દીઠું જેણે, જાણશે ખમી ના શકે :[૫]
નહીં પ્રાણ પતિ સાથે ગયા મ્હારા ય તે તકે. ૫૪

---

૧. સ્વર્ગે ગયો. ૨. પુણ્યકર્મ કરવાવાળો. ૩. પુર્ણિમાનો ચંદ્ર જેમ સંપૂર્ણ તેજમાં અસ્ત થાય છે તેમ તે સંપૂર્ણ સુખમાં હતો ત્યારે મરણ પામ્યો. ૪. 'પડી'નો કર્ત્તા 'હું' અધ્યાહાર છે. ૫. જેણે દુઃખ જોયું નથી તેની ઉપર જ્યારે પ્રથમ દુઃખ આવી પડે છે ત્યારે તે એમજ સમજેછે કે આ દુઃખ ખમાવાનું નથી.

"અશ્રુના[1] ધોધ નાખીને રડી'તી ત્યાર હું ઘણું ;
હવે તો આ ભૂંડી આંખે બિંદુ યે નથી અશ્રુનું !" ૫૫

(ઉપજાતિ)

થોભી જરા એમ કહી મને તે,
સુણ્યું ઉરે મેં અનુકંપ વ્હેતે ;
તથાપિ તે ઊંડોજ ચક્ષુમાંહિં[2]
અશ્રુતણું બિંદુ હતું ન કાંઈ! ૫૬

આકાશ સંધ્યા પછી થાય જેમ,
ના તારલા કે નહિ તેજ તેમ,
જણાતી તે તો તહિં મંદ આંખે
ગભીર ઝૂકી રહી અશ્રુ પાખે.[3] ૫૭

ધાર્યું જરા મેં પણ મૌન ત્યાંહિં,
કહ્યું પછી મેંજ ધીરેથી કાંઈ:
'રે બાઈ! ઈચ્છા પ્રભુની હશે એ ;
હવે ઘટે ધારવું ધૈર્ય હૈયે. ૫૮

---

૧. આંસુના. ૨. આંખમાં. ૩. વગર.

'છે પુત્ર મીઠો તુજ પાસ જ્યારે,
ના રાખવો શોક ઘટેજ ત્યારે;
તું રાખ શ્રદ્ધા[1] પ્રભુમાં વિશેષે,
એ પુત્ર ત્હારો સુખ સર્વ દેશે!' ૫૯

(દ્રુતવિલંબિત)

સુણી મને વદી તેહ, "નહીં, નહીં!
હજી તને સુણવું કંઇ છે અહિં;-
શરુ થઈ દુઃખરાત્રિજ મ્હારી ત્યાં:
શિદ ન સર્પ! મને ડસી મારી ત્યાં? ૬૦

(અનુષ્ટુપ્)

"તથાપિ હું જીવી તે તો ડૂબવા દુઃખસાગરે!
હશે, ભાઈ! નહીં તો આ દુઃખિની[2] વાત ક્યાં કરે! ૬૧

(ઉપજાતિ)

"માતાપિતા બંધુ થયાંજ દુઃખી,
રહ્યાં ઘડી સર્વ નિસાસ મૂકી;
સંબંધી કોઈ પતિનાં હતાં ના,
પિતા મને સાથ લઈ ગયા ત્યાં. ૬૨

---

૧. વિશ્વાસ. ૨. દુખિયારી.

" દુઃખી હતી હું વિધવા ઘણેરી,
માતાપિતા બંધુ દયા અનેરી
સૌ રાખતાં હું પર પૂર્ણ ભાવે;
દયા સમો લેપ ન દુઃખઘાવે. ૬૩

" ને બાળ મ્હારો ખીલતોજ ક્યારો,
હું દુઃખીની આશતણો સિતારો,
કરી મીઠા ખેલ મને રીઝાવી
ઘડીક દેતો દુઃખને ભૂલાવી. ૬૪

" પિતા હતો રંક, ગૃહે તથાપિ
સંતોષમાં શાંતિ હતીજ વ્યાપી;
બે વર્ષ સ્હેજે વધુ એમ વીત્યાં,
આવી વિપત્તિ પછી તો નવી ત્યાં! ૬૫

" આ દેશ નાવ્યો વરસાદ કાંઇ,
દુષ્કાળ બે વર્ષ પડ્યોજ ભાઈ!
મળ્યું ન પીવા પણ પાણી પૂરું,
તાપે તપંતું હતું વ્યોમ ભૂરું. ૬૬

"વ્યોમે જતા મેઘ[1] નિહાળી કાળા
રે મારતાં ખેડુ–ઉરો ઉછાળા,
તથાપિ સૌ ક્ષેત્ર ગયાં સૂકાઈ;—
જાણેજ તું એ સહુ વાત, ભાઈ! ૬૭

"વેચાઇ સૌ ક્ષેત્ર ગયાં પિતાનાં:
રે રંક તે નીભી શકેજ શાનાં!
પાસે ન પાઈ, વળી અન્ન મોંઘું:
થયું ભૂખે ત્યાં ભમવાનું સોંઘું! ૬૮

"સુખી હતાં તે સહુ દુઃખ દૂભ્યાં,
પ્રભો! પ્રભો!– નિત્ય કરંત ઊભાં;
ત્યાં આપતું કોઈ ન હાથ ઊઠી,
મળ્યું ન ખાવા પણ અન્ન મૂઠી. ૬૯

"કૈં છોકરાં ખાઇ ગયાંજ ભૂખે,
હા તે કહે જાય ન ત્રાસ મુખે!
મુઆં ગરીબો કંઈ થોકબંધ,
ખરે હતો એહ દુકાળ અંધ. ૭૦

૧. વાદળાં.

" પિતા અને બાંધવ પ્રિય મ્હારા
કે લાવતા ત્યાં રખડી બિચારા ;
પ્રભુકૃપાએ કરી જેમતેમ
બે વર્ષ પૂરાં પણ કીધ એમ. ૭૧

" મેઘે પછી મૂશળધાર આવી
ભલી લીલાલ્હેર બધે જમાવી ;–
સુખી તથાપિ અહિં કો જણાતું
અભાગ્યની ઘંટીતળે દળાતું ? ૭૨

" ઓછાં હતાં ના કંઇ દુઃખ વીત્યાં,
રે દુષ્ટ પૂઠે મરકી ધસી ત્યાં ;
સુખી દુઃખી સર્વ લીધાં ઝપાટે,
હા, મૃત્યુ સોંઘું થયું વાટઘાટે ! ૭૩

" રે સૂર્ય ચંદ્રા સમ બેઉ મ્હારા
મોંઘા ઘણા બાંધવ તો બિચારા
ગયા જ એના બની ભોગ, ભાઈ !
માતાપિતાએ લીધી પૂઠ ત્યાંહિં ! ૭૪

"થઈ ગયું સૌ દસ દિનમાં એ:
હવે સ્મરૂં સર્વ વિલાપ ક્યાં એ?
હું પાંગળીનો પગ એય તૂટ્યો,
આધાર કાળે મુજ સર્વ લૂટ્યો. ૭૫

"રહ્યો નહીં ત્યાં મુજ કોઇ વાલી,
ભર્યું જગત્ આ મુજ માટ ખાલી;
ભર્યા સમુદ્રે તૃણ શું તણાતાં
રે હું અને બાળ થયાં ઝિંકાતાં! ૭૬

"હતી શરીરે નહિ શક્તિ કાંઈ,
હતી ન કોડી પણ પાસ, ભાઈ!
ને કોમલાંગી મુજ બાળ કેવો
થયો હતો ભૂખથી કાષ્ટ જેવો! ૭૭

"ભમી ભમી હું કંઈ દ્વારદ્વારે
ના પેટપૂરૂં પણ પામી ક્યારે;
રડી રડી બાળ થતો બિચારો,
મ્હારૂં થયું જીવન દુઃખભારો. ૭૮

" વહી ગયા ત્યાં વળી ચાર માસ,
પછી તજી બાળકકેરી આશ :
છોડી ગયો આ જગનો કિનારો
ઝૂમી ઝૂમી આખર બાળ મ્હારો ! ૭૯

" ખર્યું નહીં તે પળ અશ્રુ એક ! †
થઈ હતી પત્થર જેવી છેક ;
શિલા નીચે આ લઈ આવી આંહિં,
સોંપ્યો ધરાને મુજ બાળ, ભાઈ ! ૮૦

(અનુષ્ટુપ્)

" તરંગો[1] સૌ ઘૂમે સાથે દુઃખની ભરતી વિશે,
અરે ભાઈ! થયું એવું : પ્રભુની મરજી હશે ! ૮૧

" અંધ જેવી બની હું તો ઠામ ઠામ પછી ભમું ;
શિલા પાસે અહિં રોજ આવીને સાંઝ નિર્ગમું. ૮૨

---

† દુઃખના ઉપરાઉપરી ઘાથી હૈયું એવું જડ બની ગયું કે જ્યારે પોતાનો અતિ પ્રિય બાળક મરણ પામ્યો ત્યારે આંખમાંથી આંસુનું એક બિંદુ પણ ખર્યું નહિ !

૧. મોજાં.

"હતી હું ને થઈ શું છું: હવે તો સહુ વિસ્મરૂં[1]:
પુર[2] ને આ શિલા વચ્ચે અનપેક્ષ[3] ભમ્યા કરૂં!" ૮૩

(વસંતતિલકા)

તે એટલું વદી રહી પછી ત્યાં વિરામી,
ગંભીર છાય મુખ ઉપર કાંઇ જામી;
ને ત્યાં શિલાપર રહી અનિમેષ[4] જોતી,
પાછી જણાતી કંઇ તે ઉરભાન ખોતી. ૮૪

એ દુઃખમૂર્ત્તિ નિરખી ચખ[5] અશ્રુ આવ્યાં,
એ શાંત દુઃખવદને મુજ કૈં ભૂલાવ્યાં;—
તે ના રડી કંઇ, વળી ન નિસાસ નાખ્યો,
લાંબો કરી કર શિલાપર એક રાખ્યો. ૮૫

ઊંડે ઉરે ઠરી ગયાં સહુ અશ્રુ એનાં,
તે દુઃખતાપથકી યે પીગળી શકે ના!

---

૧. ભૂલી જાઉં છું. ૨. નગર; શહેર. ૩. ઇચ્છા રહિત. આ શબ્દ અહિં હૈયાનાં ખરાં તરફડીઆં બતાવે છે. ૪. આંખ ના મીંચતી એવી. ૫. આંખમાં.

તે સાથ ત્યાં ઠરી જતી યુવતી જણાતી,
અશ્રુ વિના જીવનજ્યોતિ જતી બૂઝાતી!'[1] ૮૬

(ઉપજાતિ)

પછી કહ્યું મેં જઇ પાસ તેની,
'શિલાથકી ઊઠ હવે તું બ્હેની!
ધાર્યું હતું તે થયું નાથકેરૂં; ૮૭
બ્હોળું જગત્ જો પડ્યું રમ્યઘેરૂં!

'જો આ દીસે કાળીજ ઘોર રાત,
ટળી થશે સુંદર તે પ્રભાત;
ને સિન્ધુ આ ઓટ વિશે ઠરીને
ગાજે ફરી જો ભરતી ભરીને! ૮૮

(અનુષ્ટુપ્)

'તુજથી યે હશે દુઃખી વધુ આ દુનિયામહિં:
વિધિકેરી કળા એવી અકળા કો કળે નહીં. ૮૯

---

૧. આંસુ દુઃખને હલકું કરનાર છે તેથી જીવનની જોત આંસુના તેલમાં બળતી જણાવીછે. એ આંસુ ઠરી જતાં અને દુઃખના તાપથી યે નહિ પીગળતાં તે યુવતીની જીવનજ્યોતિ ધીમે ધીમે બૂઝાતી જતી જણાતી હતી.

'રડી લે તું જરા બાઈ! પછી સૌ સૂઝશે તને :
વધે છે ઘોર રાત્રિ આ, ચાલ મુજ સખી કને !' ૯૦

(દ્રુતવિલંબિત)

શીતળ નેણ પછી ઊંચક્યાં તહિં
મુજ ભણી ઉપકાર વિશે જરા ;
ફરતી તે પછી બોલી: "નહીં, નહીં !
નથી હવે રહી રે મુજ આ ધરા. ૯૧

(અનુષ્ટુપ્)

"રડવું તે હશે કેવું, હવે હું નહિ જાણતી :
ભૂલી દેહ, ભૂલી કાળ,–મ્હારી એ જ હવે ગતિ!† ૯૨

(દ્રુતવિલંબિત)

"ખબર ના મુજને જગની હવે,
દિવસ રાત મને સરખાં ભવે :
હૃદય મ્હારૂં મુખે સઘળું વદી
પ્રકટ પૂરૂં કરી ન શકું કદી. ૯૩

† અહિં દુઃખની ખરેખરી પરાકાષ્ઠા છે.

(અનુષ્ટુપ્)

"શબ્દમાં શોકની છાયા પૂરી ભાઈ! ન આવશે;
શબ્દ ના પ્રાણુની વાતો કદાપિ પ્રકટાવશે!" ૯૪

(ઉપજાતિ)

શોભી અહિં એક પળો પછી તે,
મુખે દીઠો ફેર ન કોઇ રીતે;
આકાશ જોયું ફરીને બધેથી,
પછી ગઈ કૈં બબડી ધીમેથી:- ૯૫

(અનુષ્ટુપ્)

"અહો નાથ! અહો નાથ! હશે ત્હારૂં ગમ્યું ભલું!
અહો વ્હાલાં! અરે મીઠાં!-હૃદયે કશું સાંભળું.[1]" ૯૬

(દ્રુતવિલંબિત)

ગુંઠણુ તે પડી એવુંજ ભાખીને,
ઉભય[2] હાથ શિલાપર રાખીને

---

૧. બંધ પડતા હૈયાના છેલ્લા ધબકારાનો અહિં ધ્વનિ છે.
૨. બન્ને.

શિર મૂકી પછી ત્યાં યુવતી રહી,
ગભીર શાંતિ જરા પ્રસરી તહિં. ૯૭

પલક પાંચ પછી જઇ જોયું મેં,
યુવતી શાંત પડી હતી તે સમે;—
નયન શુષ્ક[1] ગૂંથાઇ ગયાં હતાં,
પરમ સ્વપ્ન ઊંડાંજ ભર્યાં જતાં![2] ૯૮

(અનુષ્ટુપ્)

શાંતિ! શાંતિ! પ્રભો શાંતિ! દુઃખી આ જીવડા પરે!
નાથ ઓ! તું વિના કોણ તારશે દુઃખીને ખરે! ૯૯

(વસંતતિલકા)

તે ચિત્રની ઉપર હું ઘડી દૃષ્ટિ નાખી
જોઈ રહ્યો પરમ ગંભીર મૌન રાખી:
સ્હામે અનેક વિધ મારી તટે ઉછાળા
ઘૂમી રહ્યા ગહન સિન્ધુતરંગ કાળા. ૧૦૦

---

૧. સૂકાં; આંસુ વગરનાં. ૨. યુવતી શાંત મરણ પામી હતી એટલે હવે પરમ ઊંડાં સ્વપ્ન જ તેની સૂકી આંખો જોયા કરતી હતી.

ઊંચા રહ્યા કંઇક દૂર નગો અહિંથી
ત્યાં આપડી ઘુઘવતા ધ્વનિ એ ફરીથી;
ને તારલા ચમકતા ગગને અનંત
એ ઘોર સિન્ધુરવમાં ઝૂલતા દિસંત! ૧૦૧

દશરથ અને શ્રવણવધ*

(માલિની)

દશરથ નૃપ[1] ન્યાયી, શ્રીઅયોધ્યાપતિ એ,
કુશલ શરનીં[2] પામ્યો શબ્દવેધી[3] ગતિ[4] જે;
સુત સમ સહુ પાળે છે પ્રજાને પ્રીતેથી,
તદપિ નૃપ વિમાસે, પેટ ના પુત્ર તેથી. ૧

(વસંતતિલકા)

ચાલ્યા જતા કંઈ દિનો શુભ ધર્મદાને,
સંતોખતો નૃપ અનેક રીતે પ્રજાને :
વિદ્યા, વિવેક, નીતિ, સત્ય, દયાથી ભૂપ
ચોપાસ ભાનુ[5] સમ દીપી રહ્યો અનૂપ. ૨

* રામાયણમાંની આ સુપ્રસિદ્ધ કથાને અહિં કાવ્યને યોગ્ય થોડાક ફેરફાર સાથે ઉતારી છે. આરંભનું સ્વપ્નવર્ણન તથા બીજો કેટલોક ભાગ કલ્પિત જ છે. ૧. રાજા. ૨. તીરની. ૩. માત્ર અવાજ આવે ત્યાં જોયા વગર તાકીને આબાદ મારવાવાળી. ૪. શક્તિ; કળા. ૫. સૂર્ય.

(અનુષ્ટુપ્)

એક રાત્રિ સૂતો રાય, ભૃંગ[1] શું ગોદમાં પડી
કૌશલ્યા વ્હાલી રાણી શું કરતો મિષ્ટ ગોઠડી. ૩

(વસંતતિલકા)

સૂતો સમીપ[2] પતિ ધર્મસ્વરૂપ વ્હાલો,
તેને સતી નિરખતી કરી કૈંક ખ્યાલો;
મીઠા સુકોમલ કરે કંઇ વાયુ ઢાળે,
✓રેખા લલાટ ધ્રુજતી પતિને નિહાળે. ૪

ચાલી જતી મધુર જામની[3] જોતજોતાં,
ને ચંદ્રદર્શન હજીય થયાં જ ન્હોતાં :
એવું જતું મધુર યૌવન પુત્ર પાખી[4]
ધારી સતી મુખ ધરે કંઇ છાય ઝાંખી. ૫

(અનુષ્ટુપ્)

ઝબકી નૃપ ત્યાં જાગે, "ક્ષમા ! નાથ, ક્ષમા ! કહી,
ધ્રુજતો ચક્ષુ ઉઘાડી અનિમેષ[5] જુએ તહિં ! ૬

---

૧. ભમરો. ૨. પાસે. ૩. રાત. ૪. વગર.
૫. આંખ મીંચ્યા વિના ટગર ટગર.

"શું છે, વ્હાલા ?" કરી ઊઠી ઝૂકી નૃપતિને શિરે,
કપોલે[1] ચુંબીને વ્હાલે વાયુ ઢાળે સતી ધીરે. ૭

(વસંતતિલકા)

હૈયું રહે નૃપતિનું ધબકી જરાય,
ને હસ્ત ત્યાં કમલ શું સતીનો દબાય;
ધીમેધીમે નૃપતિ સાવધ ત્યાં બને છે,
ને હસ્ત ચુંબી સતીનો કંઇ તે કહે છે. ૮

"વ્હાલી ! દીઠું હૃદયકંપિત સ્વપ્ન આજે,
સંભારી તે નવ શકું સહુ તુજ કાજે;
જાણે ગયો વન વિશે ફરતો હું કાંઈ,
ઊંડું તિમિર[2] વરસી રહ્યું ગાઢ ત્યાંહિ; ૯

"સૂઝ્યો ન માર્ગ મુજને, તહિં શબ્દ આવ્યો,
ને ત્યાં અચૂક મુજ તે શરને ઉડાવ્યો;
ઊડ્યું તિમિર તહિં મેં જઇ દીઠું ધારી:
માર્યાં જ મેં પુરુષ બે વળી એક નારી ! ૧૦

---

૧. ગાલે. ૨. અંધારું.

"એ દેખીને તુરત ત્યાં ધરણી પડ્યો હું :-
ને વ્હાલી! આ તુજ કને તહિં તો ઊંઠ્યો હું!
હા નાથ! તું કર ક્ષમા અપરાધ મ્હારા!
વ્હાલી! હશે સમીપમાં શુંય દુઃખભારા?" ૧૧

(અનુષ્ટુપ્)

"ન્હેજે અંધારમાં સર્વે દુઃખ તો દૂર નાથનાં!
ધર્મી રાજપતિ મ્હારા! ટાળી એ સ્વપ્ન વાતનાં!" ૧૨

સતી એવું કહે ત્યાં તો લે તેને નૃપ સોડમાં:
ક્ષિતિજે[1] ચંદ્રની છાયા ઉગે છે તહિં કોડમાં. † ૧૩

* * *

---

૧. દષ્ટિમર્યાદાપર. † ઉપર ૫ મી કડીમાં પુત્ર વિનાની ચાલી જતી જુવાનીને રાત્રિ અને ચંદ્રના અદર્શનનું જે સામ્ય આપ્યું છે તેની છાયા ફરી અહિં સ્વપ્નાંતે આવી છે. પુત્રની આશા ફળીભૂત થવાનું બીજ પ્રથમ આ સ્વપ્નમાં રહ્યું છે એમ બતાવતી જાણે તે પુત્રરૂપ ચંદ્રની છાયા દષ્ટિમર્યાદાપર ઉગતી લાગે છે.

(મંદાક્રાંતા)

યાત્રા અર્ધી દિનકર[1] કરી વ્યોમમાં[2] જ્યાં ઢળે છે,
તેજે તેજે વિટપ[3] તરુનાં પર્ણ[4] સૌ ઝગઝગે છે;
આવે ઊનો અનિલ[5] સરતો વૃક્ષને ત્યાં હલાવી,
રાજદ્વારે હણુણ કરતો, ને ઊભો અશ્વ આવી. ૧૪

(અનુષ્ટુપ્)

શસ્ત્ર ધારી ચઢ્યો રાય, પંપાળી તે મયાથકી;
દશરથ પળ્યો પોતે વનમાં મૃગયાથકી.[6] ૧૫

(મંદાક્રાંતા)

ધીમે ધીમે રવિ ઉતરતો જેમ સંધ્યા શું[7] જાય,
ચાલ્યો જાતો વન વન વિશે દૂર ને દૂર રાય;
ઝાડી ઝાડી ફરી વળી બધે શોધતો જાય ફાંકે,
તોયે ના કો મૃગ કર ચઢ્યો, રાય ને અશ્વ હાંફે. ૧૬

૧. સૂર્ય. ૨. આકાશમાં. ૩. શાખા. ૪. પાંદડાં.
૫. પવન. ૬. હરણના શિકાર માટે. ૭. સંધ્યા આગળ; સાંઝની પાસે.

ધીમે ધીમે તિમિર ઉતરી વ્યોમથી ભૂમિ છાય,
પંખીડાં સૌ કલરવ[1] કરી દોડીં માળે ભરાય ;
ચાલ્યો જાતો નૃપતિં વનમાં એમ કૈં દૂર દૂર,
ને ત્યાં સ્નાને સૅરવર પછી જોય વિશ્રાંતિપૂર. ૧૭

અશ્વેથી ત્યાં નૃપતિ ઉતરી વૃક્ષ નીચે ઠરે છે,
થાક્યાં ઘેરાં નયન પળ ત્યાં શાંતિ ઊંડી ભરે છે :
ધીમે ધીમે સકળ નીકળીં વ્યોમ તારા ઝબૂકે,
પૂરે ગાઢું તિમિર વન ને વાયુ ગંભીર ફૂંકે. ૧૮

(માલિની)

સરવરથકીં આવ્યો દૂરથી શબ્દ ત્યાંહિં,
નૃપતિ તુરત ઊઠી બાણ લે હસ્તમાંહિં :
મૃગ કદીં જળ પીવા ત્યાં હશે કોઇ આવ્યો,
અચૂંક શર નૃપે ત્યાં એમ ધારી ઉડાવ્યો. ૧૯

(અનુષ્ટુપ્)

પળમાં રીડ[2] ત્યાં તીણી "અહો નાથ !" કરી પડે,
ધબકારો પછી વેગે નૃપને કર્ણ આથડે ! ૨૦

---

૧. કોમલ મધુરા સ્વર. ૨. બૂમ ; ચીસ.

પડે ત્યાં શસ્ત્ર ભૂમિએ, અસ્વસ્થ નૃપ થાય છે ;
અને રીડ સુણી જ્યાંથી, દોડી ત્યાં ઝટ જાય છે. ૨૧

(વસંતતિલકા)

સંધ્યા સમે જલધિના[1] જલ રક્ત[2] માંહિં
દેખાય ઊંડું ધ્રુજતું રવિબિંબ[3] કાંઈ:
હા લોટતો રુધિરમાં[4] ત્યમ ત્યાં અકેલો
જોગી શું એક દ્વિજપુત્ર[5] દિસે પડેલો ! ૨૨

ઢોળાઇને પડ્યું કમંડલ[6] તેની પાસ,
વિંધાઇને શર[7] ઊંડે ઉર લેતું શ્વાસ ;
"ઓ નાથ! નાથ!" વદતો પગને અફાળે,
ત્યાં આવીને નૃપતિ દીન મુખે નિહાળે : ૨૩

---

૧. સમુદ્રના. ૨. રાતું. ૩. સૂર્યનું પ્રતિબિંબ (સમુદ્રના લાલ પાણીમાં દેખાતું). ૪. લોહીમાં. ૫. બ્રાહ્મણનો પુત્ર. ૬. જોગીઓ અને ફકીરો પોતાની સાથે ઝેરી નાળિયેરના અડધિયાનું જે વાસણ રાખે છે, તે. ૭. તીર.

(અનુષ્ટુપ્)

"ક્ષમા, ભાઈ! ક્ષમા દે આ અયોગ્ય મુજ કર્મને!
અજ્ઞાત[1] નૃપ આ ડૂબ્યો પારાવાર[2] અધર્મને!" ૨૪

(ઉપજાતિ)

એવું સુણી ત્યાં નૃપને મુખેથી,
તરુણ કષ્ટે વદતો ધીમેથી:
"આ શો કર્યો તેં નૃપ! હાલ મ્હારો?
કીધો કશો મેં અપરાધ ત્હારો? ૨૫

"માતાપિતા અંધ અશક્ત મ્હારાં
તૃષાથકી ત્યાં ટવળે બિચારાં;
હું પુત્ર આવ્યો જળ કાજ આંહિ,
ત્યાં બાણ પેઠું મુજ ઉરમાંહિ! ૨૬

"હવે બિચારાં મરશે ઝૂરીને,
કૈં આર્તનાદો[3] ગગને પૂરીને!—

---

૧. અણજાણ. ૨. સમુદ્ર. ૩. દુ:ખના પુકાર.

પ્રાયશ્ચિતે કોઇ રીતે ન રાય,
આ ઊડતો શ્વાસ કદી રખાય ![1] ૨૭

"ત્વરાથકી[2] હે નૃપ ! જા તહિં તું,
કમંડલે આ જળ લે ભરી તું !
પેલું રહ્યું આશ્રમ દૂર સ્હામે,
માતાપિતા ત્યાં તરસ્યાં વિરામે ! ૨૮

"ક્ષમા જઈ યાચ, છિપાવ શોષ,
શમાવ તેનાં રુદનો સરોષ[3] !
અશક્ત ને અંધ હવે બિચારાં
માતાપિતા હાય અપુત્ર મ્હારાં ! ૨૯

(અનુષ્ટુપ્)

"તથાપિ તું જવા પૂર્વે, જરા જો નૃપ ! આ ઉરે !
કાઢી લે, કાઢી લે ત્હારૂં બાણ આ ખૂંચતું અરે ! ૩૦

---

૧. તું ગમે એટલું પ્રાયશ્ચિત હવે કરશે પણ આ શ્વાસ જે ઉડી જશે તેને તું અટકાવી શકનાર નથી. ૨. ઝડપથી. ૩. ક્રોધથી ભરેલાં.

"ગૃધ્ર[1] જેવું પડી મ્હારૂં યુવારક્ત[2] ચૂંસે અહિં :
કાઢી લે, કાઢી લે, રાય ! મરૂં કે શમતામહિં[3] !" ૩૧

(માલિની)

કરુણ[4] વચન સૂણી વેદનાપૂર એવાં,
દશરથ ઉર ચક્ષુ થાય છે દીન કેવાં !
નૃપતિ હૃદયથી તે બાણને કાઢી લે ત્યાં :
તરુણ હરિ પુકારી પ્રાણ મૂકી શમે ત્યાં ! ૩૨

(વસંતતિલકા)

અંધારના પ્રલયમાં વન તે તણાય,
સૌ વિશ્વ ઘોર ઘૂમતું ઘૂમતું જણાય,
નિસ્તેજ સૌ ગગનતારક ડોલી રૂહે છે :
ને વારિ[5] ત્યાં નૃપ કમંડલમાં ભરે છે. ૩૩

---

૧. ગીધપક્ષી. ૨. જુવાનીનું લોહી. ૩. શાંતિમાં. ૪. દયાજનક. ૫. પાણી.

અંધારના પ્રલયમાં વધુ તે તણાય,
ડૂબી જતી સકળ ત્યાંહિ દિશા જણાય:
અંધારમાં લથડતો ઉરઘોરભાવે[1]
ધીમેધીમે નૃપતિ આશ્રમ પાસ આવે! ૩૪

(મંદાક્રાંતા)

દીસે બેઠાં મૃતતરુણનાં[2] વૃદ્ધ માતાપિતા ત્યાં,
✓પાંખો તૂટ્યા સમ અબળ ને અંધ બન્ને હતાં ત્યાં;
ક્યારે લાવે સરવરથકી વારિ તો પુત્ર વ્હાલો,
વાત્સલ્યે[3] તે યુગલ અધીરું ત્યાં કરે એજ ખ્યાલો! ૩૫

ધીમે ધીમે વિકલ નૃપ ત્યાં ચાલતો ઉર ભારે,
✓આવી પાસે જળ યુગલને આપીને મૌન ધારે;
એવું દેખી મુખ અધીર ત્યાં અંધ તે તાત બોલે:
'શાને બેટા! અમ સમીપ તું આજ ના કાંઇ બોલે? ૩૬

---

૧. અણજાણપણે થઈ ગયેલી ઘાતથી હૈયાની ઘોર લાગણીઓ વચ્ચે. ૨. મરી ગયેલા જુવાનનાં. ૩. પુત્રભાવે.

'બાપુ ! મ્હારા પ્રિય શ્રવણુ ! તું ક્યાં હતો આ'વી વેળા ?
અંધારે આ વિજન[1] વનમાં હોય દુષ્ટો[2] વસેલા !
આ'વી ઊંડી ગૌચ રજનીમાં ઘૂમતો ક્યાં વિરાગી ?
ક્‌હેને શાને ઉદક ભરતાં આટલી વાર લાગી ? ૩૭

'કે એ ભૂલી, સરવરજળે ખેલતો ગાન રેલી ?
બાપુ ! બેઠી તુજ તરસતી માત આ વ્હાલઘેલી !
બેટા મ્હારા ! તુજ વિણુ અહિં સર્વ લાગે ઉદાસ,
મીઠા ત્હારા સ્વર ન સુણતાં રે વધે એમ પ્યાસ ! ૩૮

(અનુષ્ટુપ્)

'અંધની આંખ, ઓ વ્હાલા ! પ્રાણુ માતાપિતાતણા !
મૌન ધારે હજી શાને ? ધાર વૃદ્ધ પરે ઘૃણા[3] !' ૩૯

એવાં અંધપિતાકેરાં વચનો દીન[4] સાંભળી,
હૈયું નૃપતણું ર્‌હે છે અશ્રુથી ત્યાંય પીગળી. ૪૦

૧. એકાંત; મનુષ્ય વગરના. ૨. આ શબ્દથી દશરથનું હૃદય કેમ વિંધાયું હશે તે વિચારવા જેવું છે. ૩. દયા. Pity.
૪. નાચારીથી ભરેલાં.

કંપે છે ગાત્ર તો ઊંડાં, મુખ કાંઈ રૂંધાય છે ;
જેમ તેમ તથાપિ ત્યાં બોલવા નૃપ જાય છે : ૪૧

(ઉપજાતિ)

"અહો મહારાજ પવિત્ર ! આંહિ
રે રે નથી આ તમ પુત્ર કાંઈ !
તથાપિ ક્ષત્રી અજપુત્ર[1] ઊભો
આ છે અયોધ્યાપતિ દુઃખડૂબ્યો ! ૪૨

"અરે પિતા ! ના મુજ જીભ ચાલે !
ઊંડી વ્યથા[2] આ મુજ ઉર સાલે:[3]
આવ્યો ગૃહેથી મૃગયાથકી હું
ખરે થવા દૂષિત પાતકી હું ! ૪૩

"બેઠો હતો હું સરતીર[4] થાકી
અંધારમાં કો મૃગ માટ તાકી ;

---

૧. અજરાજાનો છોકરો. ૨. દુઃખ ; પીડા. ૩. ખૂંચે ; લાગે. ૪. સરોવરને કિનારે.

સરોવરે ત્યાં સ્વર કાંઇ આવ્યો,
મેં પ્રાણી જાણી શર ત્યાં ઉડાવ્યો. ૪૪

"અને સુણી રીડ ધસ્યો હું ત્યાંહિ,
દીઠો પડ્યો કોઇ તરુણ ત્યાંહિ
વિંધાઇ મ્હારા શરથી બિચારો !
રે ક્યાં સ્મરું તે દુ:ખના પુકારો ! ૪૫

"દુ:ખી દિલે તે ધ્રુજતા હ્રદેથી
મેં બાણને કાઢી લીધું ધીરેથી :
માતાપિતા કાજ મને કહેતો
ગયો બિચારો જગ છોડી એ તો ! ૪૬

"જોઓ પિતા ! આ તમ પુત્રકેરો
અજ્ઞાત હું ઘાતક પાપઘેર્યો ! —
અરે હવે આ જળ તાત ! લ્યોને !
પાળીશ હું પુત્ર થઈ તમોને ! ૪૭

(અનુષ્ટુપ્)

"ક્ષમા તાત! ક્ષમા માત! અજ્ઞાત મુજ કર્મને!
કિંવા પ્રાયશ્ચિતે મ્હારા ધોઈ નાખું અધર્મને!" ૪૮

(વસંતતિલકા)

જોતો નીચે નૃપતિ ત્યાં નિજ શીર્ષ ઝૂકે,
કંપાવતો વિપિન[1] તીક્ષ્ણ સમીર[2] ફૂંકે;
કંપી ઊંડા તિમિરમાં સહુ વૃક્ષ રૂહે છે,
ને શુષ્ક[3] પાન તરુનાં ગગડી ઉડે છે; ૪૯

કંપી રહે વિમલ આશ્રમ સૌ દિશામાં,
અંધાર ઘોર પણ કંપી રહે નિશામાં![4]
ને વિશ્વશોરથકી દૂર રહેલ જંપી
તે વૃદ્ધ અંધ પતિપત્ની રહે જ કંપી! ૫૦

---

૧. વન; જંગલ. ૨. પવન. ૩. સૂકાં. ૪. જાણે રાત્રિમાં ઘોર અંધારું પણ કંપી રહે છે.

(અનુષ્ટુપ્)

અસહ્ય વેદનામાં તે પડે અંધ દુઃખીજન :
અંધારે વાયુમાં કંપે નૃપ, આશ્રમ ને વન. ૫૧

(મંદાક્રાંતા)

ધીમે લાવે નૃપ સરવરે, ઘોર તે શોકસ્થાને,
દુર્ભાગી તે મૃતતરુણનાં અંધ માતાપિતાને ;
દુઃખી માતા શીતલ શબ તે પુત્રનું લે ઉછંગ[1],
ને ત્યાં બેસે ઉરતિમિરમાં[2] દંપતી આશભંગ. ૫૨

બેટાકેરા ગુણ ગણી ગણી આંસુના ધોધ પાડે,
ઘેલાં જેવાં સરવરતીરે ઘોર આક્રંદ માંડે ;
ઊભો ઊભો નૃપતિ નિરખે આંખમાં અશ્રુ લાવી,
ઊંડી રાતે રુદનપડઘા શાંતિ નાખે હલાવી ! ૫૩

---

૧. ખોળામાં. ૨. અંધારું તો હતું જ પણ હવે આશાભંગ થવાને લીધે હૈયામાં પણ અંધારું જ થઇ ગયું હતું.

(અનુષ્ટુપ્)

કરે દાહક્રિયા વ્હાલા પુત્રની ત્યાં ચિતા રચી;
ગુંગળાતો મહાશોકે કહે અંધપિતા પછી: ૫૪

(દ્રુતવિલંબિત)

"નૃપતિ હે! અમ સ્વપ્ન પૂરૂં થયું![1]
જગતમાં અમ કાજ ન કૈં રહ્યું!
પ્રિય સુપુત્ર મુઓ તુજ હાથ આ,
અરર! અંધ થયાં જ અનાથ આ! ૫૫

"શ્રવણ શું નહિ પુત્ર હવે મળે,
અબળ માતપિતા દુઃખમાં જળે:
જીવન આ અમ ઘોર દિસે વૃથા,[2]
અકથ[3] પુત્રવિયોગતણી વ્યથા! ૫૬

---

૧ આંધળાં હતાં એટલે સ્વપ્ન જ જોતાં હતાં તે સ્વપ્ન પણ હવે પૂરૂં થયું! ૨. ફોકટનું. ૩. કહી ના શકાય એવી.

"રજની આ થઇ અંધ હવે ખરે,
હૃદયતારક ડૂબી ગયો અરે![1]
અનિલ[2] ઘોર બધા વનમાં ઘૂમે:
અરર! જીવન આ અમ આથમે! ૫૭

(અનુષ્ટુપ્)

"રે આ માતાપિતા આજે મરે છે પુત્રશોકમાં:
પ્રાણ ત્હારા જજો રાય! વ્હાલા પુત્રવિયોગમાં!" ૫૮

સુણતો નૃપ એ શાપ, કંપતો સ્તબ્ધ ત્યાં દિસે:
ઝંપલાવી પડે ત્યાં તો દંપતી તે ચિતા વિશે! ૫૯

(વસંતતિલકા)

ભારે ચિતા ભડભડી વનમાં બળે છે,
માતાપિતાસુતતણાં શબ ત્યાં જળે છે;

---

૧. અંધ હોવાથી સદાની રાત્રિ જ હતી પણ પુત્રરૂપ તારા હોવાથી કાંઇક અંતરનો પ્રકાશ હતો, પણ હવે તે તારા પણ ડૂબી ગયા એટલે રાત્રિ હવે ખરેખરી અંધ થઇ! ૨. પવન.

અંધારમાં ગગનમાં ભડકા ભળે છે,
ને શાપના નૃપઉરે ભણકા ઢળે છે! ૬૦

એ શાપમાં નૃપતિ ઘોર અભાગ્ય જોય,
એ શાપમાં જ નિરખે નિજ શ્રેય[1] તોય:
જોતો જ એ સુખવિમિશ્ર ભવિષ્ય ઊભો
કૈં શોકમોદમહિં[2] ત્યાં નૃપ એમ ડૂબ્યો! ૬૧

(અનુષ્ટુપ્)

શમે અંધારમાં જ્વાળા, શાંતિ પાછી ઠરે તહિં:
ક્ષિતિજે ચંદ્રની છાયા ઝાંખી ઝાંખી ઉગે કંઈ.† ૬૨

---

૧. ભલું; હિત; લાભ; શુભ ફળ. ૨. પુત્રના વિયોગમાં પ્રાણ જશે તેના શોકમાં, પણ પુત્ર તો થશે જ તેના આનંદમાં. † ઉપર ૧૩ મી કડીની નોટમાં જણાવેલું પુત્રની આશા ફળીભૂત થવાનું બીજ અહિં સુદૃઢ થાય છે.

બંસરી

(૫૬)

દૂર દૂર બજાવે કોઈ બંસરી,
  વનવન ઝીલે સૂરધાર :
    દૂર દૂર બજાવે કોઈ બંસરી.

ઉર ઉર જગાવે કોઈ બંસરી,
  જનજન ઝીલે ઉરધાર :
    દૂર દૂર બજાવે કોઈ બંસરી.

રસરસ રેલાવે કોઈ બંસરી,
  ઘનઘન[1] ઝરે જલધાર :
    દૂર દૂર બજાવે કોઈ બંસરી.

નસનસ નચાવે કોઈ બંસરી,
  તનમન ભરે કલધાર[2] :
    દૂર દૂર બજાવે કોઈ બંસરી.

---

૧. મેઘ; વાદળ. ૨. કોમલ મધુરા ગાનની ધારા.

ડગમગ ડોલાવે કોઈ બંસરી,
થનગન રમે નવધાર[૧]:
દૂર દૂર બજાવે કોઈ બંસરી,

જગજગ ઝૂલાવે કોઈ બંસરી,
ધનધન ઝમે રવધાર[૨]:
દૂર દૂર બજાવે કોઈ બંસરી.

સૂર સૂર સમાવો કોઈ બંસરી,
વનવન ઝીલો સૂરધાર!
દૂર દૂર બજાવે કોઈ બંસરી.

ઉર ઉર જગાવો કોઈ બંસરી,
જનજન ઝીલો ઉરધાર!
દૂર દૂર બજાવે કોઈ બંસરી!

૧. નવી નવી ધારા. ૨. સ્વર—અવાજની ધારા.

વિયોગ*

(રાગ મ્હાડ)

નાથ પધારો આજ !
        મોંઘા મ્હારા નાથ પધારો આજ !
દૂર વસો શિદ રાજ ?
        મોંઘા મ્હારા નાથ પધારો આજ !–

ડગમગ કરતા ડુંગર ડોલે,
        ડોલે સાગરનીર ;
ગગને નવલખ તારક ડોલે,
        ડોલે અંતરધીર !–
            મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૧

---

* આત્મા પરમાત્માનો વિયોગ એ આ કાવ્યનો વ્યંગ્ય ભાવ છે.

હૈડે રાખી પ્રેમહિંડોળે
ખૂબ લડાવ્યાં લાડ :
ઊંડા અરણ્યમાં[૧] મૂકી રવડતી,
રાખો હવે શિદ આડ ?–
મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૨

સરસરતો કંઇ મેહુલો વરસે,
વરસે અંધારૂં ઘોર :
દિનદિન નવદુખડાં વરસે ત્યાં
અબળાનું શું જોર ?—
મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૩

જુગના જુગ જતા કંઇ લાગે,
ગણતાં નાવે પાર !
કાળા કાળ વિશે પડી કંથથી
છૂટી અભાગી નાર !–
મોંઘા મ્હારા નાથ પધારો આજ !૪

૧. જંગલમાં.

રંગમ્હેલે રસરાસ રમાડી
    પાયાં અમૃત અમોલ:
તરછોડેલી નાર તે તરસે
    સુણવા હવે એક બોલ!–
        મોંઘા મ્હારા નાથ પધારો આજ! ૫

જડ આ જગતની શ્યામ[1] ઘટામાં
    ધુંધવે ઘોર સમીર[2]:
નાર અનાથ એકાંત વહાવે
    નયને અનહદ નીર!–
        મોંઘા મ્હારા નાથ પધારો આજ! ૬

ઘન[3] ગાજે ને વીજ ઝબૂકે,
    બોલે દાદુર[4] મોર;
કંથ વિના મુજ થરથર કંપે
    કાલજડાની કોર!–
        મોંઘા મ્હારા નાથ પધારો આજ! ૭

---

૧. કાળી. ૨. પવન. ૩. વાદળાં. ૪. દેડકા.

ઝગમગતાં સહુ રત્નને શું કરું ?
શું કરું સોળ શણગાર ?
સ્વામી વિના મને એ સહુ લાગે
ધગધગતા અંગાર ! —
મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૮

લોક કહે કે જપતપ કીધે
વ્હાલો મળે સાક્ષાત્ :
હું દુખીએ વ્રત ક્રોડ કીધાં પણ
વ્હાલાની ક્યાં વાત ? —
મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૯

વનવનમાં મુજ વ્હાલમ શોધું,
શોધું સકળ સંસાર :
પ્રેમઘેલી બની પ્રીતમ ! પ્રીતમ !
ઝંખું અધીરી નાર ! —
મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૧૦

ધાડાં વાદળ જોઉં ઉપર ઊભાં,
    નીચે ધરા પાતાળ;
ઊનું[1] અરણ્ય ચોપાસ વીંટે ત્યાં
    કોણુ જ લે સંભાળ?—
        મોંઘા મ્હારા નાથ પધારો આજ! ૧૧

આવો, આવો, વ્હાલમ! આવો,
    દઈયે આલિંગન ઉર:
વિયોગની વાતલડી, વ્હાલા!
    કરશું પછી ભરપૂર!—
        મોંઘા મ્હારા નાથ પધારો આજ! ૧૨

તારક ક્રોડ ભલે ચમકે પણ
    રજની ચહે શશિરાજ[2]:
ભર્યું ભર્યું બ્રહ્માંડ આ ખાલી
    લાગે વિના શિરતાજ!—
        મોંઘા મ્હારા નાથ પધારો આજ! ૧૩

---

૧. ગરમ: ધગધગતું. ૨. ચંદ્ર.

વ્હાલા ! શું અબળા તરછોડી,
કઠણ થયા ઉર ક્રૂર ?
એક વેળા ભગવાન ! મળો તો
કદી ન જવા દઉં દૂર ! —
મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૧૪

ધગધગતા જગસાગરતીરે
ઊભી આશાભર સ્યામ !
આવો, ઊંડે ઉર અવિચળ આપો
વિરહિણીને વિશ્રામ ! —
મોંઘા મ્હારા નાથ પધારો આજ ! ૧૫

સમુદ્રકિનારે

(ધ્વનિત)

મધુરૂં, મધુરૂં જ સમુદ્રકિનાર ફરી
ગીત કૈં લવવું પગલાં ગણતાં ગણતાં;
કંઇ તાલ દિયે નિધિ[1] તે સુણતાં સુણતાં
નિજ અંતરમાં ડૂબવું અતિ ઊંડું ઠરી;

નવચક્ષુ[2] વિશે નવચેતન[3] ત્યાંહિં ભરી,
કંઇ જાગ્રતસ્વપ્ન વિચિત્ર ઉરે વણતાં,
નવસૃષ્ટિતણા બુરજો ચણતાં ચણતાં
ભૂલવું તટ[4], સાગર ને નિજને ય જરી !

---

૧. સમુદ્ર. ૨. પોતાનાજ અંતરમાં ડૂબવાથી—લીન થવાથી—ઉઘડતી નવી સૂક્ષ્મ આંખ. ૩. નવી લાગણી; નવુંજ જ્ઞાન. ૪. કિનારો.

પળ દિવ્ય મૉંઘી ! ન ઘડી ઘડૉ એ મળશે ! —
દર રેતીતણા કણમાં જ. નૂતન[૧] કો
નિજ નિત્યવસંતવિલાસ[૨] વિશે રમતી

તહિં અંતરનેન[૩] સમીપ ઊંડી ઝળશે;—
મધુરો નિધિવાદ્યતણો[૪] સુણતાં રણકો
પળ શી હરશે ઉરઝાળ[૫] તહિં શમતી[૬]!

---

૧. નવીન. ૨. અમર લીલાના વિલાસ. એ નવી દુનિયામાં સદા વસંત જ રહેતી હોવાથી ત્યાંનાં વિલાસ અને લીલા અમર છે. ૩. હૈયાની આંખ. ૪. સમુદ્રના વાજિંત્રનો. ૫. હૃદયની અનેક ઉપાધિરૂપી ઝાળ. ૬. હોલાતી; શાંત પડતી.

યૌવન

(ધ્વનિત)

મધુયૌવન[1] ! શી તુજમાં ભરી સુંદરતા !
કશી ઉદ્ધતતા, કશી હિંમત, ગર્વ કશો !
તુજ સ્નેહસુરાજ્ય પરે મધુરો હક શો !
મનરંગ સ્વતંત્રજળે તુજ શા તરતા !

તુજ લાખ વિલાસ ફૂલો શું લીલા કરતા
ન ગણે કંઈ હેઠ રહ્યો તહિં કંટક શો ;*
ચિતર્યો પ્રિય તેં તુજ આશતણો નકશો
ભરી નિર્ભય કૈંક મનસ્વી[2] મનોહરતા ! †

---

૧. યૌવનનો વસંત : ભરજુવાની : ભરજોબન.

* જુવાની અનેક વિલાસ–મોજ–અણવિચારે કરે છે ત્યારે તેની પાછળ રહેલા દુઃખરૂપ કાંટાને તે ગણકારતી નથી. ૨. સ્વચ્છંદી ; મનમાં આવે તેમ વર્તનાર. † જુવાનીની અનેક આશા મનોહરતાથી જ ભરેલી હોય છે પણ તેમ તે નિર્ભય અને સ્વચ્છંદી પણ હોય છે.

વીર યૌવન! મીઠું રસીલું, મહાન થજે!
તુજ રંગ ગુલાબી જરા[1] ઝડપેજ કદી,
પણ મૂળ જરાતરુનું[2] તુજ ભૂમિ વસે, ‡

રસ ત્યાં તુજ શૌર્યમીઠો ભરવા મથજે!—
સહુ કંટક તોડીજ, યૌવન! નાખ છુંદી,
પછી જો તું જરાપર શાં કુસુમોજ હસે! §

---

૧. વૃદ્ધાવસ્થા; ઘડપણ. ૨. ઘડપણના ઝાડનું.
‡ ઘડપણનું મૂળ જુવાનીની ભૂમિમાં રહેલું છે માટે જુવાનીના ગુણદોષ પ્રમાણે સારૂં માઠું ઘડપણ બંધાશે. § સંસારવૃક્ષ ઉપર અનેક સુખરૂપ સુંદર ફૂલો ઉગેલાં છે પણ તેમજ અનેક મોહ—માયારૂપ દુઃખમય કાંટા પણ તેને વળગેલા છે; જુવાની જો એ કાંટાને તોડીને છુંદી નાંખે તો ઘડપણ માટે માત્ર સુંદર ફૂલોજ પછી રહે! ઘડપણને પછી એ કાંટાનો ભય કે તેનું કશું દુઃખ નથી.

આંસુડાં

(ખંડહરિગીત)

૧

આંસુડાં !

એ આંસુડાં !

એ હૃદય ઝરતાં આંસુડાં !

એ હૃદયના નિર્મળ રુધિરનાં[1] આંસુડાં !

નભવારિ[2] જેવાં હૃદયનીરનાં આંસુડાં !

ઉતરો ! ઝરો ! મનુવિશ્વમાં વૃષ્ટિ વિમલ વરસાવજો !

તાપે તપ્યાં સંસારહૈયાં શાંતિમાં ઠલવાવજો !

૨

આંસુડાં !

એ આંસુડાં !

શાને વહો એ આંસુડાં ?

રસિક એવાં

કુસુમ[3] જેવાં

---

૧. લોહીનાં. ૨. આકાશનું પાણી; વરસાદ. ૩. ફૂલ.

શું ચહો એ આંસુડાં?
યાચક[૧] સમાં શું આવી યાચો[૨] આંસુડાં?
શિદ ચક્ષુદ્વારે[૩] આવી નાચો આંસુડાં?
અણચિંતવ્યા[૪] અતિથિ[૫] શું આવી શિદ ઊભાં રહો આંખમાં?
બોલો! હૃદય ખોલો! લીધી મનુસૃષ્ટિને શિદ પાંખમાં!

૩

આંસુડાં!
એ આંસુડાં!
ગંભીર છૂપાં આંસુડાં!
રજની વિશે ખૂણે ટપકતાં આંસુડાં!
ઉરહાયહડસેલે[૬] થડકતાં આંસુડાં!
વંટોળ જેવાં આવીને મૂગાં વરસતાં આંસુડાં!
અંધારમાં,
ઘનભારમાં,[૭]
નહિ એક ઉડુ[૮] ચમકારમાં,

---

૧. માગણ; ભિક્ષુક. ૨. માગો. ૩. આંખને બારણે. ૪. ઓચિંતા; અણધારેલા. ૫. પરોણા. ૬. હૈયાની હાયના હડસેલાથી. ૭. વાદળના ભારમાં; અનેક દુઃખના ભારમાં. ૮. તારો; આશાના કિરણરૂપી તારો.

ત્યાં ભૂમિને સિંચતાં વિલસતાં આંસુડાં !
ઉછળો ! પડો નીચે ! અહો, ઉરસિન્ધુને[1] ખાલી કરો !
ક્યાં એ વિજય? ક્યાં એ શમન[2]? ક્યાં ઉચ્ચ એ રસનો ઝરો ?!

૪

આંસુડાં !
ઓ આંસુડાં !
મૃદુ[3] પ્રેમમધુરાં[4] આંસુડાં !
સંદેશ ઉરના લાવતાં પ્રિય આંસુડાં !
કંઈ ગૂઢ મૂર્તિ જણાવતાં પ્રિય આંસુડાં !
અબળાતણી આંખે વસી સબળા કરંતાં આંસુડાં !
બિન્દુ એકે
સિન્ધુ શું એ
બળ ભરંતાં આંસુડાં ![5]
આવો ! કથા ઊંડી તમારી સ્નેહથી સૂણાવજો !
ઊંડા હૃદયના ગુહ્ય રસને પીગળી પીગળાવજો !

---

૧. હૈયાના સમુદ્રને. ૨. સાંત્વન; શાંતિ. ૩. કોમળ.
૪. Love-Sweet. ૫. (આંસુના) એક ટીપામાં આખા સમુદ્રનું બળ ભરતાં આંસુડાં.

૫

આંસુડાં !
એ આંસુડાં !
દૈવી પવિત્ર જ આંસુડાં !
પાપી હૃદયનાં દુઃખભેરાં આંસુડાં !
એ સત્ય પશ્ચાત્તાપકેરાં આંસુડાં !
નભ ઘેરીને,
તમ[1] વેરીને,
પછી અભ્ર[2] શું ખંખેરીને,
ઉરનભ વિમલ કરતાં અનેરાં આંસુડાં !
વરસો ! પ્રભુને દ્વાર એ શુચિ[3] સરલતા અંકાવજો !
તમ દિવ્ય પડદા પાછળે રહ્યું સ્વર્ગ પેલું બતાવજો !

૬

આંસુડાં !
એ આંસુડાં !
હસતાં પ્રભાભર[4] આંસુડાં !

---

૧. અંધારૂં. ૨. વાદળ. વાદળમાંથી પડતો (આંસુરૂપી) વરસાદ. ૩. શુદ્ધ; પવિત્ર. ૪. તેજસ્વી.

આનંદરેલે પૂર વ્હેતાં આંસુડાં !
સુખધૂનની પરિસીમ ક્હેતાં આંસુડાં !
ભરપૂર સરિતા[1] શું નીરવ[2] વેગે ધસંતાં આંસુડાં !
રીઝતાં
મુખ ભિંજતાં
પુષ્પ વેરાઈ જતાં,
ચંદા શું ચળકંતાં હસંતાં આંસુડાં !
વેગે વહો ! ઊંડા વસ્યા આનંદને વિલસાવજો !
પળવાર માનવહૃદયને તમ સાથ ધન્ય હસાવજો !

૭

આંસુડાં !
ઓ આંસુડાં !
ઉરહોજ ઝરતાં આંસુડાં !
નિર્દોષ બાલકનેનમાંનાં આંસુડાં !
વર્ષો પછી વ્હાલું મળ્યાનાં આંસુડાં !
ઓ પુણ્યભૂમિ સિંચીને ફલદૂપ કરતાં આંસુડાં !

---

૧. નદી. ૨. અવાજ વગરના.

પ્રભુપ્રેમમાં,
જગક્ષેમમાં[1],
કંઇ દિવ્ય ઊંડી નેમમાં,
જપમાળ જેવાં આંખ ફરતાં આંસુડાં!
એ હૃદયહિમ પીગળાવીં સરતાં આંસુડાં!
આવો! અહિં મનુસૃષ્ટિમાં તમ વૃષ્ટિથી કંઇ નૂર છે!
એ ચક્ષુનાં મણિમોતિડાં! શું સ્વર્ગ તમથી દૂર છે?

૧. દુનિયાનું ભલું ઇચ્છવામાં અને કરવામાં.

નભગંગા

(મિશ્રશિખરિણી)*

૧

આવો રસિકડાં !
પરમ રસ લાવો રસિકડાં !
અંધારૂં[1] આ જગતમહિં રેલે ધુઘવતું,
તારાનું[2] ત્યાં મહિં મહિં દીપે તેજ ઝલતું :
તથાપિ જો કેવાં,
ઊંડી ભ્રાંતિ જેવાં,
બહુરંગી અભ્રો[3] ઘડી ઘડી ચઢી વ્યોમ[4] ભરી દે,
અને વચ્ચે વ્હેતી વિમલ નભગંગા[5] છુપવી લે !

---

* શિખરિણી છંદના તેમાં સમાયેલા તાલને અનુસરી જૂદા જૂદા વિભાગ કરી આ “મિશ્રશિખરિણી” છંદ બનાવ્યો છે.

૧. દુઃખરૂપી અંધારૂં. ૨. સુખરૂપી તારાનું. ૩. વાદળાં. ૪. આકાશ. ૫. સ્વર્ગગંગા; the Milky Way.

૨

ગાઓ રસિકડાં!
સુરગીત[1] સુણાવો રસિકડાં!
તોફાને આ જીવનવન ડોલે કદિ બધું,
ફૂંફાડે જો અનિલ[2] ધુધવે ત્યાં વળી વધુ;
કડેડાટો સાથે
પડે વૃક્ષો માથે,
અને સિન્ધુ ઘોરે બધિર[3] કરતો જો જગતને,
તથાપિ સૂણીશું અમરગીત એ ઉરસદને[4]!

૩

તારો રસિકડાં!
હૃદય દીન દારો રસિકડાં!
ઊભી પાસે મધુર વદતી સુંદરી હસે,
દોડી બાઝી પૂંઠળ તહિં કો રાક્ષસી ગ્રસે:
સ્થિતિ કાંઈ એવી,
બની સંધ્યા જેવી,
પ્રભા અંધારામાં સતત જગમાં રે વહી જશે;
પરંતુ ઊષા[5] તે પરમ ઉરવ્યોમે ચળકશે!

---

૧. અમરગીત. ૨. પવન. ૩. બ્હેરૂં. ૪. હૈયાના ઘરમાં.
૫. પ્રભાત. Dawn.

૪

સ્હાજો રસિકડાં !

નયન અમીં આંજો રસિકડાં !

આંખે ઘેરાં પડળ કંઇ લાખો ફરી વળે,

નાનારંગી વિવિધ પૂતળાં[1] કૈં પથ[2] મળે,

અને નાચી નાચી,

પ્રીતિ દંભે[3] યાચી[4],

ગુફા કો ઊંડીમાં લઇ જઇ પછાડે હૃદયને;

અમી આંજો વ્હાલાં ! પથ પ્રકટશે દિવ્ય નયને!

૫

ચાલો રસિકડાં !

દીપકમણિ[5] ઝાલો રસિકડાં !

ગૂંથાઇને ઘન ઘુરકતા પર્વત ઊભા,

ઊંડી ઝાડી યમ શીં ગુંચવીને પગ ડૂબ્યા :

ઝરો મીઠો પેલો

રહે છૂપાયેલો

ઘટા પ્હાડો વચ્ચે વિમલ પ્રીતિ શ્રદ્ધા સમ ઊંડો ; –

પ્રકાશી દેશે ત્યાં દીપકમણિ એ ઉજ્જવલ ફૂડો !

---

૧. માયારૂપી પૂતળાં. ૨. રસ્તામાં. ૩. પ્રપંચથી; ઢોંગથી; પાખંડથી. ૪. માગી. ૫. દીવારૂપી મણિ.

૬

આવો રસિકડાં!

પરમ રસ પાવો રસિકડાં!

ઊંડું ઘેરૂં તિમિર[1] ભર રેલી વહીં જશે:

અભ્રો પેલાં પણ ખસીં જશે, વ્યોમ ખુલશે:

અને પેલી મીઠી,

ઉરસ્વપ્ને દીઠી,

પછી સદ્‌ભક્તિ શી વિમલ નભગંગા પ્રકટશે!

અહો વ્હાલાં! ત્યારે પરમ શુચિ[2] તે જ્યોતિ મળશે!*

---

૧. અંધારૂં. ૨. પવિત્ર.

* આ કાવ્યમાં પરમ પવિત્ર જ્યોતિ **પરમાત્માને** મળવાનો ખરો માર્ગ દેખાડ્યો છે. આકાશમાં નિર્મળ રાત્રિયે મધ્યમાં જે સફેદ પાટા જેવો પ્રકાશ દેખાય છે તે નભગંગા (Milky Way) ને તે પંથ અહિં કલ્પ્યો છે. આ દુનિયામાં દુઃખરૂપ અંધારૂં ઘણું છે અને સુખનાં તો મહિં મહિં તારારૂપ બિંદુઓ જ છે. એ અંધારૂં અને તારાની મધ્યમાં જ ઈશ્વરને મેળવવાનો માર્ગ આવેલો છે, પરંતુ ઘડી ઘડી મનુષ્યના અંતરરૂપ આકાશમાં ભ્રાંતિ (Doubt) નાં વાદળાં ચઢી આવી તે માર્ગને ઢાંકી નાખે છે, અને તેથી મનુષ્ય પાછો ઘોર અંધકારમાં પડી જાય છે અને તેને કાંઈ સૂઝતું નથી. **પરમાત્મા** પ્રતિ નિર્મળ પ્રીતિ અને શ્રદ્ધા (Faith) જો તે સદા અચળ રાખશે તો ભલે દુઃખરૂપ અંધારૂં ઘણું રેલશે તોપણ પેલાં ભ્રાંતિરૂપ વાદળાં ખસી જતાં અંતરાકાશ ખુલી જશે અને તેમ થતાં પેલી નભગંગા પ્રકાશી રહેશે. એ નભગંગાને અહિં સદ્‌ભકિત-રૂપ કલ્પેલી છે. નિર્મળ પ્રીતિ, અચળ શ્રદ્ધા અને સદ્‌ભકિત જ **પરમા**-ત્માને મળવાનો ખરો માર્ગ છે એ આ કાવ્યનો ધ્વનિત વિષય છે.

ગુણવંતી ગુજરાત*

(મ્હાડ—ગરબી)

ગુણવંતી ગુજરાત !
અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત !
અમારી ગુણવંતી ગુજરાત !—

મોંઘેરા તુજ મણિમંડપમાં
ઝૂકી રહ્યાં અમ શીશ :
માત મીઠી ! તુજ ચરણ પડીને
માગિયે શુભ આશિષ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૧

મીઠી મનોહર વાડી આ ત્હારી
નંદનવન[1] શી અમોલ :
રસફુલડાં વીણતાં વીણતાં ત્યાં
કરિયે નિત્ય કલ્લોલ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૨

---

* સને ૧૯૦૭ ના સપ્ટેમ્બર માસમાં મુંબઈમાં મળેલી 'બીજી સાહિત્ય પરિષદ્'માં ગવાયેલું ગીત. ૧. ઇંદ્રનો બાગ.

સંત મહંત અનંત વીરોની
વ્હાલી અમારી માત!
જય જય કરવા ત્હારી જગતમાં
અર્પણ કરિયે જાત!—
અમારી ગુણવંતી ગુજરાત! ૩

ઊંડા ઘોર અરણ્ય[1] વિશે કે
સુંદર ઉપવનમાંય[2]:
દેશવિદેશ અહોનિશ અંતર
એક જ ત્હારી છાંય!—
અમારી ગુણવંતી ગુજરાત! ૪

સર[3] સરિતા[4] રસભર અમીઝરણાં,
રત્નાકર ભરપૂર:
પુણ્યભૂમિ ફળફૂલ ઝઝૂમી,
માત! રમે અમ ઉર!—
અમારી ગુણવંતી ગુજરાત! ૫

---

૧. જંગલ. ૨. ઉપવન=બાગ; બગીચો. ૩. સરોવર.
૪. નદી.

હિન્દુ, મુસલમિન, પારસી,–સર્વે
માત ! અમે તુજ બાળ :
અંગ ઉમંગ ભરી નવરંગે
કરિયે સેવા સહુ કાળ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૬

ઉર પ્રભાત સમાં અજવાળી
ટાળી દે અંધાર !
એકસ્વરે સહુ ગગન ગજવતો
કરિયે જયજયકાર !–
અમારી ગુણવંતી ગુજરાત !—

નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત ! ૭

વડોદરાના કેળવણીખાતામાં ઇનામ તથા
લાઇબ્રેરી માટે મંજુર થએલાં

ગુજરાતી કવિતાઓનાં સુંદર પુસ્તકો

કાવ્ય રસિકા

(કિંમત રૂ ૧-૮-૦)

તથા

વિલાસિકા

(કિંમત રૂ ૧-૮-૦)

રચનાર

અરદેશર ફરામજી ખબરદાર

સોલ એજન્ટ્સ

ટી. ડી. અંકલેસરીઆ સન્સ

ફોર્ટ પ્રિંટિંગ પ્રેસ

નંબર ૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ

મુંબઇ